
લોકેશ્વર

જગતનાં દુઃખોમાંથી મુક્તિ મેળવી નિર્વાણ પ્રાપ્ત કરવામાં માનવીને સહાયભૂત થનાર બોધિસત્વ, કંબોજી પ્રજામાં 'લોકેશ્વર' નામથી આરાધ્ય છે. આ મૂર્તિનાં નિમીલિત નેત્રો અને મુદામય ઓષ્ટમાં વિલસી રહેલી પરમ કરુણા અને પ્રસન્ન શાન્તિના ભાવનું આલેખન એ કંબોજી કલાકારનો વિજય છે.



કુમાર

આવતી કાલનાં નાગરિકોનું આજનું માસિક · ડિસેમ્બર ૧૯૬૦ · સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઇ રાવત

અંક ૪૪૪

સાંકળિયું

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ શ્રી વલ્લભદાસ અક્કડનો લેખ વાંચી બંગભંગ, સ્વદેશી અને અમદાવાદ તથા સૂરતની કૉંગ્રેસ, એ બધાં સંસ્મરણો તાજાં થયાં. સ્વ. પંડયાજીની પ્રવૃત્તિનો ઉલ્લેખ પણ જોયો. લૉર્ડ મિન્ટો ઉપર અમદાવાદમાં અનાથ-આશ્રમની સામેના મેદાનમાં ઊભા રહી બૉમ્બ ફેંકનાર સ્વ. પંડયાજી ત્યાંથી છૂપી રીતે ચાલ્યા જઈ બરાબર છ માસ કાઠિયાવાડમા ગુપ્ત રહ્યા. ગુપ્તવાસમાં ખાતરી થઈ કે હવે વાદળ વેરાઈ ગયું છે એટલે ઘેર–કઠલાલ આવ્યા. પણ વડોદરાથી છૂપી રીતે ભાગેલા અને પાછળથી ઘેર આવ્યા, એટલે કઠલાલમાં તેમની બધી પ્રવૃતિ—હિલચાલ, જવર-અવર–બધાની તપાસ માટે ખેડા જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટે બે પોલીસ મૂકયા. આ પોલીસોને રહેવાની ખૂબ અગવડ વેઠવી પડતી, તેથી ૧૯૧૩માં અહીં પોલીસ થાણાની સ્થાપના કરવામાં આવી. સ્વ. પંડયાજીનો પ્રથમ પરિચય મને ૧૯૧૪માં થયો, ને ત્યાર પછીનો જીવન-વ્યવહાર આમનસામન ઓતપ્રોત થયો.

(કઠલાલ) —શંકરલાલ દ્વા. પરીખ

ચંપકલાલ બાદશાહની પગની એડીમાંના દુખાવા વિષે: મને ચાર વર્ષ પર ડાબા પગની એડીમાં સખ્ત દુખાવો ઊપડેલો. ઘણાએ તો કહેલું કે વૃદ્ધાવસ્થામાં હવે એ ન મટે. એટલામાં મારા મિત્ર ડૉ. વોરા (એમ.એસ., મૉડર્ન ક્લિનિક: સૅન્ડહર્સ્ટ રોડ: મુંબઇ)એ એ જોયું અને માત્ર ત્રણ ઇન્જેકશનમાં એ મટાડી દીધું. વૃદ્ધ હોવાને કારણે મારે ત્રણની જરૂર પડી, બાકી તો બેમાં જ પતત. ચાર વર્ષથી હજી દર્દ પાછું થયું નથી.

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

નવેમ્બર માસના અંકમાં માધુકરી વિભાગમાં શ્રી હીરાલાલ અમૃતલાલ શાહના અવસાનની નોંધ વાંચી શોક થયો. સદ્‌ગતને ૧૯૫૮ના મે મહિનામાં મળવાનું પ્રાપ્ત થયું હતું. 'કુમાર'ના પહેલેથી માંડીને તે આજ લગીના અંકોની સિલસિલાબંધ ફાઇલ એમને ત્યાં મળે તેમ હોઇને હું એમને રૂબરૂ મળવા ગયો ત્યારે એમણે ઘણી હોંશ ને ઉલટપૂર્વક મને આવકારેલો. જરૂરી સાહિત્ય આપેલું ને આકાશમાં ચાલતી તારાગણની નાનાવિધ દેવી લીલા વિષે આકૃતિઓ દોરીને એ અગમ-નિગમની પ્રક્રિયાની કંઈક ઝાંખી પણ કરાવેલી. એમનો એ વિષયમાં અત્યંત ઊંડો રસ. કહેતાં-કહેતાં ભાવાવેશમાં એમનો સાદ ગળગળો થઈ ગએલો અને એ અદ્‌ભુત સૃષ્ટિનાં અવનવાં રહસ્યોનું બયાન કરતાં એમની આંખેથી આનંદાશ્રુની ધારા વહેલી. તે વેળાની એમની મુખાકૃતિ હજી ભૂલી શકયો નથી. બીજી અનેક વાતો થઈ હતી. બર્નાર્ડ શૉ ભારત આવેલા ત્યારે મુંબઇમાં પાયધુની પાસેનાં જૈનદેરાસર જોવા એમને લઈ જવામાં આવ્યા હતા. એ કાર્યક્રમની રસિક વાત કહી હતી એનું મને સ્પષ્ટ સ્મરણ છે. એ વિષે એમણે એક પત્રિકા પણ મને આપી હતી.

થોડા દિવસો પૂર્વે જ ફરી એમને ત્યાં જઈ જૂના 'કુમાર'ના અંકો ઉથલાવવા વિચારતો હતો ત્યાં તો અવસાનલેખ વાંચવામાં આવ્યો! સદ્‌ગત જોડે આકાશી ગ્રહો, તારા આદિ વિષે રસ ધરાવનાર એક મિત્રનો પરિચય પણ કરાવવો હતો, પણ એ તો અવકાશના એ અદ્‌ભુત રંગમંચ પર ભજવાતા તારાગણના અલૌકિક નાટકોની લીલાનું કાવ્ય માણવા આ સૃષ્ટિ ત્યજી ગયા! એમના આત્માને શાંતિ હો.

(મુંબાઇ) —સુનીલ કોઠારી

'કુમાર'માં અનેક વખત 'લાઇફ', 'ટાઈમ', 'રીડર્સ ડાઇજેસ્ટ' જેવાં અંગ્રેજી સામયિકોનો ઉલ્લેખ થાય છે એથી ઘણા વાચકો એ વાંચવા-જોવા જરૂર પ્રેરાતા હશે. આ દૃષ્ટિએ આપે કદી, દુનિયાના પ્રખ્યાત 'નૅશનલ જ્યોગ્રાફિક મૅગૅઝીન'નો ઉલ્લેખ કર્યો નથી.* રાજકારણ અને પ્રચારથી વંચિત, વિશ્વને ખૂણેખૂણે ફરીવળીને જ્ઞાનનો સંચય કરનાર 'એન. જી. એમ.' મને તો સર્વશ્રેષ્ઠ લાગે છે.

ઉદાહરણ રૂપે નીચેના બંને સચિત્ર લેખો 'કુમાર'ના વાચકોને જોઇ-વાંચી જવા વિનંતી છે. (૧) Scychelles, Tropic Isles of Eden (નવેમ્બર ૧૯૫૯) ને (૨) Angkor, jewel of jungle (એપ્રિલ ઈ. ૧૯૬૦). 'કુમાર'માં હમણાં જ પ્રસિદ્ધ થઇ ગએલા તે તે વિષયના લેખોના અનુસંધાને તે ઉપયોગી થશે. વળી ફોટોગ્રાફીના (ખાસ કરીને રંગીન) શોખીનો માટે તો તે ઉજાણી સમું છે.

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

[*એવું નથી. દા.ત. જુઓ અંક ૩૦૦માં આપેલું સર્વતોમુખી ઘડિયાળ]

કરામતી શ્લોક

अहिरि[illegible]तिकान्तातातसम्बद्धकान्ता–
हृतनया[illegible]हन्तृप्राणदातृध्वजस्य ।
सखिसुतसु[illegible]कान्तातातसंपूज्यकान्ता–
पितृशिरसि [illegible]न्ती जाह्नवी वः पुनातु ॥

અનુવાદ: સાપના [illegible]મન (ગરુડ)ના માલિક (વિષ્ણુ)ની પત્ની (લક્ષ્મી)ના પિતા (સમુદ્ર)ને બાંધનાર (રામની) પત્ની (સીતા)ને હરનાર (રાવણ)ના પુત્ર (ઇન્દ્રજિત)ને મારનાર (લક્ષ્મણ)ને પ્રાણદાન દેનાર (હનુમાન) જેની ધ્વજામાં છે તે અર્જુનના મિત્ર (શ્રીકૃષ્ણ)ના પુત્ર (પ્રદ્યુમ્ન)ના પુત્ર (અનિરુદ્ધ)ની પત્ની (ઉષા)-ના પિતા (બાણાસુર)થી પૂજ્ય એવા (શંકર)ની પત્ની (પાર્વતી)ના પિતા (હિમાલય)ના શિર પરથી વહેતી એવી જાહ્નવી–ગંગા તમારું રક્ષણ કરો.

(કલોલ) —રમણલાલ છગનલાલ પટેલ

'કુમાર' ખોલતાં જ અશ્વનું ચિત્ર જોઇ નીચે 'સ્વ.' મધુકર શેઠ વાંચી ખૂબ દુ:ખ થયું. પાછળ એમની અવસાન-નોંધ જોઈ! હજુ હમણાં તો એમનો પરિચય વાચેલો. આવો આશાસ્પદ ગુજરાતી કલાકાર આમ અકાળે ઊપડી જાય એ આઘાતજનક છે. 'કુમાર' દ્વારા એના લેખકો ને કલાકારો કેમ જાણે સ્વજન જેવા જ લાગે છે. તમારી દ્વારા અમો બન્ને તરફથી એમના કુટુંબને આશ્વાસન મોકલું છું.

અંકમાં સ્ત્રી-વિભાગ શરૂ કરવા માટે ખૂબ જ અભિનંદન. જાણે મારી વર્ષોની હોંશ પૂરી થઈ. રાહુલ કહે કે હવે હું પણ લખવાનો છું કે અમારો બાળવિભાગ પણ શરૂ કરો ને તેમાં સરસ સરસ વૈજ્ઞાનિક વાતો છાપો.

(બોરીવલી) —લોપા વસા

મારા બનેવીના કહેવાથી આ પત્ર આભાર સહિત લખું છું તેઓ ઘણાં વર્ષોથી ખરજવાની પીડા સહન કરે છે અને ઘણા ઉપાય છતાં ન મટયું. પણ આપના સપ્ટેમ્બર અંકના છેલ્લે પાને આપેલો દહીંનો નુસખો કર્યાથી થોડું-થોડું મટતું જાય છે. તેઓ તમારો ઘણો જ આભાર માને છે.

વળી ખરજવાનો બીજો ઉપાય પણ થોડેવણે અંશે સફળ થાય છે: 'રાત્રે એક બાજુએ શેકેલી રોટલી બાંધીને સવારે તે લોટવાળો પગ નદીમાં રાખી માછલાં પાસે ખવડાવવો.' પણ તમારો ઉપાય ઘણો જ અસરકારક છે.

(રાજકોટ) —યોગેશ પંડયા

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૦)



ગોપ-ગોપી ને ગોધન · ખોડીદાસ પરમાર

એમના સૌરાષ્ટ્રી કુટુંબમાં ભરાતાં પ્રાચીન ઢબનાં ભરતની માંડણી, સંયોજન અને રંગાવટની સચોટ પડેલી જે છાપે બાળપણથી ખોડીદાસના મનમાં કળાના સંસ્કાર સીંચ્યા તે જ શૈલી એમનાં ચિત્રસર્જનોમાં જતે દહાડે આગવો આકાર ધરીને મહોરી રહી. એની ગૂઢી રંગાવટ અને ભરતગૂંથણની ઘાટી પર થતી ભાતીગળ (પૅટર્નવાળી) માંડણી-સંયોજના પોતાની લાક્ષણિકતાથી એટલી સર્વજનપ્રિય થઈ પડી છે કે એમનાં બે ચિત્રો હોલાંડમાં, એક ફ્રાન્સમાં, બે દિલ્હીના રાષ્ટ્રીય કલાસંગ્રહમાં ને એક ચિત્ર પં. જવાહરલાલના અંગત સંગ્રહમાં છે.



કાલિયદમન



દુષ્યન્ત-શકુન્તલા

ખોડીદાસ પરમાર-ની ચિત્રશૈલી મોટે ભાગે સૌરાષ્ટ્રના લોકપરંપરાગત ભરતગૂંથણની ધાટીએ મંડાએલી હોવા છતાં તેમાં રહેલા મધુર વૈવિધ્યની પ્રતીતિ આ ચારે ચિત્રો કરાવી રહે છે. (એમના પરિચય માટે જુઓ 'કલાવાર્તા')



રાધાકૃષ્ણ: વચ્ચે કદંબવૃક્ષ પર મોર; ચોમેર ગોધનની કિનાર



એક હૃદયંગમ ચિત્ર કૃષ્ણ-જસોદા

ફરી જુદ્ધ

· વનવેલી ·

ગુલામીની શૃંખલાને ભાંગી છે મેં;
ભાંગ્યાં છે મેં હાડ મારાં;
શોણિતને વ્હેણે વહી
કેટલી યે વાર ઢળ્યો
મોતને કિનાર ઝાવાં લેઇ;
તોય ઊઠી ઊઠી હરેક તે વેળ
નવીન શહૂર થકી વીંઝી દીધ ઘાવ:
ગુલામીની શૃંખલાને ભાંગી છે મેં
ભાંગી નાખી સાવ.

અવકાશ મહીં ધરી ઉન્નત આ શિર
કીધ: 'હાશ'.
લીધ દીર્ઘ શ્વાસ...
જકરાઇ ગએલ તે અંગે લહી
અખિલ વિશ્વની મોકળાશ.
આનંદનો નાભિ-જયઘોષ
દિગન્ત ગહને ધ્વનિ રહ્યો વાર વાર
લયમાન આવર્તને
ઊંડે ઊંડે હૃદયને લાધ્યો પરિતોષ...
અનંતનાં ઉઘડ્યાં દુવાર.

પૂર્ણશાન્ત એકાન્તની છાયાકુંજ મહીં
સરી સહુથી ય દૂર દૂર
પર્ણની પથારી પર કીધ મેં શયન,
બંધ નયન;
તંદ્રાશિથિલ ત્યહીં તંગ મુજ મન:
પલનું ઉપલગાન રેલી
વહી જાય કને કાલનિર્ઝરિણી.

સમયથી સહજ અભાન
નિદ્રા તણા સુમધુર ઘેનમહીં
કંઇ સળવળ તણી થઇ રહી જાણ:
અણગમા તણી એક રેખાની હેલાએ
માત્ર પડખું ફરંત.
કયહીંક ભોંકાય ઝીણી શૂળ,
કયહીં ષટ્પદ ગતિ મર્મ સ્પર્શી...
સહસા જાગીને
વિસ્ફારિત દગે નીરખું ચોમેર:
નથી કુંજ.
શત શત ખંડ મહીં
અંગ મારાં સહુ ય વિશ્લથ!
(એક જ સંકલ્પ કેરી સિદ્ધિ કાજે
એક હતો લોકસમુદાય
સિદ્ધિને પાંગણ એ જ સુંદ-ઉપસુંદ જેમ
સામસામી પેંતરામાં માંડી રહે પાય.)
શત શત ખંડ મહીં
અખિલાઇ મારી છિન્ન છિન્ન!
અંગ મહીં કલિનો પ્રવેશ?
મલિન હવાનું કંઇ લહાય તુફાન...
કાયહીન કોઇ મહારિપુ બલવાન ખલવેશ!

અબલ અખિલ પર એવું આક્રમણ
અબલની ઓથે,
આવ્યું તે સકલ ભરખંત—
સકલ અશેષ.
ભીતર એ પુષ્ટ,
રહે ઓળિયું તો કેવલ કંકાલ.
ઓળખી મેં લીધ એની ચાલ:
—પામરને જેહ કરી રહે છે પ્રમત્ત,
અનુરાગ બને જયહીં આગ,
નહીં જ્યાં ધરવ,
લાવણ્ય ન, ઘૂરકંત જયહીં પશુ વન્ય.

ફરી જુદ્ધ કાજ આવ્યો ઝીલું પડકાર
પયતરુડાળ પર બેઠેલ
પ્લવંગ તણો ચાળો નહીં
અહીં છે પિશાચ.
પુરાણું ન ચાલે અહીં શસ્ત્ર
ફંગોળ્યું ન વીંધે કોઇ અસ્ત્ર...
જુદી અહીં ચાલ, જુદો વ્યૂહ.
—અડક્યા વિનાનું રહે અંગ આ અખંડ
થાય માંહ્યલા વેતાળ કેરું મોત.
અખૂટ શક્તિનો એનો કયહીં સ્રોત, જાણું
જાણું કયહીં નબળાઇ છે નિગૂઢ.

અવ દેઈ દીધ આહ્વાન.
ઘોર ગરજંત પશુ
સંમુખ ધૂણે છે એની
ખુન્નસની ભરી લાલ આંખ.
જીવ પર આવી જઇ
કેવલ અંધારમય કાળમુખ
ધસી રહે વીંઝી એની દિશાઓની પાંખ...

આ...હા...આય આય,
તેજની આ તાતી તેગ કેરો ઘાવ
જોઉં કેમ ઝીલે તવ કાય.
આઘાતે આઘાતે ચૂર ચૂર
તારી તમોછાયા રહે નહીં ક્યાંય...
આ...હા...આય આય.

રાજેન્દ્ર શાહ

ઓળખ

· ગાન ·

રે ઘણું ઘૂમીઘૂમી મથુરાપુરમાં
હાલ્યો મારો રાહડો ભમવા ભુલાયાં ગોકુળમાં!

ચાયે ના જાણુ ને કાયા કો'વાય એવો ઓળખ્યો ભરમનો ભેજ,
જેમાં તપી તપીને ત્રાંબા શી થાય એવાં ક્યાં છે રે તડકાનાં તેજ!
મ્હેંકભર્યા મોકળા પવનની શી ઝંખના જાગી છે રોમરોમ મૂળમાં!
હાલ્યો મારો રાહડો ભમવા ભુલાયા ગોકુળમાં!

અળગો કીધો આભૂષણનો ઠઠારો ને અળગા કૈં વાઘા જરિયાન,
પે'ર્યું પાછું પાનીઢંક ધોતિયું ને કંધલે કામળ કીધી છે પરિધાન,
મોતીઉંની માળ મૂકી મો'યું રે મન રૂડી ખાખરાની રંગરંગ ઝૂલમાં!
હાલ્યો મારો રાહડો ભમવા ભુલાયા ગોકુળમાં!

લાધી ના મોકળાશ ક્યારેયે કંઇને આ ઊંચેરી ભીંત્યુંની આડ,
ચાંદરણે લીંપેલી સાંભરી છે સીમ ને પડછંદા પાડતા પહાડ;
આરસને રંગમંચ નહિ રે હો આજ હવે રમવું છે ધરતીની ધૂળમાં!
હાલ્યો મારો રાહડો ભમવા ભુલાયા ગોકુળમાં!

પ્રદ્યુમ્ન તન્ના

સુમન

· માલિની ·

વિતત પુષ્ટર વાડે, કંટકોના પથારે
સુમન નિજ ગણે ના ભાગ્ય ઓછું લગારે,
સ્થિતિ-ગતિ સહુ ભૂલી, માત્ર અન્તઃસ્થ ઊંડી
સુરભિ મન ભરીને એકધારી પ્રસારે.

મુકુન્દરાય વિ. પારાશર્ય

હવે

· અનુષ્ટુપ ·

દિગંતપારનાં હાવાં
સ્વપ્નાં તે સેવવાં નહિ;
અંતસ્તલ તણાં મોતી
વીણવાં-માણવાં સહી.

'મોહિનીચંદ્ર'

આયનો

હું કેટલાનો કેટલો પોર્યું અહં?!
સંતોષથી કુબ્જ સ્વરૂપ નીરખે હુંમાં,
ત્યાં રૂપની શી વારતા!
કો આવીને સૌન્દર્યનો સ્પર્શું કરે—
જ્યાં નજર પણ લપસી જતી
એવી લપસણી હાય, રે! કાયા કરી!
ને કેટલાં
શોષાયલાં, તોષાયલાં,
ઝૂમ્યાં, અજીરણથી પીડાતાં,
ફણુસતાં કો ગરજતાં,
ચાહાં ચડાવી આલવીનાં
સાપ, ઢીંઢી, ઝરખ, ગીધડાં,
ઘુંઇ, કૂતરા, લોંકડીના
અસલ રૂપને ઢૂંકતા,
બોલે સ્વગત, 'ના, આય ના!'
હું મૂક અરકું, 'આય નો!' (I know!)
જત જન તણું, સૌ ભાવની,
સૌ ચેળની
આઘાતપ્રત્યાઘાતની
ઝીલતો છબિ—
જેની હજી મેં પ્રિન્ટ ના આપી કદી
કે એક પણ ક્યારેય ના કવિતા રચી;
દાવો ય ના શકતો કરી
કે લેન્સ કૅમેરા તણો,
વા હું કવિ,
હું વંધ્ય...

જસુભાઈ શાહ

આગમન

આ જુઓ ત્યાં
ટેકરીઓમાં ધ્વનિ જન્મ્યો
વીતી છે ગ્રીષ્મ.
અથડાઇ પડતી બારીનો
આઘાત સહતી ભીંતનો કચરો
જાય ધોવાઇ બધી.
સદ્યસ્નાતા,
મુક્તકેશા,
કો ગૃહિણીના સમું,
પ્રૌઢ બનશે રૂપ
ઊભાં આ સરુનાં વૃક્ષનું.
પણ જે પ્રાતઃરવિના કિરણની
ઝળહળ તણો ઉન્માદ સહતાં,
તે બનીને ચૂપ,
સરતાં બિન્દુની રમણા મહીં
કૂંપળ તણો ઉન્મેષ લેશે.
ને ધરાની ગર્ભ ધામે મોદમાં—
પરિપાકમાં—
પરિણામ પામી મ્હોરશે,
આગમ.

શ્રીકાન્ત શાહ

પરિવર્તન

આજે આપણે સંસ્કૃતિના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા છીએ. અનેકોને ખાવું પીવું ને મોજ કરવી તે એકમાત્ર સત્ય ભાસે છે. વસ્તુવાદનાં મૂલ્યોની મહત્તાના જે પ્રચંડ જુવાળમાં જીવનનાં આપણાં સનાતન મૂલ્યો ઘસડાઈ જતાં લાગે છે તેને પરિણામે આજે જીવન તેમજ સમાજનાં સર્વ ક્ષેત્રમાં એક પ્રકારનું અધઃગમન નજરે પડે છે, ને આપણી સંસ્કૃતિનાં મૂલ્યો ઊખડી જતાં લાગે છે.

આ આત્મ વિધ્વંસમાંથી કેમ બચી શકાય? સામૂહિક સર્વનાશનાં સાધનો વાપરવાના અધિકારી રાજકારણીઓ આપણને બચાવશે? અર્થશાસ્ત્રીઓ આ વિનાશમાંથી રક્ષી શકશે? હા કહેવાની કોણ હિંમત કરી શકશે?

આ વિધ્વંસમાંથી બચવાનો એકમાત્ર માર્ગ સાધનસંપત્તિનું પરિવર્તન નહિ, પણ માનવતાનું પરિવર્તન છે. આ પરિવર્તન ત્યારે જ સધાય કે જ્યારે મનુષ્યના હૃદયમાં સત્યમ્, શિવમ્, સુંદરમ્ વસે. યુગેયુગના મહાત્માઓ ને સંસ્કારસ્વામીઓનો આ જ પ્રયત્ન રહ્યો છે.

—ક. મા. મુનશી

શ્રેયસના માર્ગે

આજના અણુયુગમા પણ ભારત પાસે જે આધ્યાત્મિક વારસો છે તે બીજે ક્યાય નથી એવું મને દેશવિદેશના ભ્રમણ પછી પણ દેખાયું છે. પાર્થિવ ક્ષેત્રે પ્રગતિ કરતો ભારતવાસી હમેશાં તપ અને સંયમને ઊંચાં ગણે છે, અને તેથી તંગી તથા ગરીબાઈથી દબાઈ ન જતાં તેમાથી પણ સુખ અને સંતોષ અનુભવી શકે છે. વિજ્ઞાન અને ટૅકનૉલૉજીની દોડમાં આપણે પાંછળ નથી રહેવું; એમની મદદથી આપણે દેશમાંથી કંગાલિયત અને ભૂખમરાને નાબૂદ કરવાં છે. દર્શન-કીર્તન અને જપમાળાની આપણે અવજ્ઞા નથી કરવી, પરંતુ પશ્ચિમે આપણને કર્મકુશળતાના પાઠ આપી આપણા યોગનું ઉદ્દીપન કર્યું છે. ગાંધીજીની પ્રેરણાથી સત્ય અને અહિંસાને માર્ગે આપણે ગુલામીની શૃંખલાઓ તોડીને જગતની સ્વતંત્ર પ્રજાઓની હરોળમાં ઊંચા મસ્તકે ઊભા રહ્યા છીએ; હવે આપણું સત્ત્વ સાચવી આપણે શ્રેયસના માર્ગે આગળ વધવાનું છે.

—મોરારજી દેસાઈ

હા...શ

આજે જીવનધોરણ ઊંચું લાવવાની એક દોટ ચાલી છે. પણ ઊંચું એટલે શું? એવો ભાસ થાય છે કે આપણે જાણે કોઈ અદૃશ્ય સુખ મેળવવાનાં ફાંફાં મારતા ના હોઇએ? ગરીબી ઘટાડવી છે, પણ ગરીબી એટલે શું તેનો જ આપણને ખયાલ નથી. દરેક જણ પોતાનાથી આગળની સ્થિતિવાળાને જુએ છે ને તેના જેવા થવાની કોશિશ કરે છે. પણ કોઇ પાછળ જોતા જ નથી.

જે માણસ મહેનત કરે છે અને સંતોષ રાખે છે તેને જ 'હાશ' થાય છે. આજના દુઃખનું કારણ એ છે કે શ્રમની પ્રતિષ્ઠા ઘટતી જાય છે. માણસને ખાવા તો જોઈએ, ધરાઇને ખાવું જોઇએ. શક્તિદાયક ખોરાક ખાવો જોઇએ. કહેવત છે કે 'ધાન ધરપત ને ઘી દૂધ સંપત'. ધાન તો ધરાઇને ખાવું. પણ ઘી ને દૂધ આપણી પહોંચ પ્રમાણે. બહુ વાનગીઓ હોય, તે વધારે શક્તિ આપે એવું નથી. ખેડૂતોનાં શરીરો હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્ત હોય છે. તેઓ શેરની ૪૦ રોટલી બનાવીને નથી ખાતા, પણ પોણા શેરના બે રોટલા મરચું કે દાળ ખાય છે, અને તો ય એમને શહેરના લોકો કરતાં વધારે ભૂખ લાગે છે. આપણે શરીરશ્રમ કરીને જીવીશું, જીવન સાદું બનાવીશું ને ખોટા ખરચા કાઢી નાખીશું તો જ સુખી થઈશું.

—રવિશંકર મહારાજ

ટૉલ્સટૉયે ટેનિસ રમવામાં મશગુલ એવી પોતાની પુત્રીને ખેતરમાં કામ કરતી ગર્ભવંતી સ્ત્રીની સહાયમાં સહુ પ્રથમ જવા સૂચવેલું. ગાંધીજી પોતાના કુટુંબને શાળાં કરતાં પણ આશ્રમજીવનના પાઠ આપી નવી તાલીમ આપી હતી. આ બંને મહાપુરુષોએ પોકળ બોધ આપવામાં સંતોષ માન્યો જ નહોતો; એમનો બોધ આચરણનો હતો.

સમાજને સાદો ને સ્નેહવત્સલ બનાવો; આર્થિક ઉન્નતિ પાછળની દોટમાં સંતોષ ને સુખને વીસરો નહિ.


ગુણગરવા ગુજરાતીઓમાં અગ્ર એવા સંનિષ્ઠ સારસ્વત, તલાવગાહી વિવેચક, સ્વસ્થ ચિંતક, સત્ત્વશીલ શિક્ષણજ્ઞ અને તેજસ્વી સંસ્કારસેવક

"પ્રા૦ વિષ્ણુપ્રસાદે ગુજરાતનાં સાહિત્ય, સંસ્કાર અને શિક્ષણ-ક્ષેત્રોની કરેલી સેવા ને તે ક્ષેત્રોના ઉત્કર્ષમાં આપેલો ફાળો સુવિદિત છે. એક સંનિષ્ઠ સારસ્વત તરીકે, એક તટસ્થ, પ્રામાણિક, સહૃદય અને તલાવગાહી વિવેચક તરીકે, શિક્ષણના વિષયોની મૂળભૂત વ્યવહારુ અને ઉચ્ચ કક્ષાની સમીક્ષા કરી તે પરત્વે લોકોપકારક માર્ગદર્શન કરાવનાર શિક્ષણજ્ઞ તરીકે, તેમજ સંસ્કારનાં ક્ષેત્રોના પ્રશ્નો પરત્વે પણ તાટસ્થ્યપૂર્ણ તથા મૂલગામી માર્ગદર્શન કરાવનાર સાચા સંસ્કારસેવક તરીકેની એમની પ્રતિભા માનાર્હ, તેજસ્વી અને અનન્ય જેવી છે. એ પ્રતિભા કોઈ સંકુલ વર્તુળમાં પુરાઈ ન રહેતાં એનો લાભ અન્યોને મળતો રહ્યો છે. વીતી રહેલા પંડિતયુગના લગભગ છેલ્લા પ્રતિનિધિ સરખા પ્રા૦ વિષ્ણુપ્રસાદની આ સર્વ સેવાઓ સમાનને પાત્ર છે.

એક અગ્રણી વિદ્વાન અને પ્રથમ પંક્તિના તેમ સ્વસ્થ પ્રકૃતિના પંડિત સમીક્ષક તરીકે પ્રા૦ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ગુજરાતી સાહિત્યમાં શિખરસ્થાને છે. પંડિતયુગના એ પ્રતિનિધિ છે, યથાર્થ સૌજન્યમૂર્તિ છે. લાગલાગટ ચાળીસ વર્ષ સુધીના પોતાના અધ્યાપનકાળ દરમ્યાન એમણે અસંખ્ય વિદ્યાવ્યાસંગી યુવાનોને વિદ્યાક્ષેત્રે સાચું માર્ગદર્શન કર્યું છે. તેમની સાહિત્યરુચિ સંસ્કારી છે-ઘડી છે અને તેનું સંવર્ધન પણ કર્યું છે, તથા તેમની વિવેકબુદ્ધિને એમણે યોગ્ય રીતે ખીલવી છે. ગુજરાતની તરુણ પેઢી પર એમનું આ ઋણ નાનુંસૂનું નથી. એમની પાસેથી સાહિત્યદીક્ષા પામેલા સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ (અને તે વિદ્યાર્થીઓના યે વિદ્યાર્થીઓએ) આજે અધ્યાપનક્ષેત્રે સાહિત્યના અધ્યાપક તરીકે પ્રતિષ્ઠા મેળવી છે. પ્રા૦ વિષ્ણુપ્રસાદે પોતાનું અત્યાર સુધીનું સમગ્ર જીવન કેવળ વિદ્યા-સંસ્કાર-સત્ત્વની ઉપાસનામાં અને તેના વિસ્તારની પ્રવૃત્તિમાં જ ગાળ્યું છે. આ પ્રવૃત્તિ આજની ભૌતિકવાદી અર્થોપાર્જન વૃત્તિથી કે યશપ્રાપ્તિની ખેવનાથી દૂષિત કદી બની નથી. એમણે જ્ઞાનની ઉપાસના ને જ્ઞાનનું પ્રસારણ, એ બંને પ્રવૃત્તિ કેવળ શુદ્ધબુદ્ધિદર્શી ને નિઃસ્પૃહભાવે કરી છે."



સંસ્કૃત એમ.એ. થયા પછીનાં વર્ષોમાં પ્રો.



સૌજન્યમૂર્તિ મનીષી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

ગુજરાતની વિદ્યા-સંસ્કાર લક્ષ્મીની જ્યોત જેમનાં જીવન ને કાર્યમાં સતત પ્રજ્વલિત રહી હોય, એવી આપણી અત્યંત અલ્પસંખ્ય વિભૂતિઓ પૈકીના એક પ્રા૦ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વિષેના 'ગુજરાતમિત્ર' પત્રના તંત્રીસ્થાનેથી લખાએલાં આ પ્રશસ્તિવચનો સર્વથા યથાર્થ છે. ગોવર્ધનરામ ને આનંદશંકર ધ્રુવ પછી એક યા બીજે પ્રકારે તેમના અનન્યસેવી અંતેવાસી પ્રા૦ વિષ્ણુપ્રસાદ આપણાં સાહિત્યના તેમજ સાહિત્યેતર જીવનક્ષેત્રોના યે સંસ્કૃતિ-જ્યોતિર્ધર છે.

આ વર્ષે તા. ૪થી જુલાઈના રોજ તેમને સાઠ વર્ષ પૂરાં થયાં એ પ્રસંગે તેમનો ઉત્સાહોજ્જ્વલ સત્કાર-સંમાન-સમારંભ તા. ૨૭મી નવેમ્બરના રોજ કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે સૂરત ખાતે ઊજવાયો. એ પ્રસંગે આપણા ગણ્યમાન્ય સાક્ષરો અને વિદ્વાનોએ શ્રી વિષ્ણુભાઈની વિભૂતિને આપેલી ભાવાંજલિઓમાં શ્રી વિષ્ણુભાઈની સત્ત્વશીલતા, બહુશ્રુતતા ને પ્રતિભાનું યથાર્થ પ્રતિબિંબ ઝિલાયું હતું.

એમનો જન્મ ૧૮૯૯ની ૪થી જુલાઇએ (વિ.સં. ૧૯૫૫ના જેઠ વદ ૧૨ના રોજ) બાજ ખેડાવાળ જ્ઞાતિમાં ઉમરેઠમાં થયો હતો. શ્રી વિષ્ણુભાઇને જીવનકાર્યમાં, સાહિત્યમાં-બધાંમાં એમના કુટુંબની પ્રેરણા મળેલી હતી. એમનાં માતુશ્રી જેઠીબાઇને ઘણું સાહિત્ય (જેમકે પ્રેમાનંદનું આખું 'નળાખ્યાન') કંઠસ્થ હતું. નાનપણમાં પિતાશ્રી







પિતાશ્રી રણછોડલાલ પાસેથી એમને સાત્ત્વિક હાસ્યવૃત્તિ મળી છે; માતુશ્રી જેઠીબાઇને ઘણું પ્રાચીન સાહિત્ય કંઠસ્થ હતુ

રણછોડલાલ પ્રાણનાથ પાસેથી ને સુરતના સહવાસમાંથી એમને સાત્ત્વિક–ભલે મર્યાદિત-હાસ્યવૃત્તિ મળેલી છે. એમના માતામહ ખૂબ બહાદુર પુરુષ હતા. પિતામહ ને માતામહ બંને મહીપતરામના શિષ્યો હતા. વાત્સલ્યનો ગુણ પણ એમને વારસામાં મળેલો છે. પિતા રેવન્યુ ખાતામાં નોકર હતા, તે અંગે તેમની અવારનવાર બદલી થવાથી વિષ્ણુપ્રસાદે પ્રાથમિક કેળવણી બોરસદ ને ઠાસરામાં તથા માધ્યમિક કેળવણી કપડવણજ ને નડિયાદમાં લીધેલી. ૧૯૧૬માં નડિયાદ હાઈસ્કૂલમાંથી એ મૅટ્રિક થયા ને ભાઉસાહેબ દેસાઈ સ્કૉલરશિપ મેળવી. ૧૯૧૬થી ૧૯૨૦નાં ચાર વર્ષ મુખ્યત્વે ગુજરાત કૉલેજમાં આગળપડતા વિદ્યાર્થી તરીકે ગાળ્યાં. ત્યાં એ આપણા ગરવા જ્ઞાનપુરોહિત આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવના સંપર્કમાં આવ્યા, જે સંપર્ક ઉત્તરોત્તર વધતો ચાલ્યો. આ૦ આનંદશંકરનું એ શિષ્યત્વ તેમણે સ્વજીવનમાં સંસ્કાર અને સાહિત્યમાં અતિવિરલપણે ઉજાળ્યું છે.

ગોવર્ધનરામ અને આનંદશંકર એ શ્રી વિષ્ણુભાઇનાં જીવન કાર્યની આરાધ્ય વિભૂતિઓ છે. આ૦ આનંદશંકરનો સંસ્કાર-વારસો તેમણે પચાવ્યો અને દીપાવ્યો છે. શ્રી રમણીકલાલ શાહના શબ્દોમાં 'આ૦ આનંદશંકર ધ્રુવના બે શિષ્યો : એક સ્વ. શ્રી રતિલાલ મો. ત્રિવેદી ને બીજા શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી. એકે આચાર્યનાં સંસ્મરણો આલેખ્યાં, બીજાએ એમના ધર્મચિંતનનું ભાષ્ય વિલોક્યું.'

સંસ્કૃત, અંગ્રેજી ને ગુજરાતી આ ત્રણે સાહિત્યનું તેમણે આકંઠ પાન કર્યુંછે. નડિયાદમાં તેમણે સમાજ, રાજકારણ ને સાહિત્યની એક ખાનગી વિવાદસભા 'સાત ભાઇઓનું મંડળ' નામે શરૂ કરેલી. કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન 'પ્રેરિત'ની સંજ્ઞાથી 'ભાવનાસૃષ્ટિ'માંના કેટલાક લેખો અને 'રાઈનો પર્વત'નું વિવેચન લખાયાં તે 'વસન્ત', 'સાહિત્ય' આદિમાં પ્રસિદ્ધ થવાથી સાહિત્યકાર થવાની આકાંક્ષા પોષાઈ. ૧૯૨૦-માં બી એ.માં સંસ્કૃત ને અંગ્રેજી લઈ એ પહેલા વર્ગમાં આવ્યા ને ગુજરાત કૉલેજમા દક્ષિણા ફેલો નિમાયા. તેમના કૉલેજ-જીવનનાં સ્મરણો આલેખતાં તેમના સહવિદ્યાર્થી પ્રા૦ ધનંજય રા. ગાડગીળ લખે છે : 'વિષ્ણુભાઈમાં કોઈ સજ્જતા પંડિતની ખાસ લાક્ષણિકતાઓ લાગતી. એમનામાં પ્રાચીનમતવાદીની એક સંજ્ઞા હતી, જબરી તપનિષ્ઠા હતી; પણ એ તપનિષ્ઠાનો દૃષ્ટિકોણ ન તો આક્રમક હતો કે ન તો બાહ્યાડંબરનો. એમની પોશાક પહેરવાની રીત, એમની ગંભીર વાતચીતના વિષયો, અને જે બાબતોને એઓ હળવી રીતે સ્પર્શવા દેતા એ બધું એક છાયાંકિત ગંભીર પ્રકૃતિની છાપ પાડતું. આ બધા સાથે એક બીજો ગુણ નિકટવર્તી હતો : 'બૌદ્ધિક પરિશ્રમ'. શબ્દોની પસંદગી કરવામાં અને અભિવ્યક્તિની પદ્ધતિમાં, જેમ એમનાં વિસ્તૃત વિવેચન-વ્યાખ્યાનોની રચનામાં તેમ પ્રાસંગિક વાતચીતમાં પણ, એમનો આ ગુણ મારા પર છાપ મૂકી ગયો છે.'

ઈ. ૧૯૨૧ના જાન્યુઆરીમાં સૂરતની મ ઠા.બા. (એમ.ટી.બી.) કૉલેજમાં અંગ્રેજી ને સંસ્કૃતના અધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ. પછી ૧૯૨૩માં સંસ્કૃત ને ગુજરાતી લઈ તે એમ.એ માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા અને સૂરતની સાર્વજનિક સોસાએટીમાં સ્વયંસેવક (આજીવન અધ્યાપક) તરીકે જોડાયા. કૉલેજનાં શરૂનાં કેટલાંક વર્ષ ફક્ત અંગ્રેજી શીખવ્યું, ૧૯૩૨થી અંગ્રેજી ને ગુજરાતી શીખવ્યું, ને પાછલાં કેટલાંક વર્ષોથી તો તેઓ ત્યાં કેવળ ગુજરાતીના પ્રાધ્યાપક છે. ઉપરાંત તેઓ એમ.એ. તથા પીએચ.ડી. માટેના ગુજરાતીના વિષયમાં કામ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓને માર્ગદર્શન કરાવે છે અને બી.એ. તથા એમ.એ.માં ગુજરાતીના વિષયના પરીક્ષક છે. તેમની સાહિત્યકાર તરીકેની તેમ અધ્યાપક તરીકેની પણ સિદ્ધિ અવિસ્મરણીય છે. આચાર્ય યશવંત શુક્લ, જેઓ તેમના વિદ્યાર્થીઓ પૈકીના એક છે તેઓ, પોતાના વિદ્યાર્થીકાળની યાદ તાજી કરતાં કહે છે : 'એમના વિચારની તેજસ્વિતા, વાણીનું લાઘવ અને ગૌરવ, ખાનગીમાં કે જાહેરમાં સત્યને સાદ કરીને બોલતા હોય એવો આગ્રહ, એમની જીવનશૈલી, એ બધાંએ અમને મુગ્ધ કરેલા.'

શ્રી વિષ્ણુભાઈ એક કુશળ વક્તા પણ છે. વક્તા તરીકેનું, તથા વ્યક્તિ તરીકેનું પણ, તેમનું ચિત્ર શ્રી વલ્લભદાસ અક્કડે સારું ઉપસાવ્યું છે : 'પાંત્રીસેક વર્ષ પહેલાંનો પ્રસંગ છે. મંચ પરથી એક જુવાન વિદ્વાન વ્યાખ્યાન આપતા હતા. જુવાન છતાં માથે સુઘડ ફેંટો (જે વિદ્વત્તાની છાપ પાડતો), પગમાં સંભવતઃ ધોળાં મોજાં ને દોરીવાળા બૂટ, પાતળો ઊંચો ઘઉંવર્ણો દેહ, ગંભીર મુખમુદ્રા, ઊંડા ચિંતનથી કંઈક ભારે લાગે એવાં આંખનાં પોપચાં, હાથમાં વ્યાખ્યાનના કાગળો છતાં વાચનની છટા એવી, જાણે ગંભીર રવે એક સરિતા-પ્રવાહ ધીર સ્વરૂપે વહેતો ન હોય! એ પોતાના વક્તૃત્વ-પ્રવાહમાં શ્રોતાઓને ખેંચી જતા, તેમને ધ્યાનમગ્ન રાખતા બલકે મંત્રમુગ્ધ કરી મૂકતા.'

એમનો પરમ પ્રિય ગ્રંથકાર તે ગોવર્ધનરામ. ગોવર્ધનરામના અનુશીલને, તેમની સૃષ્ટિમાંના કાલ્પનિક વિહારે એમના જીવન પર ઊંડી

અસર કરી છે. એમની શૈલી, એમની વિચારણા, એમની કલ્પના વગેરે પર ગોવર્ધનરામ ઉપરાંત નરસિંહરાવ, નહાનાલાલ, આનંદશંકર, બલવંતરાય, વર્ડ્ઝવર્થ, કીટ્સ ને ચૅકરે તથા પ્રાચીનોમાંથી શંકરાચાર્ય વગેરેએ ખૂબ અસર કરી છે. સાહિત્યકાર તરીકેના એમના આરંભકાળ વિષે લખતાં શ્રી ઉમાશંકર જોશી કહે છે: 'વિવેચક તરીકે શ્રી વિષ્ણુપ્રસાદે કાર્ય આરંભ્યું ત્યારે મૂડીમાં એમની પાસે જોવા મળે છે મુખ્યત્વે પાશ્ચાત્ય— ખાસ તો અંગ્રેજી સાહિત્યના પરિશીલનથી ઘડાએલી રુચિ. સંગ્રહસ્થ લેખોમાં શ્રી વિષ્ણુપ્રસાદનો સૌથી પ્રથમ લેખ છે 'સરસ્વતીચંદ્ર'. માતબર પાશ્ચાત્ય સાહિત્યથી રુચિ બંધાઈ, પણ એ તાગવા ઇચ્છે છે ગુજરાતી મહાગ્રંથને. માંડ પચીસી વટાવી હોય એવા યુવકને માટે એ નાની બાથ નથી. શ્રી વિષ્ણુપ્રસાદ પૂરતો તો, એમના વિવેચક તરીકેના વ્યક્તિત્વનો, એમની સાહિત્યનિષ્ઠાના સ્વરૂપનો અણસારો એમના પહેલા લેખથી જ મળે છે.' 'સરસ્વતીચન્દ્ર' વિષેનાં એમનાં તાજેતરનાં યુનિવર્સિટી-વ્યાખ્યાનોના ઉપલક્ષ્યમાં શ્રી ચુનીલાલ મડિયાએ લખ્યું છે: 'ગોવર્ધનરામ પણ એક માનસ-પુત્રની પ્રાપ્તિ જેટલો આનંદ અનુભવી રહે એવી એ વિવેચનોની પારગામિતા છે.'

પ્રા૦ વિષ્ણુપ્રસાદના પ્રથમ પુસ્તક 'ભાવનાસૃષ્ટિ' (૧૯૨૪)માં વાર્તારૂપ કે સંવાદરૂપ બનતાં કલ્પનાચિત્રો છે. તેમણે 'આફ્ટ-નૂન બિયૉન્ડ ધ રીવર વાત્રક', 'હિમ્ન' (સ્તુતિસ્તોત્ર) વગેરે પ્રતિભાન્વિત અંગ્રેજી કાવ્યો પણ લખ્યાં છે. તેમનાં થોડાં અંગ્રેજી કાવ્યો 'પી.ઈ.એન.' સાહિત્યસંસ્થાના મુખપત્રમાં પ્રસિદ્ધ થએલાં. ૧૯૩૯માં એમના વિવેચનલેખોનો સંગ્રહ 'વિવેચના' પ્રસિદ્ધ થયો. ૧૯૪૧માં અંધેરીના ચૌદમા ગુજરાતી સાહિત્ય સમેલનમાં તેઓ ભાષાશાસ્ત્ર વિભાગના પ્રમુખ નિમાએલા. સૂરતની નર્મદ સાહિત્ય સભાનાં તે છેક ૧૯૩૮થી પ્રમુખ છે. ૧૯૪૪માં ઉત્કૃષ્ટ વિવેચન-સેવા માટે એમને 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' એનાયત થએલો. ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન માળાના વ્યાખ્યાતા તરીકે મુંબઈ યુનિવર્સિટીએ ૧૯૪૫માં એમની વરણી કરેલી, જે વ્યાખ્યાનો તેમણે ૧૯૪૬ના નવેમ્બર માસમાં 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' એ વિષય પર આપેલા. ૧૯૪૮મા તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના સાહિત્યવિભાગના અધ્યક્ષ ચૂંટાયા હતા. ૧૯૫૫માં એમને 'પરિશીલન' ગ્રંથ માટે 'નર્મદ સુવર્ણચન્દ્રક' પણ એનાયત કરાયો હતો. હાલ તેઓ સૂરતની મ. ઠા. બા. કૉલેજના ઉપાચાર્ય છે. ગુજરાત યુનિવર્સિટી સેનેટના અને વડોદરા વિદ્યાપીઠમાં વિનયન વિદ્યાશાખાના સભ્ય છે. ભારતસરકારની 'અકાદમી'માં ગુજરાતી ભાષાના પ્રતિનિધિ-સભ્ય છે. મુંબઈ, ગુજરાત ને વડોદરા ત્રણે યુનિવર્સિટીઓમાં ગુજરાતી સમિતિના સભ્ય છે.


તેમના ગ્રંથસ્થ સાહિત્યમાં 'ભાવનાસૃષ્ટિ' (૧૯૨૪), 'સાર્વજનિક સોસાએટીનો ઈતિહાસ' (અંગ્રેજીમાં, ૧૯૩૮), 'વિવેચના' (૧૯૩૯), 'ઈ.સ. ૧૯૩૯ના લલિત વાઙ્મયની સમીક્ષા' (૧૯૪૦), 'પરિશીલન' (૧૯૪૯), 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' (૧૯૫૦) એ પુસ્તકોનો સમાવેશ થાય છે.

જીવનસમસ્તનાં નાનાવિધ અંગોને તત્ત્વતઃ સ્પર્શતાં તેમનાં જ્ઞાન ને સંસ્કૃતિઆગ્રહ વિષે લખતાં આચાર્ય શ્રી યશવંત શુક્લ કહે છે: 'એમનું જીવન તટસ્થ સાક્ષીનું, ચિંતકનું, પ્રયોગશાળામાં કામ કરતા વૈજ્ઞાનિકનું, કોલાહલ વગરનું જીવન છે. એમ છતાં જરૂર પડે છે ત્યારે ડાંગ, નવાપુરે, ગુજરાતી માધ્યમ કે અંગ્રેજી ને હિંદી વિષે જે સાચું લાગ્યું છે તે લખ્યું છે, એમ કરી એ સત્યાંશશીલ જીવન જીવ્યા છે. એમનું સત્ય પ્રત્યેનું વલણ તથા નિષ્ઠા એમનાં લેખન અને જીવનમાં પ્રતિબિંબિત થાય છે. ધીમી ઠેસે હીંચકે ઝૂલતાં ઝૂલતાં રાજકારણ, ધર્મ, જીવન, તત્ત્વજ્ઞાન, પંખીના અવાજ, ઋતુઓના પરિવર્તન, વ્યાધિના ઉપચાર-આમ સમગ્ર જીવનને આવરીને ચિંતન કરતા એ એક મનીષી છે. એમની ચિત્તવીણા સજેલી જ રાખી હોય છે ને તેમાંથી તરત જ તારના સૂર નીકળતા હોય છે.'

તેમની સાહિત્ય-વિભૂતિનો પરિચય શ્રી અનંતરાય રાવળ જેવા આપણા સંમાન્ય વિદ્વાનના શબ્દોમાં જ કરવો યથાર્થ થશે:

'પાશ્ચાત્ય તથા ભારતીય સાહિત્યના સિદ્ધાંત તેમ પ્રશિષ્ટ સાહિત્યના પરિશીલનથી વિવેચક તરીકે અધિકારસંપન્ન બનેલા આ અધ્યાપક પાસે સાહિત્યસૌંદર્યની મર્મજ્ઞ સૂક્ષ્મ દૃષ્ટિ, ગુણદોષ-વિવેક, કવિનું હૈયું અને મિતભાષી તથા અવારનવાર સાહિત્યિક છટા ઝબકાવતી સંમાર્જિત ગદ્યશૈલી છે, જે એમની વિશિષ્ટ વિવેચના-સંપત્તિ છે. કોઈ પ્રકારના પૂર્વગ્રહ અંગત રાગદ્વેષ કે આગ્રહો એમને પીડતા નથી એ પણ એક મોટી વાત છે. એને લીધે એ કર્તાઓને અને કૃતિઓને સમુદાર સહૃદયતાથી આસ્વાદી-વિવેચી શકે છે. વિષ્ણુભાઇ (અનુ૰ પૃ. ૫૨૫મે)

ડાબી બાજુ બેઠેલાં : પત્ની શાન્તાબહેન; વચ્ચે માતુશ્રીના ખોળામાં પુત્રી વસતિકા; તથા વિષ્ણુભાઈ



લેખક · ડૉ. કૈલાસનાથ કાટજુ

પૈડાંનાં નિશાન

મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન ડૉ. કૈલસનાથ કાટજુની કલમની વાનગી (તેમનાં માતા તથા પિતાનાં રેખાચિત્રો)-થી વાચકો પરિચિત થઈ ગયા છે. આ કથાનકથી વાચકો એમની એક નવી સૃષ્ટિમાં પ્રવેશે છે. રાજકારણમાં પડ્યા અગાઉ ડૉ. કાટજુ અલ્લાહાબાદ હાઇકોર્ટના નામી વકીલ તરીકે દીવાની તથા ફોજદારી બંનેમાં ધીકતી પ્રૅક્ટિસ ધરાવતા હતા. એમાં પોતે ચલાવેલા જે કેટલાક રસદાયક દાવા સંસ્મરણરૂપે એમણે નોંધ્યા છે, તેમાં સમાજ અને માનવ મનના વિશ્લેષણ સાથે તે તે કાયદાના ઉકેલ લાવતી એમની બુદ્ધિના ચમકાર એ પ્રત્યેક કથાનકમાં દિલચસ્પ વાર્તારસ જમાવે છે. આગામી વર્ષમાં પણ ચાલુ રહેનારા એ સંસ્મરણો પૈકીનું એક આકર્ષક કથાનક.

અનુવાદક · માણેકલાલ ગો. જોષી

ફોજદારી મુકદમાઓમાં આરોપી કાચી જેલમાં હોય છે, તેથી વકીલને પોતાના અસીલ તરફથી કોઈ ખાસ મદદ મળતી નથી. ઉપરાંત અદાલતમાં આરોપી મોટે ભાગે ગુનાના સ્થળે પોતે હાજર જ ન હતો તેવું વલણ અખત્યાર કરતો હોય છે, કે જે કાં તો સાવ જૂઠું હોય છે, યા તો જે સહેજમાં જૂઠું સાબિત થઈ જતું હોય છે.

આ સિવાય હિંદુસ્તાનમાં આરોપીની સૌથી પહેલી પ્રવૃત્તિ હમેશાં એવી હોય છે કે તે બની શકે તેટલો ગુનાના સ્થળથી દૂર ચાલ્યો જાય છે, કે જેથી તે પાછળથી એમ કહી શકે કે પોતે ત્યાં હાજર નહોતો. એક માણસની બાબતમાં એમ કહેવામાં આવે કે તેણે કલકત્તામાં અમુકનું ખૂન કર્યું છે અને તે માણસ એમ કહે કે તે વખતે તો પોતે લાહોરમાં હતો, ત્યારે તેના વકીલને માટે ભારે ગહન મુશ્કેલી ઊભી થઇ જાય છે. એવી પરિસ્થિતિમાં વકીલ મુકદ્દમાના બીજા લાભદાયક મુદ્દાઓ પોતાની બુદ્ધિ અને અનુભવથી શોધી કાઢી તેના ઉપર જ નિર્ભર રહેતો હોય છે કે જે દ્વારા તે પોતાના અસીલને છોડાવી શકે.

અને આરોપી વ્યક્તિને ગુનાના બનાવની સચ્ચાઇ માટે પૂછવું એ નિર્દયતા તો શું બલકે મૂર્ખતા છે. એટલે હું તો આરોપી સાથે બહુ થોડી જ વાત કરતો. હું માત્ર હકીકતો વાંચી જતો અને મારા સાથીઓ જોડે મુખ્ય મુદ્દાઓ અંગે ચર્ચા કરતો. આ ચર્ચા જ વસ્તુતઃ બૌદ્ધિક શ્રમ બની જતી અને આ વિચાર-વિનિમયમાં અમે શેરલૉક હોમ્સના બધા નિયમોનો અમલ કરતા.

દાખલા તરીકે તમે એક એ જ વિચિત્ર નિયમને લો, કે તમે એક માણસ યા ગતિશીલ વસ્તુનો પીછો પકડો છો, અને તમારી શારીરિક અવસ્થામાં એ માણસ યા વસ્તુનું એ પરિસ્થિતિમાં ઉત્તર, દક્ષિણ અને પૂર્વ દિશામાં જવું તમને અસંભવિત ભાસે છે. તે વખતે તમને ગમે તેટલી શંકા હોવા છતાં પણ, તે વ્યક્તિ યા વસ્તુની જવાની દિશા તમે પશ્ચિમ જ માની લેશો, અને તે જ દિશામાં તપાસ કરવા મંડી પડશો. આ નિયમ છે તો મામૂલી જેવો, પરંતુ મોટે ભાગે એ નિયમની ઉપેક્ષા કરવામાં આવે છે. શેરલૉક હોમ્સના આ સરળ નિયમને આધારે શિવમંગળસિંહ ફાંસીને લાકડે લટકતો બચી ગયો હતો.

મારા વકાલતી જીવનમાં એ મુકદ્દમો ખૂબ જ યાદગાર બની ગયો છે. માત્ર એક જ વસ્તુને કારણે એક માણસ મૃત્યુના મોમાં પહોંચેલો સાફ બચી જાય, એવો અનુભવ મને પહેલાં ક્યારે ય થયો ન હતો. એમાં સાચું શું હતું તે હું જાણતો નથી; તેમ અલ્લાહાબાદ હાઇકોર્ટમાં અપીલ વખતે એ હાજર થયો હતો તે દિવસ સિવાય મેં શિવમંગળસિંહને ફરી ક્યારે ય જોયો પણ ન હતો. સેશન્સ કોર્ટમાં ફરિયાદ પક્ષે એ કિસ્સો આવી રીતે રજૂ કર્યો હતો:

એક ખેડૂતે એક દિવસ બપોરના પોતાના ખેતરમાં લોહીના મોટા-મોટા ડાઘા જોયા. ખેતર ગામથી જરા દૂર એક નહેરના કિનારે હતું. નહેરના કિનારે કિનારે જતી સડક થોડેક દૂર એક બીજા જ ગામડાની કાચી સડકને મળતી હતી, જે ઉત્તરથી દક્ષિણ જતી હતી. ખેતરમાં લોહીના એ ડાઘા જોઇ ખેડૂત ખૂબ વિમાસણમાં પડી ગયો. તેણે ગામમાં જઈને ચોકીદારને ખબર આપી. તરત જ ચોકીદારે ખેડૂત સાથે ખેતરે જઇને એ બાબતની ખાતરી કરી, અને પોતે જે જોયું હતું તેનો પોલીસ થાણે જઈને રિપોર્ટ કર્યો. એટલે ફોજદાર એક સિપાહી સાથે એ બનાવના સ્થળે જઇ પહોંચ્યો. તે વખતે સૂરજ આથમવા આવ્યો હતો. ફોજદારે ધ્યાનપૂર્વક ખેતરમાં બધે તપાસ કરી. ખેતરમાં એક સ્થળે લોહીનું ખાબોચિયું તથા એક દેશી જોડો નજરે પડ્યા. ત્યાંથી આગળ જતાં કોઈ માણસ યા વસ્તુને ખેંચીને લઈ જવામાં આવ્યું હોય તેવું નિશાન તેની નજરે પડ્યું. એ નિશાન તેને નહેરના કિનારાની જોડેજોડે જતી પેલી સડક પર લઈ ગયું. ત્યાં તેણે બે પૈડાનાં નિશાન જોયાં. એ પૈડાંનાં નિશાને નિશાને તે આગળ વધ્યો અને અંતે તે લાંબી પહોળી સડક પર જઈ પહોંચ્યો. ત્યાં અટકીને તેણે જોયું કે પૈડાંનાં નિશાન ઉત્તર અને દક્ષિણ બંને તરફ જતાં હતાં.

તેણે સેશન્સમાં જે જુબાની આપી હતી તે મુજબ પહેલાં તે ઉત્તર દિશા તરફ ગયો હતો. તેમાં તેણે જોયું હતું કે એ નિશાન લગભગ ૧૦૦ વાર સુધી એક પહોળી પરંતુ સખત જમીન સુધી ગયાં હતાં અને પછી ત્યાં તેનો અંત આવી ગયો હતો. તેને થયું કે આ તો ખોટે માર્ગે જઇએ છીએ, એટલે તે ત્યાંથી પાછો ફર્યો હતો અને પછી દક્ષિણ દિશા તરફ વળ્યો હતો. એ રસ્તે તેને વધુ સફળતા મળી, કેમકે બે ફર્લાંગ સુધી પૈડાંનાં સ્પષ્ટ નિશાન નજરે પડતાં હતાં અને પછી વૃક્ષોના એક ઝુંડમાં તે અદૃશ્ય થઇ ગયાં હતાં. આ હતી એ જ જગ્યા કે જ્યાં ભારે ભયંકર ઘટના બની હતી; કેમકે ત્યાં સુકાઇ ગએલા લોહીના મોટાં મોટાં ધાબાં પડેલાં હતાં અને પૈડાંનાં નિશાન ત્યાંથી આગળ નહોતાં જતાં. સ્પષ્ટ થતું હતું કે અહીં કોકનું ખૂન કરવામાં આવ્યું છે. ચારે તરફ ખેતરોમાં પાક ઊગ્યો હતો, એટલે ગામલોકો તપાસ કરવા આમતેમ બધે વિખેરાઇ ગયા. એક ખેતરમાં એક જગ્યાએ તાજી જ માટી દબાવેલી દીવેલી નજરે પડી; અને તેને ખોદતાં તેમાંથી એક પોટલું મળ્યું, જેમાં કેટલાંક કપડાં હતાં અને એક ચોપડો લપેટેલો હતો. થોડી વાર મગજ કસતાં લોકોએ એ પોટલાને ઓળખી કાઢ્યું કે એ તો રામનારાયણ ફેરિયાનું છે. એ ફેરીવાળો દર અઠવાડિયે હાથલારીમાં માલ લઇને આજુબાજુનાં બજારોમાં જતો અને એ ચોપડામાં તેના ઘરાકોના હિસાબ રાખતો. આ ખેતર શિવમંગળસિંહનું હતું.

એ દરમ્યાન અંધારું થઇ ગયું હતું, એટલે ફોજદાર તેના સિપાહી સાથે ગામમાં પાછો ફર્યો, અને તેણે જમીનદારના ઘરમાં રાત ગુજારી. બીજે દિવસે તેણે જે કર્યું તેથી તો બધો મામલો જ ફરી ગયો. તેણે આપેલી જુબાની મુજબ તેણે પોતાની તપાસ સામાન્ય પ્રકારે જ ચાલુ

રાખી હતી અને આ બાબતમાં તેણે કાંઈ ખાસ ખાંખદ બતાવી ન હતી તેણે શિવમંગળસિંહને બોલાવ્યો, પણ તે ગામમાં હાજર નહોતો. ફોજદારે ગામનાં માણસો સાથે આ મામલા અંગે સામાન્યરૂપે ચર્ચા કરી; પરંતુ જ્યારે એ ઘટનાસ્થળ પર જવા તૈયાર થયો, તે વખતે લોકોએ તેને થોડી વાર થોભી જવાનું કહ્યું, અને જણાવ્યું કે શિવમંગળસિંહ આવી ગયો છે અને તે આ બાબતમાં કાંઈક માહિતી આપી શકે તેમ છે.

થોડી વાર બાદ એ લોકો શિવમંગળસિંહને ફોજદાર સમક્ષ લઈ આવ્યા અને શિવમંગળસિંહે બધું જાહેર કરી દીધું. તેણે એ કબૂલ કર્યું કે પોતે રામનારાયણનું ખૂન કર્યું છે ને તેનાં વસ્ત્રોને પોતે પોતાના ખેતરમાં દાટચા છે અને તેના શબને અઢી માઈલ દૂર એક જંગલના કૂવામાં ફેંકી દીધું છે. તેણે એ કૂવો ક્યાં આવ્યો છે તે પણ બતાવ્યું. ફોજદાર ગામનાં માણસો સાથે એ કૂવે પહોંચ્યો, પરંતુ શિવમંગળસિંહ તેમના ભેગો ન હતો. ફોજદારે જુબાનીમાં જણાવ્યું હતું કે પોતાની પાસે તે વખતે માત્ર એક જ પોલીસ હતો. એટલે શિવમંગળસિંહને કૂવા સુધી સાથે લઈ જવામાં પોતાને દહેશત લાગેલી, કે કદાચ તે રસ્તામાથી નાસી છૂટે. તેથી ફોજદારે તેને જમીનદારના ઘરના એક ઓરડામાં પૂરી બહાર તાળું માર્યું હતું અને તેની ચોકી કરવા પોલીસને ત્યાં મૂક્યો હતો.

કૂવામાં ઊતરીને રામનારાયણનું શબ બહાર કાઢવામાં આવ્યું. એ પછી ફોજદાર તથા ગામના માણસો ગામમાં પાછા ફર્યા અને શિવમંગળસિંહની વધુ તપાસ કરવા માડી. તેણે એક્કાનો પણ પત્તો બતાવી દીધો. એક્કાનો બેસવાનો ભાગ અને પૈડાં અલગ અલગ હતાં. બેસવાનો ભાગ તો ઘર પાસે જ હતો, અને પૈડાં એક ખેતરમાં તુવેરના છોડવા અને ઘાસના ઢેર નીચે છુપાવેલાં હતા. ફોજદારની આ જુબાનીને એ ગામના બીજા પણ કેટલાક માણસોની જુબાનીનો ટેકો હતો, અને એ લોકોમાંથી કોઇને ય શિવમંગળસિંહ પ્રત્યે કશો દ્વેષભાવ ન હતો. શિવમંગળસિંહે ગુનો જાતે કબૂલ્યો હતો, તે વાતને એ સૌએ ટેકો આપ્યો હતો. તેમના કહેવા મુજબ તો શિવમંગળસિંહને ફોજદાર પાસે લાવવામાં આવ્યો તે પહેલા જ તેણે તેમની સમક્ષ ગુનો કબૂલ્યો હતો.

પરંતુ આ ગુનાનેનજરે જોનાર સાક્ષી કોઇ ન હતો. આખો ય મુકદમો શિવમંગળસિંહની કબૂલાત તથા તેણે શબ તથા એક્કા અંગે આપેલી માહિતી પર જ નિર્ભર હતો. જો આ પુરાવો વિશ્વસનીય હતો—અને જજે પણ તે શબ્દશઃ માની લીધો હતો—તો તો શિવમંગળસિંહને ફાંસી મળે એ પણ ચોક્કસ હતું. તે મુજબ તેને ફાસીની સજા થઈ અને એ સજા સામે તેણે હાઇકોર્ટમાં અપીલ કરી, તે મારી પાસે આવી.

મેં સાક્ષીઓના જુબાનાઓ વાંચી તો એમાં તો કાંઈ વિરોધ ભાસ ન દેખાયો. બધા જ સાક્ષીઓ સારા માણસ લાગતા હતા અને શિવમંગળસિંહને ફાંસીને માંચડે ચડાવી દેવામાં તેમનો કોઈ હેતુ હોય એવું દેખાતું નહોતું. પરંતુ હિંદુસ્તાનમાં મૌખિક જુબાનીને મહત્વ આપવામાં કોઇ નિર્ણયાત્મક અંશ નથી હોતો. એક માણસ અદાલતોમાં જૂઠી સાક્ષી કેમ પૂરે છે, તેનું કારણ યા ઉદ્દેશ જાણી લેવો એ પણ ક્યારેક ક્યારેક ભારે મુશ્કેલ બની જાય છે. એમાં બહુધા પોલીસ કે ફોજદાર પક્ષને ટેકો આપવાની વૃત્તિ જ કામ કરતી હોય છે. આ વિષયમાં કેટલી યે વાર મારે એવા પ્રસંગો પડ્યા છે કે જ્યારે જજે મને વિપરીતસ્થિતિમાં મૂકી દીધો હતો અને ત્યારે અમુક સાક્ષી શા માટે જૂઠું બોલતો હતો તે સવાલનો જવાબ આપવાનો મેં ઇનકાર કર્યો હતો, કેમકે એ સવાલનો જવાબ આપવો મારે માટે અસંભવિત હતો.

આ ખાસ મુકદ્દમામાં સાક્ષીઓ વિરુદ્ધ તો મારે કાંઇ કહેવા જેવું હતું નહિ, પરંતુ એક વાતનું મને ભારે આશ્ચર્ય થયું, કે ફોજદાર જ્યારે કૂવામાંથી શબ બહાર કાઢવા ગયો ત્યારે શિવમંગળસિંહને તે સાથે નહોતો લઇ ગયો. જ્યારે પણ પોલીસ આરોપીના બતાવ્યા મુજબ કોઈ વસ્તુની ખોજ કરવા જાય છે ત્યારે તે વસ્તુની ખોજ વખતે આરોપીને ખસૂસ હાજર રાખવામાં આવે છે, અને વસ્તુતઃ એ જ વ્યક્તિ ઘટનાસ્થળેથી વસ્તુ શોધી કાઢવાનો માર્ગ બતાવતી હોય છે. શિવમંગળસિંહને એટલા માટે લઈ જવામાં નહોતો આવ્યો કે તે પોલીસના કબજામાંથી નાસી જશે એવો ડર હતો. પણ એ વાત મારે ગળે ન ઊતરી. શું એમ ન માની શકાય કે કૂવામાથી શબની પ્રાપ્તિ કોઈ બીજા જ કારણસર થઇ હતી?

પરંતુ જો શિવમંગળસિંહે પોલીસને માહિતી આપી ન હોત તો પોલીસ શબની બાબતમાં ક્યાંથી કશું જાણી શકત? આ એક વિચારવા જેવો પ્રશ્ન હતો, કારણ કે આ કૂવો રોજિંદા અવરજવરના રસ્તેથી ઘણો આઘે એક જંગલમાં આવેલો હતો, અને કોઈ પણ પોલીસ અમલદારને ચોક્કસ માહિતી વિના યા કોઈ ચોક્કસ કારણ વિના ત્યાં શોધવા જવાનો વિચાર પણ આવી શકે તેમ ન હતો.

અહીં મને એક ખાસ કાગળ મળ્યો, જે મને ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને એ સારાય ભેદને સ્પષ્ટ કરતો જણાયો. પરંતુ નીચલી અદાલતે તેના ઉપર જરા પણ લક્ષ આપ્યું નહોતું. એ કાગળ હતો ઘટનાસ્થળનો નકશો, જે ફોજદારે પોતાની જુબાની વખતે ક્યાં ક્યાં અને કેવી રીતે શોધખોળ કરી હતી, તેની વિગતો આપતી વખતે રજૂ કર્યો હતો. એ નકશામાં, હું જે જે વાતોનો ઉલ્લેખ કરી ચૂક્યો છું, એ બધી સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી હતી. પરંતુ ઉત્તર દિશામાં આ નકશો એક કહાણી રજૂ કરતો હતો. પૈડાંનાં નિશાન ઉત્તર દિશામાં થોડે દૂર સુધી સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યાં હતાં, અને એ પછી ૫૦-૭૫ વારનો એક સપાટ અને કઠણ ભૂમિનો વિસ્તાર આવતો હતો, કે જેના પર કોઈ જ નિશાન ન હતું. ત્યાર બાદ પુનઃ પોચી જમીન આવતી હતી, અને નિશાન ફરી શરૂ થઇ જતાં હતાં, અને એ ઘણે લાંબે સુધી જતાં હતાં. પછી ત્યાંથી એકાએક એ જમણી બાજુ વળી જતાં હતાં, અને એ સીધાં કૂવા સુધી પહોંચતાં હતાં.

એ નકશો જોતાંવેંત જ મને થયું કે ફોજદાર શિવમંગળસિંહે આપેલી માહિતીને આધારે કૂવે નહોતો ગયો, પરંતુ આ પૈડાંનાં નિશાનનું જ એ પરિણામ હતું, અને આ નિશાન જ મૂળભૂત માહિતી આપતાં હતાં. પોલીસે પોતાની કરામતથી જ બિચારા શિવમંગળસિંહને માથે માહિતી આપવાની વાત લાદી દીધી હતી!

મેં મનમાંને મનમાં જ અનુમાન કર્યું કે જો શેરલૉક હોમ્સ જેવાને આ તપાસનું કામ સોંપવામાં આવ્યું હોય તો એ શું કરે? શિકારી કૂતરાની જેમ તે એવો પીછો પકડે. એ ફોજદારની જેમ સવારનો બત્રો ય વખત ગામમા ન ગુમાવે, બલકે અંધારામાં જ ઊઠીને ઘટનાસ્થળ તરફ ચાલવા માંડે. જો જરૂર જણાય તો દક્ષિણ છેડાને ફરીથી તપાસી આવે અને જો તેને એમ લાગે કે એ ચોક્કસ છેલ્લો છેડો છે તો તે પોતાની જાતને કહે, 'એક્કા કંઇ હવામાં અદશ્ય નથી થઈ જતા. જો એક્કો દક્ષિણ તરફ નથી ગયો, અને પૂર્વ તથા પશ્ચિમનો પ્રશ્ન જ ઉત્પન્ન નથી થતો તો ચોક્કસ એ ઉત્તર તરફ જ ગયો હોવો જોઇએ; એટલે મારે ઉત્તર દિશામાં જ તપાસ કરતાં આગળ વધવું જોઇએ.' તેથી તે પુનઃ ઉત્તર દિશા તરફ પાછો વળે અને કઠણ જમીનના વિસ્તારને જોયા બાદ તે આગળ વધે. એ પછી આગળ જતાં તેને ફરી પૈડાંનાં નિશાન મળી આવે, કે જે તેને સીધાં કૂવા પર લઇ જાય.

ફોજદારની આખી યે જુબાનીનો હેતુ શિવમંગળસિંહને ફસાવવાનો હતો. તેને શબ મળી આવ્યું હતું; અને વસ્ત્રોનું પોટલું શિવ-

મંગળસહના ખેતરમાંથી મળી આવ્યું હતું, તે પરથી સાચો ગુનેગાર શિવમંગળસિંહ હતો અને તેને આ ગુનામાં સંડોવી શકાય તેમ છે, એવો તેણે વિચાર કર્યો હશે. એટલે જ્યાં સુધી શિવમંગળસિંહના જીવનનો પ્રશ્ન હતો ત્યાં સુધીનો એકમાત્ર એ મૃત દેહ જ આ કિસ્સામાં સૌથી મોટું પ્રમાણ હતું. આ દૃષ્ટિથી વિચાર કરતાં મને એ ખૂબ જ સ્વાભાવિક જણાયું અને અદાલતમાં પણ તે જ રીતે એ કિસ્સો રજૂ કરવાનો મેં નિર્ણય કર્યો.

એની સુનાવણી હું કયારેય નહિ વીસરી શકું. અપીલ અલ્લાહાબાદ હાઇકોર્ટના બે આગેવાન ન્યાયાધીશો, સર જેમ્સ આલસપ તથા શ્રી ગંગાનાથ સમક્ષ નીકળી હતી. જેવો હું અદાલતમાં દાખલ થયો એવું જ મેં જોયું કે શિવમંગળસિંહ આંગણામાંથી મને જોઈ રહ્યો હતો. તેનો ચહેરો પીળો પડી ગએલો હતો. તેણે નમસ્કાર કર્યા. મેં એ નમસ્કારનો સ્વીકાર કર્યો, પરંતુ તેની સાથે કશી વાત ન કરી. વાત કરવાથી કશો ફાયદો પણ નહોતો. લગભગ સાડા દસ વાગ્યે અપીલની સુનાવણી શરૂ થઇ. મેં ટૂંકાણમાં મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા. મારી હકીકતને ટેકો મળે અને તેની જજો પર અસર પડે તે માટે મેં તેમની પાસે જવાની રજા માગી. તેમની પાસે જઈ મેં ઘટનાસ્થળનો નકશો તેમની સમક્ષ રજૂ કર્યો, અને તેનું આશ્ચર્યજનક પરિણામ આવ્યું.

મેં ચાળીસ મિનિટ કરતાં પણ ઓછો સમય લીધો હશે, પરંતુ મારી હકીકત વિદ્વાન જજોને ગળે ઊતરી ગઈ. સરકારી વકીલ મિ. મોહમ્મદ ઇસ્માઇલ હતા. તરત જ સર જેમ્સ આલસપે તેમને પૂછ્યું, 'કહો, શું કહેવું છે? હું માનું છું કે ડૉ. કાટજુએ જે હકીકત રજૂ કરી છે તે જ સાચી હકીકત છે.'

મિ. ઇસ્માઇલે શિવમંગળે ગામના માણસો સમક્ષ ગુનો કબૂલ કર્યાની તેની મૌખિક જુબાનીની વાતનો ઉલ્લેખ કર્યો, પરંતુ સર જેમ્સ પર તેની કશી અસર ન થઈ. તેમણે તો કહ્યું કે એવી કહેવાતી જુબાનીના આધાર પર આ સજા કાયમ રાખી શકાય નહિ. એક્કાનાં નિશાન જ આ મુકદ્દમામાં નિર્ણયાત્મક તત્ત્વ છે. એક કલાકની અંદરઅંદર જ તેમણે પોતાનો ચુકાદો લખી નાખ્યો. એ દરમ્યાન એક બીજી અદાલતમાં મારે હાજર થવાનું હોઈ મને માણસ બોલાવવા આવ્યો. જેવો હું ઓરડાની બહાર નીકળ્યો તેવો જ શિવમંગળસિંહે મને જોયો. તેને થયું કે હું તેની અપીલ અધવચ્ચે જ છોડીને ચાલ્યો જતો હતો તેથી મેં તેને માત્ર એટલું જ કહ્યું, 'તમે છૂટી ગયા!'

તેને પોતાના કાન પર વિશ્વાસ ન આવ્યો અને ફાટેલા ડોળે અને કંપતે અવાજે તેણે બૂમો પાડવી શરૂ કરી: 'હું છૂટી ગયો! હું છૂટી ગયો!'

પર્વતારોહણની તાલીમ




લેખન અને ફોટો
અશ્વિન મહેતા

ગાયે વર્ષે ૧૫ હિમાલયપ્રેમીઓની એક સમિતિએ શ્રી તેનસિંગ ને બ્રિગેડિયર ગિયાનસિંહના સહકારથી, મુંબાઈ પાસેની પારસિક ટેકરીઓમાં પર્વતારોહણના અતિ મહત્ત્વના અંગ 'રૉક-ક્લાઈમ્બિંગ'ની તાલીમ આપવાના કોર્સ (અભ્યાસવર્ગ) ગોઠવ્યા હતા. દાર્જિલિંગના 'હિમાલયન માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટિટ્યૂટ'ના ત્રણ શેરપા શિક્ષકોએ ચાર-ચાર દિવસના પાંચ કોર્સમાં લગભગ સવાસો યુવક-યુવતીઓને તાલીમ આપી હતી. યુવતીઓ માટેના વર્ગ ખાસ જુદા રાખવામાં આવેલા; જોકે તેમાં પણ બીજા અભ્યાસવર્ગ જેટલી જ સહેલી-અઘરી વસ્તુઓ શીખવવામાં આવેલી.

પર્વતારોહણને સહેજે ત્રણ વિભાગમાં વહેંચી શકાય: ૧) ટ્રેકિંગ (એટલે ઘુમક્કડ)માં સહનશક્તિ ઉપરાંત બીજી કશી વિશેષ તાલીમની જરૂર રહેતી નથી. ૨) આઇસ ઍન્ડ સ્નો ક્લાઇમ્બિંગ—જેમાં તાજા ને પોચા તથા જામી ગએલા પથ્થર જેવા બરફમાં, હિમનદીમાં કે હિમપ્રપાતમાં ચાલવાનું કે ચડવાનું રહે છે. ૩) રૉક-ક્લાઇમ્બિંગમાં પહાડના કોરા પથરાળ ભાગોમાં ને સીધા ખડકો ઉપર ચડવાનો સમાવેશ થાય છે. છેલ્લા બે પ્રકારના પર્વતારોહણનું પોતાનું આગવું એવું શાસ્ત્ર છે ને તેમાં અનેક નાનાંમોટાં સાધનો તથા પદ્ધતિઓ (ટેકનિક)નો ઉપયોગ થાય છે. પગપાળા પ્રવાસ કે ચડાણ કરતાં આમાં પ્રકૃતિના,—તેના ભીષણસુંદર અંશોના, પ્રત્યક્ષ પરિચય કેળવવાનો ને સાહસવૃત્તિ ખીલવવાનો પૂરતો અવકાશ રહે છે.

રૉક-ક્લાઇમ્બિંગનો સૌથી મોટો ફાયદો તો એ છે કે દેશભરમાં બધે જ તેને માટે પૂરતી તક છે, જ્યારે બરફમાં આરોહણ તો હિમાલય સિવાય બીજે કશે શક્ય નથી. વળી રમત કે સાહસની દૃષ્ટિએ ઊંચાઈનું મહત્ત્વ ઘણું ઓછું છે. પચાસ ફૂટ ઊંચો ખડક પણ જુદીજુદી દિશાએ ચડો-ઊતરો તો સારી એવી શક્યતાઓ ઊભી કરે છે અને દંઈક કર્યાના—ચડયાનો નરવો આનંદ આપે છે. હાથ ને પગનાં આંગળાંના બુદ્ધિપૂર્વકના વપરાશ ને વિશિષ્ટ પ્રકારની ચપળતામાંથી પરિણમતું શરીરનું સમતોલન આમાં મહત્ત્વનાં છે.

મુંબાઇની પારસિક ટેકરી આસપાસનો પ્રદેશ રૉક-ક્લાઇમ્બિંગની તાલીમ મેળવવા ને શીખેલું પાકું કરવા માટે આદર્શ છે. ૧૦-૧૫ ફૂટથી



યુવતીઓ 'ક્રૅક' પર તાલીમ લેતી વખતે



ખૂબ સીધા ખડક કે બરફ પરથી ઊતરવા માટે આ રીત-રૅપેલિંગ વપરાય છે. તેમાં આખા શરીરનું વજન પગ વડે ખડક પર ટેકવી, થોડીથોડી દોરી છોડતા રહી, કૂદકા મારી સડસડાટ નીચે ઊતરવાનું હોય છે. ઉપર દોરીનો એક છેડો શેરપા-શિક્ષકે પકડ્યો છે.

માંડીને ૩૦-૪૦ ફૂટ ઊંચા ખડકો—નર્સરી રૉક્સ આ રમતની બારાખડી ઘૂંટવા ને ખૂબીઓ શીખવા માટે પૂરતા પ્રમાણમાં વિખેરાએલા પડ્યા છે. વળી આસપાસની ટેકરીઓનાં વૃંદમાં બીજે જવલ્લે જ જોવા મળતી આકાર ને ઉઠાવની વિવિધતા છે. ઊંચાણના સીધા પાડો પર છૂટાછવાયા ઘાસ સિવાય કશું ઊગેલું યે નથી, એટલે આરોહકને ઝાડછોડનો આધાર મળતો નથી. તેણે રૉક-ક્લાઇમ્બિંગની શાસ્ત્રીય પદ્ધતિઓનો જ આશરો લેવો પડે છે અને જાતને પહાડ સાથે ટકરાવવી પડે છે.

આ વર્ષે ૧૯મી ડિસેમ્બરથી ત્રણ બુનિયાદી (બેઝિક) ને ત્રણ ઉત્તર-બુનિયાદી (ઍડવાન્સ્ડ) કોર્સ ગોઠવવાનું નક્કી કર્યું છે. બીજા કોર્સમાં સફળ થએલા વિદ્યાર્થીઓમાંથી ૧૯૬૧ની ગ્રીષ્મમાં બદરીનાથ પાસેની 'વૅલી ઑવ ફ્લાવર્સ'માં યોજનારા કોર્સ માટે ચૂંટણી થશે. ત્યાં ૧૩,૦૦૦થી ૨૦,૦૦૦ ફૂટ સુધીના પર્વતારોહણની તાલીમ પંદરપંદર દિવસની ત્રણ શિબિરમાં અપાશે. વધુ માહિતી માટે માઉન્ટની બરિંગ કમિટી, સિન્ધિયા હાઉસ, બૅલાર્ડ એસ્ટેટ, મુંબાઈ એ સરનામે લખવું.


વિમાનનો વડવો પતંગ

'રામ એક દિન ચંગ ઉડાઇ, ઇન્દ્રલોકમેં પહુંચી જાઈ;
સુરપતિસુતવધૂ ચંગ નિહારી, પકડ લીન અસ હૃદય બિચારી:
જાસુ ચગ અસ સુંદર તાઈ, સો જન ત્રિભુવનમેં અધિકાઇ.
ઈહાં રામ પકડી ચંગ જાની, કહેહુ જાહુ દેખરું કપિ માની.'

એક દિવસ રામચંદ્રજીએ પતંગ ચગાવ્યો તે ઇન્દ્રલોકમાં પહોંચ્યો. ઇન્દ્રની પુત્રવધૂએ એ પતંગ જોઈને તેને પકડી લીધો. (પતંગની સુંદરતા જોઇ) એ હૃદયમાં વિચારવા લાગી કે જેનો પતંગ આટલો સુંદર છે એ માણસ જરૂર ત્રણે ભુવનમા ચડિયાતો હોવો જોઇએ. રામચંદ્રજીએ પતંગ પકડાઈ ગયો જાણી હનુમાનજીને કહ્યું કે 'હે માનનીય વાનર, તમે જાઓ અને જુઓ...'

રામચંદ્રજીના વખતમાં પતંગ હતા કે નહિ એ તો કોણ જાણે, પણ પતંગની શોધ ક્યારે અને કેમ થઈ એ વિષે આજલગી કશી ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ એટલું ખરું કે તુલસીકૃત રામાયણની આ લીટીઓ પ્રમાણે તુલસીદાસજીના કાળમાં તો ભારતમાં પતંગ હોવા જોઇએ. એમ તો એવો પણ ઉલ્લેખ મળે છે કે અઢારમી સદીમાં થઈ ગએલા લખનૌના અસફ઼ ઉદ્‌દૌલાનાએ પતંગની શરૂઆત કરેલી. પણ આ અને આવાં અનેક અનુમાનો અને ઉલ્લેખો છતાં પતંગની શરૂઆત વિષેની સચોટ અને ખરી માહિતીનો અભાવ છે.

પૂર્વના દેશોમાં મનોરંજનાર્થે—અને કેટલેક ઠેકાણે વહેમો તથા રસમોરિવાજ તરીકે યા ધાર્મિક રૂપમાં પતંગનું જે મહત્ત્વ સ્વીકારાયું છે એ પરથી લાગે છે એની શોધ પૂર્વમાં જ થઈ હોવી જોઇએ. ચીનમાં તો લગભગ ચાર હજાર વર્ષથી તેની લોકપ્રિયતા હજી એવી ને એવી જ ટકી રહી છે. ત્યાં વર્ષના નવમા માસના નવમા દિવસને ખાસ પતંગ-દિન તરીકે ધામધૂમથી ઊજવવામાં આવે છે. જગતભરમાં ક્યાં ય જોવા ન મળે એટલા આકારો અને રંગનાં વૈવિધ્યવાળા ચીનના પતંગો કદમાં પણ એવા જ મોટા હોય છે. છતાં જાણીને નવાઈ લાગશે કે આપણા જેવા ચોખૂણિયા પતંગો તો હજી હમણાંહમણાં જ ત્યાં દાખલ થયા છે!



પતંગના કેટલાક પ્રકારો. મથાળેથી અનુક્રમે: સંકેલી શકાય તેવો ખોખા જેવો પતંગ, ઍરોપ્લેન જેવો પેટી-પતંગ, તોફાની પવનમાં ઉડાડાતો પતંગ, હોડીના સઢ આકારનો પતંગ, પક્ષી આકારના બે પતંગો, પૂંછડીવાળો લાંબો ફૂમતેદાર પતંગ, માછલી આકારનો ચીની પતંગ, હાર્ગ્રેવનો ખોખા જેવો પતંગ, અને છેલ્લે વૈજ્ઞાનિક નિરીક્ષણો તથા લશ્કરી ઉપયોગ માટેના બે પતંગો.

ચીન ઉપરાંત જાપાન, કોરિયા, અનામ, મલય વગેરેમાં પણ પતંગને રાષ્ટ્રીય મહત્ત્વ અપાયું છે. અરધી સદી પહેલાં તો આ શોખ ત્યાંના પ્રજાજીવનમાં એટલો વણાઇ ગએલો હતો કે ગ્રાહકની રાહ જોતો નવરો વેપારી પણ દુકાન છોડી પતંગ ચગાવવામાં મશગૂલ થઈ જતો. સિયામમાં તો આપણા દશેરા જેવો મોટો ઉત્સવ રાજ્ય તરફથી ઊજવાતો રહેલો, જેમાં પતંગને ખૂબ મહત્ત્વનું સ્થાન હતું. બ્રહ્મદેશમાં પણ પતંગની લોકપ્રિયતા સારીપેઠે છે. ન્યૂ ઝીલૅન્ડના આદિ વતની માઓરીઓમાં પણ પતંગનું ઘણું મહત્ત્વ છે.

જોકે પતંગનું આ બધું મહત્ત્વ સ્થપાવાનાં કારણો દેશેદેશે અલગ અલગ છે. પ્રાચીન કાળમાં ચીનમાં ઘર પર ઊડતો પતંગ બાંધી રખાતો કે જેથી અશુભ તત્ત્વો ઘરથી દૂર રહે. માઓરી લોકો પતંગ સાથે મંત્રો લખીને ઉડાડતા. ઋતુના સ્વાગતમાં પણ રંગબેરંગી પતંગો ઉડાડી લોકોએ પોતાનો આનંદ અભિવ્યક્ત કર્યો છે. પણ કોરિયામાં તો એક લશ્કરી અમલદારે પતંગ સાથે દીવો બાંધી રાત્રે એને ચૂપકીથી આકાશમાં ચડાવીને પોતાના નિરુત્સાહ થઈ ગએલા લશ્કરને એ દૂરથી દેખાડવાનો ને આકાશમાં એક નવા તારાનો ઉદ્‌ભવ થયાનું તેમના મનમાં ઠસાવીને તથા એને શુભ શકુન ગણાવીને તેમનામાં ઉત્સાહ પ્રેર્યાનો ઉલ્લેખ મળે છે. એ જ રીતે દુશ્મન-છાવણી પર રાત્રે વાંસની સિસોટી બાંધેલા પતંગો ઉડાડીને અને એ રીતે સિસોટીના ઓચિંતા તીણા સુસવાટ સંભળાવીને શત્રુઓને ગભરાવી નસાડેલાનો ઉલ્લેખ પણ છે! પતંગ સાથે વિવિધ સાંકેતિક સંજ્ઞાઓ ઉડાડીને એક છાવણીથી બીજી છાવણીમાં સંદેશાઓ મોકલ્યાના પણ ઘણા ઉલ્લેખો મળે છે. આજે પણ કોઈ સ્ટીમર ડૂબી ગઈ હોય ત્યારે તરાપા કે હોડકીમાંથી પતંગ ઉડાડીને દરિયાના જળવિસ્તારમાં હોડી કે તરાપો ક્યાં છે તેનો સ્થાન-નિર્દેશ કરાય છે. જો રેડિયો સંદેશ મોકલવાની સગવડ હોય


તો આવે વખતે પતંગ સાથે તેનું એરિયલ આકાશમાં ઊંચે મોકલવામાં આવે છે. માર્કોનીએ પણ જ્યારે સૌ પ્રથમ રેડિયો-સંદેશ એટલાંટિક મહાસાગરની પાર મોકલ્યો ત્યારે અમેરિકામાં ન્યૂફાઉન્લૅંડના રિસીવિંગ સ્ટેશને 'એન્ટિના' સાથેનો પતંગ ચડાવીને જ એ સંદેશો ઝીલેલો.

આપણા ભારતીય જીવનમાં પણ પતંગનું સારું એવું સ્થાન છે. ઉત્તર હિન્દમાં આગ્રા, લખનૌ, દિલ્હી વગેરે સ્થળોએ એક નવાબી શૉખ તરીકે પતંગ ચડાવાતા, અને હજી યે આગ્રા-લખનૌના પતંગો તથા તેના દોર વગેરે વખણાય છે. બંગાળ તરફ પણ પતંગ મનોરંજન તરીકે ઉડાડાય છે; મહારાષ્ટ્રમાં નવરાત્રીની આસપાસની ઋતુમાં પતંગ ચડાવવાનો ચાલ છે. દક્ષિણ ભારતમાં તાંજોર-રાજમહેન્દ્રી બાજુ આપણી પેઠે મકરસંક્રાંતિને દિવસે જ પતંગ ચગાવાય છે. ત્યાં તેઓ આ ઉત્સવ પાંચ દિવસ સુધી ઊજવે છે.

પણ ભારતના અન્ય પ્રદેશોમાં આપણા ગુજરાત જેટલી પતંગની લોકપ્રિયતા કદાચ ક્યાંય ન કહી શકાય. અને ગુજરાતમાં યે સુરત ને અમદાવાદ તો પતંગનાં અત્યંત રસિયાં શહેર. એમાં પણ સુરતનો પતંગશૉખ શ્રેષ્ઠ. મકરસંક્રાંતિને દિવસે પતંગ ચગાવવાનું આ મહત્ત્વ ક્યાંથી અને ક્યારથી પ્રસર્યું તેની કોઈ ચોક્કસ માહિતી મળી શકતી નથી. જોકે એટલું જાણવા મળે છે કે સરકારી દફતરોમાં મકરસંક્રાંતિની રજા પડાવવાનો ચાલ સુરતના પતંગશૉખમાંથી જ શરૂ થયો : મુંબાઈની હાઈ કૉર્ટના પહેલા ગુજરાતી જજ, સુરતના વતની સ્વ. નાનાભાઈ હરિદાસે એ રજા દાખલ કરાવેલી. આજે પણ સુરતીઓ મકરસંક્રાંતિ, તિકરાત અને પોષની અમાસને પતંગદિન તરીકે માણે છે.

ગુજરાતના આ પતંગશૉખે પતંગનું આખું એક વિજ્ઞાન સર્જ્યું છે એમ કહી શકાય. એના સંદર્ભની ભાષા પણ અનોખી જ. ઉત્તરાયણને હજી મહિનો-દોઢ મહિનો બાકી હોય ત્યાંથી તેની તૈયારી થવા લાગે. ઘરની દીવાલો પર ઉસ્તાદ માંજો ચડાવનારા-દોરી ઘસનારા જાહેરાતનાં પૂઠાં લટકાવી દે. નાના (અને કેટલાક તો મોટા) દુકાનદારો બીજી બધી વિક્રી બાજુએ ઠેલી પતંગના ઢેર દુકાનમાં ગોઠવી દે. દોરીઓના લચ્છાનાં રંગબેરંગી તોરણો દેખા દેવા લાગે. ક્યાંક ક્યાંક તો વૅકેશનોની રજાઓ કાપીને ઉત્તરાયણની રજાઓ વધારી આપવાના પણ પ્રસંગોની નોંધો મળે છે. અગાઉ તો પાઇની એક ફુદ્દી, અધેલા (અરધા પૈસા)નો કિનારી બાંધેલો જરા મોટો પતંગ, પૈસાનો પાવલો, બે પૈસાનો અડધિયો, ત્રણ પૈસાનો પોણિયો અને આનાનો આખિયો એમ સિક્કા પ્રમાણે ચડઊતર ક્રમમાં પતંગોનાં નામ સંભળાતાં. એ ઉપરાંત, આંખદાર, આંકદાર, આગ્રાસીસી, કાગડી, ગિલંદર, પટ્ટેદાર, અલ્લેદાર, કાળિયું, ચટાપટાદાર, ચોસલું, પાનદાર, ચાનદાર, જમાસજી, નાળિયેદાર, પવાલેદાર, બાજીદાર, બાવટો, બાવટાની મા, મચ્છી, લાડવેદાર, ચટકી, માથેદાર, ઢાઢું, લાકડેદાર, ફુમતેદાર, ચોફાળું, તાળિયો વગેરે નામો તો ખરાં જ. વળી સંગીતમાં રાગ પછી જેમ રાગિણી હોય છે તેમ પતંગમાં પણ પાછી પતંગડી, ફુદ્દી, લેંમડી, ઢેંચી, ફુગ્ગી વગેરે નામો પણ છે.

નામની પેઠે પતંગના કદ અને આકાર પણ વિવિધ છે એ તો આપણે જાણીએ છીએ. પણ પરદેશી-ખાસ કરીને ચીની પતંગોનાં કદ આપણા પતંગો કરતાં અતિમોટાં હોય છે. સાતઆઠ ફૂટનું કદ તો ત્યાં સહેજે જોવા મળે. તેમાં પક્ષીઓ, સર્પદૈત્યો (ડ્રૅગન), જાનવરો કે માછલીઓના અનેકવિધ આકારના પતંગો હોય છે. વાંસની ચીપોમાંથી બનાવેલા એ પતંગો પર કાં તો ડાંગરનાં ફોતરાંમાંથી બનાવેલો કાગળ કે પાતળું રેશમ લગાડેલું હોય છે. અગ્નિ એશિયામાં પણ પતંગનો ઘણો મહિમા છે. ત્યાં યે દોરને માંજો ચડાવી પેચ લડાવાય છે. મલાયાના પતંગો મોટે ભાગે પૂછડી વિનાના હોય છે. જોહોરના સુલતાને ઈ. ૧૮૦૩માં લગભગ



લગભગ ઈ.સ. ૧૬૦૦ના કાળના એક અંગ્રેજી પુસ્તકમાં આપેલું પતંગનું ચિત્ર. જમણી બાજુના ચિત્રમાં પતંગનો એક અભિનવ પ્રયોગ : મેળા કે સંમેલન વેળાએ જ્યારે ઘણા લોકો એકઠા થયા હોય ત્યારે પતંગ સાથે ઉપર દર્શાવ્યા પ્રમાણે જાહેરાતો ચગાવવાનો પ્રયોગ પણ થતો.

પંદર પ્રકારના પતંગો શિકાગો મોકલ્યાની નોંધ મળે છે. પતંગો સાથે વાંસ કે બરૂની વાંસળી બાંધી ઉડાડાય છે. તેમાંથી હવા પસાર થતાં મધુર અવાજ પણ સાંભળવા મળે છે. પૂર્વના ઘણા ભાવિક લોકો માને છે કે આ અવાજથી ડરી જઇ અનિષ્ટ તત્ત્વો પોતાના ઘરથી દૂર રહેશે.

પણ જાણીને નવાઇ લાગશે કે સદીઓથી હવામાં ઊડવાનો અત્યંત મનોગમ્ય ભેદ પતંગ સ્વરૂપે પોતાના હાથમાં જ હોવા છતાં, અને બૂમરૅંગથી માંડી પક્ષીઓનાં ઉડ્ડયનોનો અત્યંત બારીક અભ્યાસ કરવા છતાં પતંગના વૈજ્ઞાનિક ઉપયોગ તરફ માણસનું ધ્યાન બહુ ઓછું ગયું છે. વાંસની ચીપો ને કાગળની આ મામૂલી ચીજ સાધારણ ખરાબ હવામાનમાં પણ આકાશમાં તરતી કેમ રહી શકે છે એ કોયડાએ કોઇનું કુતૂહલ પૂર્વ દેશોમાં ઉત્તેજ્યું ન હતું. એ બાબતમાં તો ઇંગ્લંડમાં યૉર્કશાયરના સર જ્યૉર્જ કેલેનું ધ્યાન સૌ પહેલું પતંગ તરફ દોરાયું. હૉટ ઍંજિન, ઇન્ટર્નલ કંબશ્ચન ઍંજિન ને બંદૂકની ગોળીના એ શોધકને પતંગની રચનામાં આકાશી ઉડ્ડયનો વિષેની શક્યતાનો કંઇક આછો આભાસ થયો. તરત જ એણે તેનો રીતસરનો અભ્યાસ આદર્યો. પક્ષીઓનાં ઉડ્ડયનોની પણ વિગતવાર નોંધ કરી ને આખરે તેણે શોધ કરી કે પતંગ હવામાં તો જ ટકી શકે જો તેની સપાટી પર લાગતા પવનની સામે તે સહેજ નમેલો રહે. પોતે તારવેલા આ નિયમોની ચકાસણી કરવા માટે તેણે, આગળ છ અંશને ખૂણે ઢળતી પાંખોવાળા અને બીજે છેડે પૂછડીવાળા એક ગ્લાઇડરની રચના કરી, અને તેને એક ટેકરી પરથી હવામાં ફેંક્યું. એના પોતાના જ શબ્દોમાં કહીએ તો, 'ટેકરીના ઢાળ પરથી હવામાં સરતું જતું એ ગ્લાઈડર જોવું એ પ્રોત્સાહક પ્રસંગ હતો. આના પરથી લાગે છે કે હજી વધુ મોટા સાધન વડે તો આલ્પ્સ જેવા પર્વત ઉપરથી ઊતરતા સ્થિર પગલાં માંડતા ખચ્ચર કરતાં પણ વધુ સલામતીથી ઊતરી શકાય.'

પતંગના દોરનો કોયડો પણ કેલેએ ઉકેલી નાખ્યો. એને બદલે પતંગ સાથે જ જોડેલી કોઇ અન્ય શક્તિને કામે લગાડીને જો પતંગને યોગ્ય ઢાળ આપી શકાય તો એ શક્તિ કામ કરતી રહે ત્યાં સુધી વગર દોરે પણ પતંગ હવામાં સ્થિરતાથી તરતો રહે એમ એને ખાતરી થઈ. જો આ સિદ્ધાંત લાગુ કરાને હવા કરતાં ભારે વજનનાં યંત્રોને પણ હવામાં તરાવી શકાય તો સદીઓ જૂની માનવીની ઉડ્ડયનની ઇચ્છા તૃપ્ત થાય એવી એને શ્રદ્ધા બેસી ગઈ. અલબત્ત, કેલે પોતે તો એ સિદ્ધિ ન મેળવી શક્યો, પણ છતાં વિમાનની શક્યતાઓ તો વધી.

કેલેના આ વિચાર પર જ બ્રિસ્ટલના એક શિક્ષક જ્યોર્જ પોકૉકે પતંગને–પ્રાથમિક વિમાનને પંખાઓ વડે બળ આપવાનું વિચાર્યું. જોકે એ મારેનો એનો પ્રયોગ સાવ નવીનવાઇનો ને ગરબડિયો હતો. બારબાર ફૂટના મોટા પતંગો સાથે એક મોટો ટોપલો બાંધી એણે એને હવામાં ચડાવ્યો. એમાં એને સફળતા પણ મળી : કલાકના વીસ માઈલની ગતિએ એ ઉડ્ડયન થયું. પરંતુ સફળતા છતાં એ માર્ગ સલામતીભર્યો તો ન જ હતો. હા, એટલું થયું કે પતંગની અત્યાર સુધી ગુપ્ત રહેલી શક્તિની જાણ એથી લોકોને થઈ ગઈ.

તે પછી ૧૯મી સદીમાં તો વિમાન બનાવવા માટે ઘણા સફળ પ્રયોગો થયા. ઘણા લોકોએ ભેજાં લડાવ્યાં. પક્ષી આકારનાં યંત્રો, ફુગ્ગાઓ, ગ્લાઈડરો અને પતંગોની અજમાયેશો થઈ. એ સર્વ પૈકી ઑસ્ટ્રેલિયાના લૉરેન્સ હાર્ગ્રેવના ૧૮૮૪ના સિડનીમાં કરેલા પ્રયોગો સફળતમ કહી શકાય. કેલેના જ વિચાર પર એણે ખોખા જેવો એક પતંગ બનાવેલો; અને વજન ઊંચકીને હવામાં ઊડી શકનાર ત્યારના બીજાં બધાં પ્રાયોગિક સાધનોમાં હાર્ગ્રેવનો આ પતંગ સર્વોત્તમ સાબિત થયો. આવા એક પ્રયોગમાં એકસાથે ચડાવેલા ચાર પતંગોએ ૨૪૦ રતલ જેટલું વજન ઊંચકી બતાવેલું. એના આ પ્રયોગો પરથી અન્ય શોધકોને પ્રેરણા મળે એટલા સારુ ન્યૂ સાઉથ વેલ્સની રૉયલ સોસાએટી પચ્ચીસ વર્ષો સુધી હાર્ગ્રેવના અહેવાલો પ્રકટ કરતી રહી.

અને ખરેખર હાર્ગ્રેવની આ શોધે અન્ય સંશોધકોને ઘણી સહાય કરી. દ લેવીએર, કૅપ્ટન બેડન પૉવેલ અને કર્નલ સૅમ્યુઅલ ફ્રૅંકલીન કોડી એમાં મુખ્ય છે. લેવીએરે તો એમાં પંખો તથા યંત્ર જડેલાં તથા માણસ સાથે ઊડતા પોતાના આ પતંગ વિષે ઘણી જ ગુપ્તતા રાખેલી, પણ તેને બહુ સફળતા મળી નહોતી. કૅપ્ટન બેડન પૉવેલે ઈ. સ. ૧૮૯૪ના જૂન માસમાં પાયરબ્રાઇટ કૅમ્પ યોજેલો ત્યારે ૩૬ ફૂટ લાંબો પતંગ બનાવી તેણે કેટલીયે વાર માણસને હવામાં ઊડાડેલો. પછીથી એક મોટા પતંગને બદલે એથી નાનાનાના કદના પાંચથી છ પતંગો એકસામટા ચડાવીને પણ પ્રયોગ કર્યા. એ રીતે એ ૧૦૦ ફૂટ ઊંચે જઈ શક્યો. એ પતંગો ષટ્કોણ આકારના અને બાર બાર ફૂટ મોટા હતા. એ બધાની સામગ્રી, સંકેલી લીધા પછી, લગભગ પોણા મણ વજનની થતી. પવન તદ્દન શાંત હોય ત્યારે પણ તેના આ પતંગો હવામાં ચગી શકતા ને માણસને પણ ઊંચકી જતા. તે પછી ઈ. ૧૮૯૫માં તે આ રીતે હવામાં ૧૬૦ ફૂટ ઊંચો ઊડેલો. કર્નલ કોડી પણ આ જ ઢબે બનાવેલા બૉક્સ કાઇટ સાથે ૨૦૦ વખત ઊડેલો. એમાં એક વખત તો તે ૨૦૦૦ ફૂટ ઊંચે ગએલો. તે પછી ઈ. ૧૯૦૭માં ફાર્નબરો મુકામે પ્રથમવાર યાંત્રિક રચનાવાળા પતંગ સાથે તે સફળતાથી ઊડ્યો.

આ જ વખતે આ જ દિશામાં ગ્રૅબિયલ બોઈઝન, આર્ચ ડેકન, કર્ટિસ, રાઈટ બંધુઓ વગેરે અનેક જણ કેલે તથા હાર્ગ્રેવનાં (તથા પોતાનાં પણ આગવાં) નિરીક્ષણોને આધારે પ્રયોગો કરતા હતા. રશિયા તથા યુરોપનાં અન્ય રાજ્યોમાં પણ ઘણા પ્રયોગો થયા. આમાં જર્મનીના પર્સિવલે શોધેલું પતંગ-બલૂન ઘણું સરસ હતું.

આમ પતંગે વિમાનની શોધમાં કેટલો ભાગ ભજવ્યો છે એ સમજવા છતાં ચોક્કસપણે એ નથી કહી શકાતું કે પતંગ પોતે ક્યારે શોધાયો! ઈ. સ. પૂર્વે પહેલાં ધાર્મિક મહોત્સવો માટે ચીનાઓએ તેની શોધ અને ઉપયોગ શરૂ કર્યા હશે, એમ ઉપલબ્ધ માહિતીઓ પરથી અનુમાની શકાય છે. પશ્ચિમમાં ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં થએલા ગ્રીક ગણિતી 'આર્કિટાસ' અને 'ટૅરેન્ટમ'ને ફાળે તેની શોધનો યશ જાય છે. એમણે કબૂતરના આકારનું, ઊડી શકે એવું કોઇ સાધન બનાવેલું. આ ઉપરાંત, રોમનોને પણ પતંગનો થોડોઘણો પરિચય હશે એમ લાગે છે. પણ ૧૭મી સદી સુધી એ અંગે કોઈ ચોક્કસ જ્ઞાન પશ્ચિમને નહોતું. ઈ. ૧૬૩૫માં લખાએલા 'મિસ્ટરીઝ ઑવ નેચર ઍન્ડ આર્ટ' નામે જહોન બેટના પુસ્તકમાં પતંગનું પહેલું ચિત્ર જોવા મળે છે.

એ ખરું કે મૂળ ધાર્મિક માન્યતાઓ અને મનોરંજનાર્થે જ પતંગની શોધ અને પ્રચાર થયાં હશે. પણ શોધક બુદ્ધિએ તેના અનેક અવનવા પ્રયોગો યોજ્યા છે. આમાં ઈ. સ. ૧૭૫૨નો બેન્જામિન ફ્રૅંકલિનની આકાશી વીજળી વિષેનો પતંગનો પ્રયોગ તો જગવિખ્યાત છે.

વિમાનની શોધમાં લેવાએલા પતંગના હિસ્સા ઉપરાંત તેના સીધા ઉપયોગો પણ ઘણા થયા છે. અને થાય છે. ઊંચે હવામાં રહેલી પવનની દિશા તથા તેનો વેગ, તેમાંનો ભેજ ઉષ્ણતામાન તથા તેની ઘટ્ટતા વગેરે જાણવા માટે પતંગ સાથે જ યા તેની નીચે એ માટેનાં સાધનો લટકાવીને ઉડાડવામાં આવતાં અને હજી યે એ રીત અજમાવાય છે. એ માટે હાર્ગ્રેવનો ખોખા જેવો પતંગ સૌથી વધુ સફળ સાબિત થયો છે. છતાં અન્ય આકારના પતંગો પણ વપરાય છે. રશિયામાં ગોળ ડબલાને વચ્ચેથી ઊભું કાપ્યું હોય તેવા અર્ધગોળ આકારના પતંગો ને ઇંગ્લંડમાં આપણા પતંગો જેવા ચોકટ આકારના પતંગો પણ આવાં કામમાં વપરાય છે. ચોકટ આકારના પતંગોમાં ૩૦ થી ૮૦ ચોરસ ફૂટની કુલ સપાટીવાળા પતંગો આવાં કામ માટે જરૂરી ગણાય છે. અનુકૂળ પવનમાં એક બે માઈલની ઊંચાઈ સુધી તો આ પતંગો સહેજે જાય; પણ ત્રણ માઈલની ઊંચાઇ જરા આકરી પડે છે. ઈ. સ. ૧૯૦૫માં ૨૯મી નવેમ્બરે પ્રશિયન હવામાન ખાતાએ છ પતંગોની એક લગાર ચડાવેલી તે ચારેક માઈલ ઊંચા ગએલી. તેને ઉડાડવાના તારની લંબાઈ ૯ માઈલથી યે વધુ હતી. અલબત્ત, આમાં સુતરાઉ કે રેશમી દોરી કામ ન જ લાગે એ સ્વાભાવિક છે. એ માટે પોલાદી તાર જ જોઇએ. અને ઊંચે જવામાં એ તારનું વજન નહિ પણ તેના પર આવતું પવનનું દબાણ જ બાધક હોય છે. એટલે એની સામે ટકી શકે તેવો પાતળો ને દબાણ ખમી શકે તેવો મજબૂત તાર જોઇએ. તે માટે પીઆનાના પોલાદી તાર જેવો લગભગ ૧/૩૦ ઇંચ જાડો તાર વપરાય છે. આવા એક માઈલ લાંબા તારનું વજન સહેજે ૧૬ રતલ જેટલું થાય. ૨૫૦ થી ૨૮૦ રતલનું દબાણ એ સહેજે ખમી શકે છે. ઘણી વાર એક પણ સાંધા વિનાનો સળંગ તાર પસંદ કરાય છે; જ્યારે કેટલીક વાર પ્રથમ પતંગે પાતળો, અને પછી જેમજેમ એ પતંગ ઉપર જતો જાય અને તેની સાથે નવા પતંગ ઉમેરાતા જાય તેમ તેમ તારની જાડાઈ વધારતા જવાય છે. પતંગની એ લંગારમાં નિરીક્ષણો માટેનાં સાધનો પણ હોય છે: સાથે જ જોડેલા યા એની સાથે લટકાવેલાં. આવા પતંગને કલાકના બે થી ત્રણ માઇલની ગતિએ 'ઢીલ' આપવામાં આવે છે; પણ પ્રસંગોપાત્ત પવનના વેગ પ્રમાણે તેમાં ફેરફાર પણ કરાય.

પતંગ સાથે લટકતા દોરને આધારે ઘણા માણસો પાણી પર ટકી રહી ડૂબતા બચ્યા છે. વળી, કોઇ પણ ચીજને જમીનથી અદ્ધર લઈ જવા માટે પતંગ જ સરળતમ સાધન હોઇ સ્વાભાવિક જ લશ્કરી ઉપયોગોમાં પણ તેનો વપરાશ થયો છે. સંદેશાના ધ્વજ, દીવાઓની સંજ્ઞા વગેરે માટે તો ખરું જ, પણ તેની સાથે કૅમેરા બાંધી શત્રુદળની છાવણી કે હિલચાલની માહિતીઓ મેળવવામાં તેનું આયોજન થયું છે. સ્પૅનિશ-અમેરિકન યુદ્ધમાં આ રીત અજમાવાઈ હતી. ઝૂલતા પુલ બાંધવા માટેનાં પ્રાથમિક દોરડાં સામે કાંઠે પહોંચાડવા માટે પણ પતંગનો જ ઉપયોગ થયો છે. બીજા વિશ્વયુદ્ધ વખતે રડાર રીફ્લેક્ટર તરીકે અને ગોલંદાજીની નિશાનબાજીના મહાવરામાં પણ પતંગનો ઉપયોગ થયો હતો. આમ આજે વિજ્ઞાનક્ષેત્રે ઘણો ફાળો આપ્યા પછી પણ પતંગ હજીયે મનોરંજનનું એક અદ્વિતીય સાધન રહ્યું છે.




↑ કમ્બોજના અણમોલ મંદિરરત્ન 'બાન્ટે-શ્રી'નાં ભરચક ને મૃદુલ શિલ્પ તો અંકોર-વાટનાં શિલ્પ કરતાં પણ ચડિયાતાં છે. અંકોર વાટ વિષ્ણુનું મહામંદિર હોઈ પૌરૂષી ભવ્યતા, વિરાટતા ને શક્તિસામર્થ્યનો પ્રભાવ પાડે છે (જુઓ નીચે) જ્યારે બાન્ટે-શ્રી (એટલે શ્રી-લક્ષ્મીનું ભવન) નમણું, નાજુક ને સૌમ્ય છે. ખાસ કરીને તેનાં બારસાખની પરના બારીક કારીગરીથી ભરચક શોભનમંડિત શિલ્પો તો બાન્ટે શ્રીના શ્રેષ્ઠ કલા નમૂના છે. આ ઉપર 'નૃસિંહાવતાર'નું એવું શિલ્પ આપ્યું છે.

૧૨મી સદીના ખ્મેર યશવૈભવની ગૌરવગાથા ગાતાં મંદિરો

અગ્નિ-એશિયામાં પાંગરેલી ભારતીય સંસ્કૃતિની વેલની ચિત્રમય કથા આલેખતી લેખમાળા 'અગસ્ત્યને પગલે પગલે'નો ૩૯મો હપતો

લેખન-ફોટોકલા

નવનીત પારેખ



બાપુઓન


સીમ-રીપમાં ત્રીજે દહાડે એર્યાનની વાયવ્યે આવેલા 'બાપુઓન' મંદિર પર અમે ગયા. અગિયારમી શતાબ્દી-માં દેવરાજ ઉદયાદિત્યવર્મને આ ભવ્ય, ઉત્તુંગ શિવાલય બંધાવેલું. આજે તો તેનાં શિખરો, અગાસીઓ વગેરે તૂટી પડયાં છે, પરંતુ જ્યારે બાપુઓન અખંડ હતું ત્યારે તેની લંબાઈ ૧૪૦૦ ફીટથી વધારે હતી ને પહોળાઈ ચારસો ફીટ. તેના પર એક ઉપર એક એમ ત્રણ અગાસી હતી ને ટોચ પર ત્રાંબાનું, સોને રસેલું ગોળાકાર મહાશિખર હતું, જે ભૂતલથી દોઢસો ફીટ ઊંચું હતું. બાપુઓનના ગર્ભગૃહમાં મોટું શિવ-લિંગ પ્રતિષ્ઠાપિત હતું. તેના ગોપુરમ પર અસંખ્ય હિંદુ પૌરાણિક પ્રસંગો અંકિત છે. એક પ્રલંબ શિલ્પમાં મથુરાધીશ કંસ દેવકીના બાળકના પ્રાણ લેતો દેખાય છે, તો બીજામાં નટવર કૃષ્ણ કાલિય નાગની ફણાઓ પર નૃત્ય કરતા જણાય છે. એક દશ્યમાં કુરુક્ષેત્ર પર ભીષ્મ પિતામહ બાણની શય્યા પર સૂતા છે, તો વળી બીજામાં હનુમાનજી અશોકવાટિકામાં સીતાજીને મળતા જણાય છે.





'કોઢી રાજા'ના ખોટા નામે ઓળખાતી યમરાજની આ મૂર્તિ કંબોજ શિલ્પકલાનો જગવિખ્યાત નમૂનો છે. અરધી પલાઠી વાળીને બેઠેલી એ મૂર્તિની સ્વસ્થતા ગંભીરતા તથા પ્રતિભા અદ્ભુત છે. ડાબી બાજુ તેનું મસ્તક મોટું કરીને બતાવ્યું છે.

'ગજમંડપ'માં ધ્યાનમગ્ન બનીને નૃત્ય કરતા યોદ્ધાનું શિલ્પ




ગજ-મંડપ

શ્રી ચેટ્ટીઆર હવે અમને 'ગજ-મંડપ' પર લઈ આવ્યા. આજે તો તે મંડપ તૂટી પડેલો છે ને તેને સ્થાને લાંબી સપાટ અગાસી જ ઊભી છે, અને હવે તે 'હાથીની અગાસી' નામે ઓળખાય છે. આ અગાસી પચાસેક ફીટ પહોળી ને બાર-સો ફીટ લાંબી છે! તેની દીવાલો પર હાથીઓનાં ઝુંડ હારબંધ કંડારેલાં છે જે પરથી તેનું નામકરણ થયું છે. એક ખૂણામાં વળી પાંચ માથાવાળા બલાહ-અશ્વનું શિલ્પ છે જે એક બોધિસત્વનું સ્વરૂપ મનાય છે. પરંતુ આ ગજમંડપનું શ્રેષ્ઠ શિલ્પ તો ધ્યાનમગ્ન બનીને નૃત્ય કરતા યોદ્ધાનું છે. યોદ્ધાના જમણા હાથમાં મોટું ખડગ છે ને તેના ગળામાં લાંબો સર્પ વીંટાયો દેખાય છે. ખીલેલા કમળ પર ચરણ ધરીને નૃત્ય કરતા તે શું નટરાજ શિવ હશે? આ ગજમંડપની પાછળ વિશાળ 'રાજ-મંડપ' આવેલો છે. તે બે હજાર ફીટ લાંબો ને આઠસો ફીટ પહોળો હતો ને અસલ કંબોજ સમ્રાટના રાજમહેલ અહીં વિસ્તર્યાં હતા.

કોઢી રાજા

વળી આગળ જતાં અમે 'કોઢી રાજા'ના મંડપ પર આવ્યા. અહીં પણ હવે લાંબી અગાસી જ રહી છે. દીવાલો પર કંબોજ સમ્રાટોના સવારીનાં ઘણા શિલ્પો છે. અગાસી પર એક અદ્ભુત માનવી-પ્રતિમા કંડારેલી જોવા મળે છે. અરધી પલાઠી વાળીને તથા એક પગ ઊભો ટેકવીને એ મુછાળા રાજવી સ્થિરતાથી, અડગ, ટટ્ટાર બેઠા છે. તેમની શાંતિ, સ્વસ્થતા, ગંભીરતા તથા પ્રતિભા અદ્ભુત છે. આપણા શ્રવણ-બેલગોલાના ગોમતેશ્વરની ભવ્ય પ્રતિમાનો સમાધિભાવ કાંઈક અંશે આ મૂર્તિમાં જોવા મળે છે. હાલના કંબોજ લોકો તેને સમ્રાટ યશોવર્મનની મૂર્તિ માને છે જેમને પાછળથી રક્તપિત્ત થએલો. તેથી જ આ મૂર્તિ 'કોઢી રાજા'ની મૂર્તિ તરીકે જાણીતી થઈ છે.






નીચે : વિષ્ણુમંદિરના ઓટલા ઉપરની ગરુડની ભવ્ય મૂર્તિ : નીચે જમણી બાજુ : બ્રાહ્મણોનું રક્ષણ કરતો યોદ્ધો.



આપણા જયપુર-આગ્રા જેવા લાલ રેતાળ પથ્થરોથી કંડારેલાં બાન્ટે-શ્રીનાં નમણાં મંદિરોનો ખૂણેખૂણો બારીક શિલ્પથી ભરચક ભરેલો છે. ઉપલે ડાબે ખૂણે ફણા કરેલો નાગ અને નીચલે જમણે ખૂણે દેખાતી હનુમાનની મૂર્તિ તેની વિશદતા દર્શાવે છે. મથાળે ડાબી બાજુ: મંદિરના ગોખમાંની એક દેવીમૂર્તિ



માનવ-શરીરની ઉત્તમ પ્રતિમાઓમાં આ મૂર્તિને ગણાવી શકાય. તેનું અંગ-સૌષ્ઠવ તથા તેની અડગ પ્રતિભા જોતાં તે કોઈ પણ રોગી મનુષ્યની હોય તેવો સંભવ નથી. મૂર્તિ સંપૂર્ણ નગ્ન માનવીની છે, પરંતુ તેનાં જાતીય અંગ કંડારેલાં નથી. ગૂઢ, અકળ સ્મિત વેરતા બેયોનના મુખલિંગની જેમ આ કોઢી રાજાની મૂર્તિએ પણ કલારસિકો તથા ઇતિહાસવિદોનું કુતૂહલ ઉત્તેજિત કર્યું છે. મૂર્તિ નીચેના એક ટૂંકા આ-લેખનમાં તો તેનો 'યમરાજ' તરીકે ઉલ્લેખ છે જે તેની મુખમુદ્રા તેમજ અંગવિન્યાસ સાથે સુસંગત લાગે છે.


અંકોર-તૉમમાં તેમજ આસપાસના વિસ્તારમાં અમે ઘણું બધું ફર્યા, ને પ્રાચીન કંબોજી સામ્રાજ્યનાં અનેકાનેક ભગ્ન મંદિરો, મહાલયો, પ્રાસાદો જોઈ વળ્યા. હાલના કંબોડીઆમાં જ અગત્યના ખ્મેર અવશેષોની સંખ્યા સાડા ચારસોથી વધુ છે, જ્યારે પડોશના લાઉસ વીએટનામ તથા થાઇલૅંડમાં પણ અસંખ્ય પ્રાચીન ખ્મેર ઇમારતો મળી આવી છે. એમાં તા-પ્રોમનું પ્રાચીન મંદિર તો જીર્ણોદ્ધાર કર્યા વિના જ રહેવા દીધું છે, જેથી ત્યજાએલા અંકોરમાં પ્રગાઢ જંગલની વનરાજીએ આ બધાં મંદિરો-મહાલયોને કેવાં ભરખી લીધેલાં તેનો ખયાલ આવે છે. પ્રિયઃખાનનો નગર-વિસ્તાર, રાજ-મંડપ પાસેના ફીમીઆનક (વિમાન), પ્રાહ-પિથુ, નીક-પીઅન, તા-કેઓ, બાન્ટે-કેડાઈ, ફનોમ-બાઍગ, મેબૉન વગેરે અનેક ખંડિયેર સ્થળોમાં અમે બે દિવસ ફર્યા.

બાન્ટે-શ્રી

છેલ્લે દિવસે સવારે એક જીપ ભાડે કરીને ત્રણ અમેરિકન મિત્રો સાથે હું બાન્ટે-શ્રી જોઈ આવ્યો. આ અણમોલું મંદિર-રત્ન અંકોરથી વીસેક માઇલ દૂર ગાઢ અરણ્ય વચ્ચે આવેલું છે. 'બાન્ટે-શ્રી' એટલે લક્ષ્મી (શ્રી)નું ભવન. આ નામ પણ સાર્થક છે, કારણ કે અંકોર-વાટ જ્યારે વિષ્ણુનું મહા-મંદિર છે ને તે પૌરુષી ભવ્યતા, વિરાટતા, શક્તિ-સામર્થ્ય તથા તેજસ્વિતાનો પ્રભાવ પાડે છે, ત્યારે લક્ષ્મીજીના આ નમણા, નાજુક, સૌમ્ય મંદિર-રત્નમાંથી નારીસહજ લાલિત્ય, લાવણ્ય તથા માર્દવ ઝરે છે. જયપુર–આગ્રાના જેવા લાલ રેતાળ પથ્થરમાં કંડારેલાં તેનાં ભરચક, મૃદુલ શિલ્પ અંકોર-વાટનાં શિલ્પ કરતાં પણ ઘણાં ચડિયાતાં છે. અંકોર-વાટ કરતાં બસો વર્ષ પૂર્વે—દસમી શતાબ્દીમાં બંધાએલું આ મંદિર મહાદેવ શિવને અર્પિત છે ને તેનું પ્રાચીન નામ 'ઈશ્વર-પુર' હતું.

પ્રાંગણમાં જ યાત્રી-પથની બેઉ બાજુએ સંખ્યાબંધ શિવલિંગની હાર જોવા મળે છે. અહીં મુખ્ય પાંચ ભવન છે—ત્રણ મંદિરો તથા બે ગ્રંથાલય. મધ્યનું તથા દક્ષિણનું મંદિર શિવનું છે જ્યારે ઉત્તરનું વિષ્ણુને અર્પિત છે. બધાં મંદિર-ભવન નીચલા માળનાં જ છે, કોઈને ઉપર માળ નથી. થોડે દૂર બ્રાહ્મણોના ને સાધુઓના આવાસ હતા.

મંદિરોના ઓટલા પર સંખ્યાબંધ નર-વાનર, નરસિંહ તથા ગરુડની અત્યન્ત સુંદર, સુરેખ મૂર્તિઓ ગોઠવેલી છે; જ્યારે દીવાલોના લાંબા ગોખલામાં દેવ-દેવીઓ, દ્વાર-પાલકો સહજ રીતે ઊભેલાં જણાય છે. પરંતુ બારસાખથી ઉપરનાં ચંદ્રાકાર પ્રલંબશિલ્પો તો બાન્ટે-શ્રીનાં



મકરમુખમાંથી નીકળતી નાગફણા દર્શાવતું એક બારસાખના ટોડલા પરનું બારીક શોભનશિલ્પ

શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ કલા-નમૂના છે. એક શિલ્પમાં કૈલાસ-પર્વતને ઉપાડવાનો વૃથા યત્ન કરતો દશાનન રાવણ અને પર્વત પર બેઠેલાં શિવ-પાર્વતી તથા ગણ કંડાર્યાં છે; તો બીજામાં નૃસિંહ-ભગવાન હિરણ્યકશ્યપુની છાતી ચીરતા નજરે પડે છે. ગજ-લક્ષ્મી; નંદી પર આરૂઢ શિવ-પાર્વતી; અનેક સૂંઢવાળા ઐરાવત પર બિરાજમાન ઇંદ્ર, તથા વાલી સુગ્રીવ-દ્વંદ્વનાં અદ્‌ભુત શિલ્પ પણ અહીં જોવા મળે છે.

આમ સીમ-રીપમાં મધ્યયુગી ખ્મેર યશવૈભવના મૂક છતાં ઇતિહાસ કહી જતાં અસંખ્ય ખંડિયેરો વચ્ચે પૂરા પાંચ દિવસ ગાળીને બૅંગકૉક રસ્તે હું રંગૂન જવા નીકળ્યો.

ઍર-કંબોજનું વિમાન સીમ-રીપથી ગગનમાં ચડ્યું ને નીચે અરણ્યની ગાઢ વનરાજીમાં અંકોરનાં ભવ્ય પરંતુ ભગ્ન મંદિર-મહાલયો-પ્રસાદો ધીરેથી અલોપ થતાં ગયાં. જંગલની વનરાજીની જેમ કાળની લીલાએ પણ આ યશસ્વી ખ્મેર સુવર્ણયુગને ભલે ઢાંકી દીધો હોય, છતાં આજે મળી આવતાં તેનાં અસંખ્ય મંદિર રત્નો પ્રતિભા, સમૃદ્ધિ, ભવ્યતા તથા કલા-નૈપુણ્યની ટોચે પહોંચેલા તે યશસ્વી કાળની સચોટ ઝાંખી કરાવી જાય છે, દર્શનાર્થીને ચકિત–અવાક્ કરી મૂકે છે.

આજે ભલે અંકોર-વાટ તથા તૉમના કેટલાક બુરજો ઢળી પડ્યા હોય, પ્રાસાદોમાં વડ તથા સીમળાનાં ઝાડ ફૂટી નીકળ્યાં હોય, રાજ-પુરોહિતોના મંત્રોચ્ચાર તથા પ્રતિહારીઓની ઘોષણા બંધ થયા હોય, આજે ભલે રાજનર્તકીનાં નૂપુર તથા નોબતખાનાના સૂરને ઠેકાણે ચામાચીડિયાનો ફફડાટ તથા અરણ્યના વાનરોની હૂકાહૂક સંભળાતી હોય, છતાં એ મંદિર-મણિનાં ઉત્તુંગ શિખરો, તેના પરસાળનાં પ્રલંબ-શિલ્પો, બેયોનના મુખલિંગ બુરજો તથા બાન્ટે-શ્રીનાં ભિત્તિ-શિલ્પો આજેય એ ભવ્ય, યશસ્વી ખ્મેર સુવર્ણયુગનાં ચિર-સાક્ષી સમાં ઊભાં છે અને વીસમી સદીના 'સભ્ય' તથા 'પ્રગતિશીલ' વામણા માનવીને તેની અલ્પતાનું ભાન કરાવે છે. (ચાલુ)

ગુજરાતી ભાષા-સાહિત્યની પરીક્ષાઓ

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ગુજરાતી ભાષા-સાહિત્યની ત્રણ ક્રમિક પરીક્ષાઓ : (૧) આસ્વાદ (૨) સંસ્કાર અને (૩) દીક્ષા લેવાનું નક્કી થયું છે. આ ત્રણે પરીક્ષાઓ વર્ષમાં બે વખત–જૂનને અંતે ને ડિસેમ્બરને મધ્યભાગે–લેવાશે. પ્રારંભમાં અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, પોરબંદર, ભૂજ, મુંબાઈ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ અને નૈરોબી–એટલાં સ્થળોએ પરીક્ષાકેન્દ્રો ઊભાં કરવામાં આવશે. ઉપરાંત જ્યાંથી બધી પરીક્ષાઓના મળી ઓછામાં ઓછા કુલ ૫૦ પરીક્ષાર્થીઓ બેસવાના હશે, તેને કેન્દ્ર માટે માન્યતા અપાશે.

પત્રવ્યવહારનું સરનામું : મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની ત્રીજી લોકપ્રિય લેખમાળા

વિવિધ ગુણધર્મવાળાં વિવિધ કઠોળ

તુવેર

ગુજરાતીઓના રોજિંદા આહારમાં તુવેરની દાળનું આગવું સ્થાન છે. આપણને રોજ દાળ-ભાત વિના ન ચાલે; ને દાળમાં સદૈવ તુવેર જ હોય છે. એ તુવેર આપણે યોગ્યરીતે સ્વીકારી છે, કારણ કે બધાં કઠોળોમાં માત્ર ચણા અને તુવેરમાં જ શ્રેષ્ઠ જૈવક મૂલ્ય (બાયૉલૉજિકલ વૅલ્યુ) છે; શરીરની કઠોળ પચાવવાની તાકાતમાં વ્યક્તિ-વ્યક્તિએ ફેર રહે છે, પણ સર્વ કઠોળોમાં મગ અને તુવેર સુપચનીય

ઉત્તમ જૈવક-મૂલ્યવાળી પોષણસમૃદ્ધ અને પચનીય તુવેર

છે; તો વાલ અને વટાણા ભારે છે.

તુવેરમાં પોટૅશિયમ ક્ષાર ઘણા વધારે પ્રમાણમાં છે, જે શારીરિક કોષોનાં રૂપાંતરોમાં તથા તેને જીવંત રાખવામાં ઘણો જરૂરી છે. આયુર્વેદાચાર્યોએ તુવેરને રુચિપ્રદ અને સુપચ્ય ગણાવી છે. મહર્ષિ સુશ્રુતના મત પ્રમાણે તે કફને તથા પિત્તને હણનારી છે. શોઢલ એને રુક્ષ અને પચવામાં હલકી લેખે છે. બીજાં કઠોળોની જેમ એમાં ગંધક હોવાથી તે વાયુ કરનાર તો છે, પણ બહુ વાતલ નથી. એનો આ અવગુણ નિવારવા માટે આહારશાસ્ત્રના સુજ્ઞાતા આપણા પૂર્વજોએ દાળમાં હિંગ-મેથીનો વઘાર કરવાનો રિવાજ સ્વીકાર્યો છે. વઘાર ઉપરાંત દાળમાં નખાતાં આદુ, લીલાં મરચાં, કોથમીર, સૂરણ, મગફળી ને ખારેકથી દાળ રસદાર અને સુસ્વાદુ બનવા સાથે પોષણદાતા પણ બને છે.

તુવેરની દાળ નવી જ વાપરવી સારી. એક વરસ ઉપરાંતની જૂની

મેદ પિત્ત ને કફના નાશક, મંદાગ્નિમાં માફક, આંખને હિતકર સર્વ કઠોળોમાં શ્રેષ્ઠ મગ

થએલી તુવેરની દાળ ચડતી નથી. વળી સ્વાદમાં પણ તે ઊતરી જાય છે. આવી દાળ જલદી ચડવા માટે એમાં પાપડીઓ ખારો નાખવાનો રિવાજ છે. પણ આ ખારાથી તુવેરનાં વિટામિન 'બી ૧' અને વિટામિન 'બી ૨' નાશ પામે છે, માટે તે કદી ના વાપરવો.

કદીક આખી તુવેરને બાફીને વઘારાય છે. પોષણમૂલ્યની દૃષ્ટિએ એ ઉત્તમ છે, કારણકે દાળ કરતાં આખું કઠોળ વિશેષ તત્ત્વો ધરાવે છે.

ગયા લેખમાં આપણે જોઈ ગયા કે અન્નાહારીઓને પ્રોટીન મેળવવાનું એકમાત્ર સાધન કઠોળ છે. આપણી કુલ પ્રોટીન-જરૂરિયાતનો $\frac{1}{4}$ ભાગ પ્રાણિજ પ્રોટીન હોવો જોઇએ, જે માટે દૂધ દહીં કે છાશ ચાલે; પણ આ મોંઘવારીના જમાનામાં મધ્યમ વર્ગનાં માણસોને પણ દૂધ-દહીં ખાવાં પરવડતાં નથી તો પછી એમનાથી નીચલા થરનાં માણસોની વાત જ શી કરવી? અને બીજી બાજુ જેમને દૂધ દહીં કે છાશ ખાવાની

હાડકાં ને લોહી બાંધવામાં ઉપયોગી, કૅલ્શ્યમ અને લોહ ધરાવતા અતિ પોષક મઠ

સુવિધા છે તેમને કાં તો દૂધ ભાવતું નથી યા તો દહીં-છાશ વાયડાં પડે છે! આ સ્થિતિમાં રોજિંદી પ્રોટીન-જરૂરિયાતને પહોંચી વળવા પુખ્ત વયના માણસે રોજ ત્રણથી ચાર અધોળ કઠોળ ખાવું જ જોઇએ.

હવે આપણે આપણી જાતને પૂછી જોઇએ કે આપણે રોજ આટલા પ્રમાણમાં તુવેરની દાળ ખાઇએ છીએ ખરા? ના; આપણે તો ગળી ગએલી પાતળી દાળ ખાનારા! આપણે ત્યાં માથાદીઠ સરાસરી માત્ર બે ઔંસ આખી દાળનો વપરાશ હશે, ને વળી ખાવામાં જે સુધરેલા હશે તે તો માત્ર ભાત પૂરતી જ દાળ ખાતા હોઈ ભાગ્યે જ એકાદ અધોળ ખાતા હશે. આ પાતળી દાળ ખાંવાનો ચાલ એકલા ગુજરાતમાં જ છે; બાકી મધ્યપ્રાંત, રાજસ્થાન ને પંજાબમાં રોટલા ઉપર ચડાવી શકાય એવી ઘટ્ટ દાળ ખવાય છે. સૌરાષ્ટ્રમાં વિશેષતઃ ખવાતી મગ અને અડદની દાળ પણ ઘટ્ટ જ હોય છે. મહારાષ્ટ્ર સુદ્ધામાં 'વરણ' ખાવાનો રિવાજ છે. વરણ એટલે આપણી લચકો દાળ. એટલે આપણે જાડી દાળ ખાવાનો રિવાજ અપનાવવો જોઇએ, જેથી માથાદીઠ દાળનું પ્રમાણ વધે. સાથે મહારાષ્ટ્રીઓનો ભાત અને દહીં ખાવાનો રિવાજ પણ સ્વીકારવા જેવો છે, કેમકે એનાથી પ્રાણિજ પ્રોટીન મળી રહે છે. દહીં તો રોટલી-રોટલા સાથે પણ ખાઈ શકાય. આમ સવારના ખાણામાં તુવેરની જાડી દાળ અને દહીં-છાશ લેવામાં આવે તો આપણા આહારમાં ઓછું પ્રોટીન હોવાની જે ખામી છે તે દૂર થાય.

મગ

'રાજનિઘંટુ'ના કથન અનુસાર मुद्गः सूपेषु अतिश्रेष्ठः भक्तानामपि चोत्तमः। બધાં કઠોળોમાં મગ અતિશ્રેષ્ઠ છે, કારણ પચવામાં તે હલકા છે. મંદાગ્નિમાં પણ તે માફક આવે છે. બીજાં કઠોળોના જેટલા તે વાતલ નથી, પણ વાયુને હરનાર છે. મગ મેદ, પિત્ત ને કફનો નાશ કરે છે. આંખો માટે તે અતિ હિતાવહ છે. દસ્તને રોકનાર છે.

મગની બે જાતો છે: લીલા અને કાળા. ચરક, સુશ્રુત અને ભાવમિશ્રે લીલા મગને (हरितः प्रवरो गुणैः) ખાવામાં સારા ગણાવ્યા છે. મીઠાશ પણ લીલા મગમાં હોય છે મગ અને તુવેરનું પ્રોટીન પાણીમાં સહેલાઈથી દ્રાવ્ય થાય છે—એના ૬૬ ટકા પાણીમાં ઓગળે છે. ક્ષારોનું પ્રમાણ પણ એમનામાં જ વધારેમાં વધારે છે. આથી જ બાફેલા મગનું મીઠું નાખેલું ને લીંબુ નીચોવેલું પાણી કે વઘારેલું ઓસામણ માંદા કે માંદગીમાંથી તાજા ઊઠેલા રોગીને અપાય છે. સહેલાઈથી પચી જતા આ પાણીથી શરીર ટકી રહે છે અને શક્તિ પણ મળે છે.

ચણા સિવાય બીજા કોઇ કઠોળમાં વિટામિન 'સી' હોતું નથી, પણ ફણગાવ્યા બાદ તે પેદા થાય છે. ફણગાવ્યાથી વિટામિન 'બી ૨' પણ વધે છે. આ રીતે ઉત્પન્ન થએલા વિટામિનોના પંદર ટકા ફણગામાં હોવાથી ફણગાવેલાં કઠોળ છોડાં સાથે ખાવાનાં છે. ફણગા ફૂટવાથી વિટામિનો પેદા થવાનું પ્રમાણ કઠોળ પ્રમાણે જુદું રહે છે. ચણા કરતાં મગમાં તે ત્રણગણું હોય છે. વળી ફણગા ફૂટેલા કઠોળનું પ્રોટીન સહેલાઈથી પચે એવું બને છે. આથી શરીરમાં એનો વધારે ઉપયોગ થાય છે. નહિ ફણગાવેલાં કઠોળોના ૨૨ ટકા પ્રોટીનો પચતાં નથી.

અઠવાડિયાની આહાર-આયોજનામાં બે-ચાર ટંક મગની વાની હોય તો સારું. મગની ચાર વાનીઓ જાણીતી છે: ઢીલા ખાટા મગ,

લચકા મગ, મગના ઘટ્ટ દાળ અને મગના દાળની ખીચડી. જે અન્નાહારીઓના આહારમાં દૂધ ન હોય તેમણે અવશ્ય વારાફરતી એકાદ કઠોળ સાંજના ખાવું જ ખાવું. જોકે રાતના કઠોળ ખાવાની ભલામણ કરવાની નથી; કેમકે ખાઇને સૂઈ જવાનું હોવાથી ભારે કઠોળ બરાબર પચતાં નથી. વળી આયુર્વેદમાં કઠોળ સાથે દૂધ ખાવાની મનાઈ પણ છે. આથી કદાચ કઠોળનું વાયડાપણું વધતું હશે. એટલે જેમના વાળુમાં દૂધ આવતું હોય તેમણે સાંજના કઠોળ ના ખાવું, કારણ કે દૂધમાં પ્રાણિજ પ્રોટીન મળી રહે છે. પણ દૂધ નહિ પામતા અને સારી પાચનશક્તિવાળા શ્રમ કરનારા લોકોએ વાળુમાં કઠોળ ખાવામાં વાંધો નથી.

મઠ

'ભાવપ્રકાશ'માં લખ્યા મુજબ મઠ વાયુ કરનાર, દસ્તને રોકનાર, કફ તથા પિત્તને હરનાર, પચવામાં હલકા ને પાકમાં મધુર છે.

અડદ જેવું ધાવણ અને ધાતુને પુષ્ટ કરનાર વાજીકરણ એક પણ નથી

બીજાં કઠોળોનો વિપાક અમ્લ છે, પણ મગની જેમ મઠનો વિપાક મધુર છે. પચવામાં ને પચ્યા પછી પણ મઠ મગના ગુણવાળા હોવાથી એને સંસ્કૃતમાં 'વનમુદ્ગ' કહેવામાં આવે છે.

દરેક કઠોળમાં લેસિથીન પૂરતા પ્રમાણમાં છે, પણ મઠ ને તુવેરમાં તે ઠીકઠીક છે. મઠમાં હાડકાં અને લોહી બાંધવા માટે ઉપયોગી કૅલ્શ્યમ અને લોહ પુષ્કળ પ્રમાણમાં છે. આ દૃષ્ટિએ મઠનું પોષણમૂલ્ય વધારે છે.

મઠનું પોષણમૂલ્ય જો કોઇને સમજાયું હોય તો તે માત્ર કચ્છી ભાઇઓને. ત્યાં એનો પાક પણ વધારે એટલે એનો વપરાશ પણ વધારે છે. આપણે ત્યાં પ્રાદેશિક ધોરણે કઠોળોનો વધારે-ઓછો વપરાશ છે. ગુજરાતમાં તુવેર, ઝાલાવાડમાં મગ, મચ્છુકાંઠામાં અડદ તો કચ્છમાં મઠ વધારે ખવાય છે. ત્યાં ખીચડીમાં પણ મઠની જ દાળ વપરાય છે.

ગુજરાતમાં ખાટા મઠ અને ફણગાવેલા મઠ ખવાય છે. આ ઉપરાંત મઠના લોટનાં મઠિયાં નાસ્તાની આપણી પ્રિય વાની છે. આ વાનીમાં આપણને મઠનું વધારે આહારમૂલ્ય મળે છે. કઠોળના આહારમૂલ્યની પ્રાપ્તિ તેની વાની ઉપર આધારિત છે. કઠોળને પાણીમાં રાંધ્યા કરતાં એના લોટની વાની વધારે પોષણદાતા છે, કેમકે લોટની વાનીમાં કઠોળના ૯૦ ટકા કરતાં વધારે પ્રોટીનો શરીરમાં આવે છે, જ્યારે પાણીમાં રંધાતાં તેના માત્ર ૫૦ ટકા પ્રોટીનો જ મળે છે. વળી કઠોળ સખત પાણીમાં રંધાતાં પચવામાં પણ ભારે બને છે.

ચણા તો સર્વ વિટામિન ('એ','બી-જૂથ','સી','ઇ' અને 'કે') ધરાવતું એકમાત્ર કઠોળ છે

શેકીને મીઠું દીધેલા મઠ પણ નાસ્તામાં ખવાય છે. આજથી પચીસ વર્ષ અગાઉ એ મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકોનાં ગજવાંમાં ભરવામાં આવતો નાસ્તો હતો. આવો નાસ્તો ઋતુઋતુ પ્રમાણે જુદોજુદો રહેતો. શિયાળામાં શેકેલા મઠ, તો હોળી અરસામાં શેકેલા ચણા યા ધાણીચણા. વૃદ્ધિ પામતાં બાળકોને પ્રોટીન ભરપૂર

ચોળા વિપાક અને રસ બંનેમાં મધુર એવા રુચિપ્રદ ને ધાવણ વધારનાર છે

આથી બીજો સસ્તો નાસ્તો કયો હોઇ શકે? બાફેલા અને તળેલા મઠ કરતાં શેકેલા મઠનું પોષણમૂલ્ય પણ વધારે છે. આજના મોંઘવારીના જમાનામાં ગરીબ વર્ગનાં બાળકોના નાસ્તામાં શેકેલા મઠ અને ચણાનો નાસ્તો જળવાઇ રહે એ ઇચ્છનીય છે.

અડદ

'રાજનિઘંટુ'માં બધાં કઠોળોમા મગને શ્રેષ્ઠ ગણાવ્યા છે, તો મહર્ષિ ચરકે અડદને (माषाः शमी धान्यानाम् ॥) અધમ ગણાવ્યા છે. છતાં એમણે જ અડદને ઉત્તમ વાજીકરણ (पुंस्त्वं माषः शीघ्रं ददाति च ॥)–શીઘ્ર પુરુષત્વ આપનાર ગણાવ્યા છે.

આયુર્વેદાચાર્ય સુશ્રુતે અડદ વિષે લખ્યું છે: 'અડદ પચવામાં ભારે છે, સ્નિગ્ધ છે, ઉષ્ણ છે, પુરુષાતન વધારનાર છે, મધુર છે, વાયુનો નાશ કરનાર છે, તૃપ્તિ કરનાર છે, ધાવણ વધારનાર છે. તે ખાસ કરીને તો બલપ્રદ છે, વીર્યવર્ધક છે, કફ હણનાર છે.' 'ભાવપ્રકાશ'માં પણ અડદને 'મળને શિથિલ કરનાર, તૃપ્તિ આપનાર, બળ આપનાર, વીર્ય વધારનાર, બહુ જ પુષ્ટિ આપનાર, ધાવણ વધારનાર અને મેદ કરનાર' ગણાવ્યા છે. મહર્ષિ ચરકે તો અડદના વાજીકરણ ગુણ વિષે વિશેષમાં પણ બે મુદ્દાઓ લખ્યા છે: (૧) વાજીકરણ માટે અડદના શીંગોવાળા લીલા છોડ ખાતી પહેલવેતરી ગાયનું ધારોષ્ણ દૂધ પીવાનું અને (૨) પુષ્કળ ઘી નાખેલી અડદની દાળ સાથે સાઠીચોખા ખાવાનું અને રાતના દૂધ પીવાનું તેમણે કહ્યું છે.

અડદનો પૌષ્ટિક, વાતહર, શક્તિવર્ધક અને ધાતુપુષ્ટિનો ગુણ ઘણાઓને જાણીતો હોવાથી શિયાળામાં અડદિયું કે અડદિયાનો પાક ખાવાનો રિવાજ પ્રચલિત છે. પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ અને ચરબીનાં પોષણ તથા શક્તિદાતા દ્રવ્યોનું બનતું અડદિયું શ્રેષ્ઠ બલ્ય ખાદ્ય છે. વાજીકરણ તરીકે પુરુષોને ઉપયોગી અડદ સ્ત્રીઓ માટે પણ હિતકર છે. અડદનો પાક ખાવાથી પ્રદર, કમરનો દુખાવો, શરીરનાં કળતર અને રજદોષ મટે છે. વળી આજની માતાઓને પીડતી મોટી મુશ્કેલી ધાવણદોષની છે. ધાવણ ઓછું આવવાથી માંડી નહિ આવવાની ફરિયાદો માટે અડદમાં સૂંઠ અને બીજાં દીપક-પાચક કાષ્ઠ ઔષધો ઉમેરીને બનાવેલો પાક લેવાથી ધાવણનો વધારો થવાનું કહેવાય છે.

અડદના પાક તો શ્રીમંતોને માટે છે, પરંતુ ગરીબ લોકોને પણ પૂરતી જીવનશક્તિ આપતું ખાણું બાજરીના રોટલા સાથે અડદની દાળનું છે. જેઓ પોતાના રોજિંદા આહારમાં દૂધ ઘી વાપરી ન શકે તેમના માટે અડદની દાળ અનેક પ્રકારનાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે. આયુર્વેદમાં વાતજ રોગો માટે અડદના જુદાજુદા પ્રયોગો સૂચવવામાં આવ્યા છે. એક પ્રયોગ અડદની દાળનાં વડાં ખાવાનો છે.

ગુજરાતમાં તો અડદનો વિશેષ વપરાશ માત્ર પાપડના રૂપમાં જ થાય છે; બીજો વપરાશ ચોખા અને અડદની દાળનાં ઈદડાં બનાવવામાં થાય છે. વરાળના બાફમાં તૈયાર થતી આ વાની સુમધુર અને સુપાચ્ય છે. દક્ષિણ ભારતમાં બનતી વાની 'ઈડલી' માટે ચાર ભાગ અડદની દાળ ને એક ભાગ ચોખા, જુદાજુદા, બે કલાક સુધી પાણીમાં પલાળ્યા બાદ પથ્થર ઉપર લસોટવામાં આવે છે. પછી બંનેને ભેગાં કરી મીઠું નાખી આખી રાત આથાવા દે છે અને બીજા દિવસે સવારે વરાળથી તેની ઈડલી બનાવે છે. આથો ચડવાથી ઈડલીમાં કોલિન, મિથોનાઇન અને ફૉલિક ઍસિડ નામનાં પોષણ દ્રવ્યોમાં વધારો થાય છે; ચોખા અને અડદના વિટામિન 'બી ૧૨'ના પ્રમાણ ઉપર માઠી અસર થતી નથી; અને વળી આથો આવ્યા વગરના લોટ કરતાં આથો આવેલી ઈડલીમાં લોહીના લાલ કણોના ઉત્પાદનની શક્તિ પણ

વધે છે. મહારાષ્ટ્ર રાજ્યના ડિપાર્ટમેન્ટ ઑાવ ન્યૂટ્રિશનના વડા ડૅા. એમ. વી. રાધાકૃષ્ણને પ્રયોગોથી સિદ્ધ કર્યું છે કે ઈડલી અતિ પુષ્ટિદાતા હોવા ઉપરાંત વિટામિન 'બી' જૂથની ઊણપને અને કલેજાના રોગો આણતી પ્રોટીનની ઊણપને ભરપાઇ કરે છે. દક્ષિણ ભારતના લોકોના આહારમાં પ્રોટીનની ઊણપ હોવા છતાં કલેજાના રોગો ઓછા થવાના કારણમાં એમનો ઈડલીનો આહાર છે. ઓઢત્રો, ઢોકળાં ને ઈદડાંમાં આથો ચડવાથી કલેજાના રોગો કરતી આહારતત્ત્વોની ઊણપની ભરપાઈ થાય છે. વળી જે બાળકોમાં પ્રોટીનની ઊણપનાં લક્ષણો દેખાતાં હોય તેમને ખસૂસ આ ખોરાક આપવા જેવો છે.

શ્રી બાપાલાલ વૈદ્ય અડદને 'ગરીબોનું માંસ' કહી લખે છે કે 'માંસને ટક્કર મારે એવી તાકાત અડદમાં છે.' અઠવાડિયાના આહાર-આયોજનમાં એકાદ ટંક ને શિયાળામાં બેચાર ટંક અડદની દાળ હોવી જરૂરી

લોહી ધાવણ અને પેશાબ ત્રણેને વધારનાર 'મધુશર્કરા' વાલ

છે. આ દાળમાં ઘી નાખવાથી એક વિશિષ્ટ શક્તિપ્રદ આહાર બને છે. ઉપરાંત અઠવાડયાના એક દિવસે ત્રેવટી કે પંચકુટિયાં (ત્રણ કે પાંચ પ્રકારની ભેગી) દાળ રૂપે પણ અડદની દાળ ખાવી જોઇએ. અડદમાં ગંધકનું તત્ત્વ પડેલું હોવાથી નબળાં આંતરડાવાળા માટે તે પચવામાં ભારે છે. એનો આ અવગુણ હઠાવવા માટે તેમાં લસણ, હિંગ, લીંબુ, આદુનો રસ અને મરીનો ઉપયોગ થવો જરૂરી છે.

ચણા

ગુજરાતીઓના આહારમાં તુવેર પછી વધારે કોઈ કઠોળ વપરાતું હોય તો તે ચણા છે. તુવેર તો એકલી દાળ બનાવવામાં વપરાય છે, પણ ચણાનો લોટ (વેસણ) તો એટઍટલી રસાળ ને સ્વાદિષ્ટ વાનીઓ બનાવવામાં વપરાય છે કે એનું 'સકલપ્રિય' એવું સંસ્કૃત નામ યથાર્થ જણાય છે. ચણા અને તુવેરમાં વિટામિન 'એ'ના પૂર્વકારણરૂપ કેરો-

સ્વાદ અને પાક બંનેમાં મધુર, કબજિયાત દૂર કરનાર અને ગર્ભનિરોધક વટાણા

ટિન વધારેમાં વધારે હોય છે. વિટામિન 'બી' જૂથ, વિટામિન 'ઇ' અને વિટામિન 'કે' પણ એનામાં વધારે છે. બધાં કઠોળોમાંથી માત્ર ચણામા જ વિટામિન 'સી' મૂળથી રહેલું છે, બીજાઓમાં તે ફણગા ફૂટ્યા બાદ પેદા થાય છે.

આયુર્વેદીય ગ્રંથોમાં ચણાને બલ અને પુષ્ટિ આપનાર તથા કાંતિ અને વર્ણ સુધારનાર ગણાવ્યા છે. લીલા ચણા અત્યંત બલપ્રદ છે. મહર્ષિ સુશ્રુતે ચણાને 'વાયુ કરનાર, શીત, મધુર, તૂરા, રુક્ષ અને જો ઘી સાથે ખાવામાં આવે તો વાતપિત્ત ને કફને શમાવનાર' ગણાવ્યા છે.

'ભાવપ્રકાશ'માં ચણાના ગુણદોષ આ પ્રમાણે લખ્યા છે: 'ચણા ટાઢા, રુક્ષ, હલકા, દસ્તને રોકનાર ને વાયુ કરનાર છે. ચણાનો ઓળો બળ આપનાર અને રુચિ ઉપજાવનાર છે. શેકેલા ચણા પિત્ત ને કફને મટાડે છે. ચણાની રાંધેલી દાળ પેટમાં ગરબડ કરનાર છે.' શેકેલા

લોહતત્ત્વમાં ઇંડાંની બરોબરી કરનાર છતાં પચવામાં હલકા ને ગુણકારી મસર

ચણામાં પ્રોટીનનું પ્રમાણ વધવા સાથે ઉષ્ણાંક પણ વધે છે. ખાવામાં તે હલકા છે ને રુચિ ઉત્પન્ન કરનાર છે. 'રાજનિઘંટુ'માં કહ્યા પ્રમાણે તે 'નિદ્રાનું સુખ, પુષ્ટિ તેમજ બલને આપનારા' છે. બાળકોને માટે તે સાદો, સસ્તો ને પુષ્ટિદાતા નાસ્તો છે. વળી ચણાના લોટનો બનાવેલો મગજ બાળકોને માટે શ્રેષ્ઠ પોષણદાતા ખાદ્ય છે. આથી ચણાનું 'બાલભોજ્ય' નામ પણ સાર્થ છે.

મુસાફરીમાં ચણામમરાનો નાસ્તો ભૂખ સંતોષવા ઉપરાંત શ્રમ પણ હરે છે, કેમકે ચણામાં પ્રોટીન-દ્રવ્યો છે તો મમરાનું કાર્બોહાઇડ્રેટ દ્રવ્ય સદ્ય ગરમી અને શક્તિ આપે છે. ચણાના પૌષ્ટિક ગુણની દરેકને જાણ છે. આથી વ્યાયામપટુઓ વ્યાયામ બાદ રાતના પલાળી રાખેલી ચણાની દાળ સહેજ મીઠા સાથે બેઠી દાઢે ચાવીને ખાય છે.

ચણાના લોટની મીઠાઇઓ ઉપરાંત સેવ, ગાંઠિયા, ભજિયાં, ફાફડા ને ખમણ સર્વ કોઈને પ્રિય એવી વાનીઓ છે. દૂધી અને કોળાના શાક સાથે ચણાની દાળ ભેળવાતી હોવાથી એ શાકોની ઋતુ વખતે અઠવાડિયાની આહાર-આયોજનામાં બે ટંક આ શાક હોવાં જરૂરી છે જેથી લીલોતરી શાકના ક્ષારો તથા વિટામિનો સાથે ચણાના પ્રોટીન પણ આપણને મળે. રીંગણાં, ભીંડા અને બટાટાના શાકમાં ચણાના લોટનો સંભાર આવે છે, તો વળી રસાદાર બટાટા ને સૂરણના શાકમાં તેમજ પીઠલામાં પણ ચણાનો લોટ આવે છે. આ રીતે રોજિંદા આહારની એકાદ વાનીમાં સ્વાદપૂર્તિ માટે ચણાની દાળ કે ચણાના લોટનો ઉપયોગ થઈ શકે છે. કઢી બનાવવામાં છાશ સાથે ચણાના લોટનો ઉપયોગ પણ ઘણો અર્થપૂર્ણ જણાય છે. છાશમાં પ્રાણિજ પ્રોટીન છે તો ચણાના લોટમાં વનસ્પતિજ પ્રોટીન છે. આમ બેવડાં પ્રોટીનો ધરાવતી કઢી શક્તિ અને પુષ્ટિદાતા ખાદ્ય છે. શું આમ હોવાથી તે ખેડુ અને શ્રમિક વર્ગનો પ્રિય અને લગભગ રોજિંદો ખોરાક હશે?

ચણાની સાથોસાથ લાંગ વિષે પણ જાણવું જરૂરી છે, કારણ કે બંનેના લોટનો રંગ એકસરખો હોઈ બજારોમા વેચાતાં ફરસાણોમાં ચણાને બદલે સસ્તો લાંગનો લોટ વપરાય છે. લાંગ એ ભરૂચ જિલ્લાની પેદાશ છે. ત્યાં માણસોના આહારમાં એનો ઝાઝો વપરાશ નથી. લાંગના છોડ ખાસ તો ઢોરોને ખવડાવવામાં આવે છે. પ્રોટીન-સમૃદ્ધ આ પૌષ્ટિક નીરણ ખાવાથી ઢોર તરત જ લોહી લે છે. તે ઢોરને વાયડા ન પડે તે માટે તેની સાથે ગરમ ગુણવાળા અળછિયાના છોડનું નીરણ ઉમેરવામાં આવે છે. તેની બનેલી ખાવાની વાનીમાં સરસિયા તેલ અને લસણના વઘારનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે કે જેથી વાયડાપણું ન દાખવે.

મહર્ષિ સુશ્રુતે લાંગને અત્યંત વાયડા કહ્યા છે. સામાન્ય માણસ પણ 'લાગ ભાંગે ટાંગ'ની કહેવતથી જાણીતો છે, કેમકે એ વિશેષ ખાવાથી હાથ-પગ ઝલાઈ જાય છે. આ સ્થિતિની જાણકારી છેક આયુર્વેદના સમયથી છે. આયુર્વેદમાં આ સ્થિતિને કલાપખંજ કે વિશ્વાચી કહે છે, તો પશ્ચિમી વૈદકમાં 'લેથિરિઝમ' કહે છે.

ચોળા

મહર્ષિ ચરકે ચોળાને વિષ્ટંભિ (પેટમાં ગરબડાટ પેદા કરનાર) અને અવૃષ્ય (અપોષક) કહ્યા છે. શું આથી જ 'વૈદ્યાવતંસ'માં ચોળાને શિંબી ધાન્યોમાં અધમ તરીકે વર્ણવ્યા હશે? મહર્ષિ સુશ્રુતે ચોળાને (ભૂરિમલપ્રદ) પુષ્કળ ઝાડો લાવનાર કહ્યા છે તો 'ભાવપ્રકાશ'માં તેને (ભૂરિબલપ્રદ) ઘણું બળ આપનારા ગણાવ્યા છે! ચોળા કષાય રસવાળા હોવાથી મળભેદક નથી. વિપાક અને રસમાં ચોળા મધુર છે, ધાવણ વધારનાર અને રુચિપ્રદ છે. ચોળાની લીલી શીંગો શાક રૂપે

ખવાય છે. વાતલ ગુણ દૂર કરવા એની સાથે રીંગણાં ભેળવાય છે. કઠોળના રૂપમાં ચોળામાં તેલ અને લસણ નાખવાથી એનો વાયુ કરવાનો દોષ ઓછો થાય છે. ચોળાની દાળ વાટી, તેમાં આદુ, લીલાં મરચાં ને મીઠું નાખી, તડકે સૂકવી બનાવેલી વડી આપણા લગ્નપ્રસંગો-એ ખાસ બનાવવામાં આવતો વિશિષ્ટ ઉપ-ખાદ્યપદાર્થ છે.

વાલ

બધાં કઠોળોમાં મોટામાં મોટો દાણો વાલનો છે. એમાં ગંધક અને રેષાનું પ્રમાણ વધારે હોવાથી તે આફરો કરનાર અને પચવામાં પણ ભારે છે. એમાં ફૉસ્ફરસ અને મૅગ્નેશિયમ વધારે હોવા છતાં એમાંનું ઘણું પચ્યા વિના શરીર બહાર ફેંકાઇ જાય છે. બાકી વાલ સ્વાદમાં મધુર છે, ખાવા ગમે એવા છે, રુચિપ્રદ છે. આથી જ સંસ્કૃત-માં એને 'મધુશર્કરા' નહિ કહેતા હોય?

વાગ્ભટના કથન અનુસાર વાલ વાયુ, પિત્ત, રક્ત, ધાવણ ને પેશાબ વધારનાર છે, રેચક છે, ખાટા ઓડકાર આણે એવા હોઈ વિપાકમાં વિદાહી છે. 'રાજનિઘંટુ'માં વાલને બલપ્રદ કહ્યા છે, તો મહર્ષિ ચરક, ભાવમિશ્ર ને વાગ્ભટ એને વીર્યનો નાશ કરનાર કહે છે. રાત્રે પલાળી રાખેલા વાલનાં છોતરાં સવારે કાઢી નાખી બનાવેલી સળંગ દાળનું ખાણું સુસ્વાદિષ્ટ અને રુચિકર બને છે. ફણગાવવા માટે પલાળેલા વાલ બંધાય છે ખરા, પણ એથી દુર્ગંધ થતી હોવાને કારણે બીજી રીત આ રહી: પથ્થર કે લીંપણ ઉપર માટી કે ધૂળ પાથરી, એના ઉપર વાલ છૂટા પાથરવા. તેના ઉપર આછી માટી નાખવી ને તેના ઉપર અવાર-નવાર પાણી છાંટવું. ત્રણચાર દિવસે મોટા ફણગા ફૂટી રહે છે. વળી વાલની તૂરાશ કે કડવાશ દૂર થાય છે. વાલના વાતલ દોષો અજમો, હિંગ, તેલ ને લસણના વઘારથી દૂર થાય છે.

વટાણા

મગ અને તુવેર પચવામાં સહેલા છે, તો વાલ ને વટાણા પચવામાં ભારે છે. ચણા, મગ, મઠ, અડદ ને તુવેરમાં લોહ, તાંબું, મૅગ્નેશિયમ અને ફૉસ્ફરસના ક્ષારો સારા પ્રમાણમાં છે, તો મસૂર, વાલ ને વટાણા-માં તે ઓછા પ્રમાણમાં છે. ભાવમિશ્ર વટાણા માટે લખે છે: 'વટાણા સ્વાદે મધુર, પાકમાં પણ મધુર, રુક્ષ અને ટાઢા છે.' સુશ્રુત મઠ ને વટાણા બન્ને કબજિયાત દૂર કરનાર ગણાવે છે.

લીલા વટાણા શાક રૂપે ખવાય છે. સૂકા વટાણા ચણાની જેમ શેકેલા પણ ખવાય છે. પણ આહારની વાનીમાં કઠોળ રૂપે તે જવલ્લે જ વપરાય છે. એમાં રેષા વધારે હોવાથી પચવામાં તે ભારે છે. પણ તે ફાટી જાય એટલા ચડાવવામાં આવે તો નાજુક હોજરી પણ થોડા પચાવી શકે છે. હા, પ્રોટીન મેળવવાની દૃષ્ટિએ એને અવારનવાર વાપરવા હોય તો તેના આખા દાણા તુવેરની દાળમાં નાખવા. આ રીતે બફાએલા વટાણા ખાવામાં મિષ્ટ અને પાચનક્ષમ બને છે.

વટાણાનું એક આલ્કેલૉઈડ તત્ત્વ ગર્ભાધાન-નિરોધક તરીકે પુરવાર થયું છે. હમણાં એને ઔષધ રૂપે પણ બનાવાયું છે. આ ઔષધ કાયમ માટે ગર્ભનિરોધક નથી; એ લેવામાં આવે એટલા પૂરતી કામ-ચલાઉ એની અસર છે. નિયમિતરીતે ઋતુસ્રાવ આવવા છતાં આ ઔષધના સેવનથી ગર્ભાધાન થતું અટકે છે. જો કે આ ઔષધની સંપૂર્ણ ખાતરી તો આપી શકાતી નથી. જ્યારે ગર્ભાધાનની ઇચ્છા થાય ત્યારે આ દવા લેવાની બંધ કરી મોં વાટે વિટામિન 'ઇ' લેવાનું હોય છે.

મસૂર

કઠોળમાત્રનો દોષ પેટમાં વાયુ કરવાનો છે, પણ બે કઠોળ એવાં છે કે જે વાતલ નથી. એ છે મગ અને મસૂર. મસૂરમાં ગંધક ઓછું છે ને રેષા પણ ઓછા છે. આથી વાલ ને વટાણા કરતાં તે ઓછો વાયુ કરે છે, સહેલાઇથી પચે છે; અપચાના રોગીને પણ તે પથ્ય નીવડે છે.

મસૂરમાં વાલ ને વટાણા કરતાં યે વધુ પ્રોટીન છે. ચૂનાના ફૉસ્ફેટ ને લોહથી પણ તે સમૃદ્ધ છે. ડૉ. ચંદ્ર કહે છે કે 'મસૂર લોહથી એટલું સમૃદ્ધ છે કે એમાં ઇંડાની પીળી દાળ કરતાં સહેજ ઓછું લોહ છે.'

'ભાવપ્રકાશ'માં મસૂરના ગુણદોષ વિષે લખ્યું છે કે 'મસૂર પાકમાં મધુર, દસ્તને રોકનાર, શીતળ, હલકા, પિત્તને મટાડનાર અને રુક્ષ છે.

મસૂર પચવામાં હલકા છે અને વાયુ કરનાર નથી. વળી વિપાકમાં પણ અલ્કગુણ યુક્ત છે, જ્યારે ઘણાંખરા કઠોળનો વિપાક અમ્લ છે. અન્ય કઠોળના ખોરાકથી ગુરદાઓ ઉપર બોજો વધે છે, પણ મસૂરની આવી માઠી અસર નથી. વળી તે મૂત્રમાર્ગમાં રહેલી પથરીને ભેદનાર છે અને વેદના સહ ટીપેટીપે આવતા પેશાબ વખતે હિતકર છે.


આટઆટલા ગુણો હોવા છતાં આપણા આહારમાં મસૂરને સ્થાન નથી. કારણ માત્ર એનો સિંદૂરિયો રંગ છે! આ કારણે સંસ્કૃતમાં એને 'રંગદાલિ' કહે છે. રાંધવાથી મસૂરની દાળ લાલ બને છે, જે માંસ જેવી દેખાવાથી ચુસ્ત અન્નાહારીઓએ મસૂરને તરછોડયા જણાય છે. લાલરંગી ગાજર પણ આપણે ક્યાં ભાવથી ખાઇએ છીએ? અને લાલ-રંગી ટમેટાં માટે પણ ઘણા ચુસ્ત હિંદુઓને સૂગ ક્યાં નથી હોતી?

(આ લેખની જગ્યા થેરાપ્યુટિક ફાર્માસ્યુટિકલ્સ, મુંબાઇ તરફથી આપવામાં આવી છે.)

સૌરાષ્ટ્રી ભરતકામનાં થોડાં ટાંચણ

કલાકાર દેવજીભાઈ વાળા


મહાન કલાકાર થવાની મહેચ્છા કાંઈ સૌની પૂરી નથી થતી; પરંતુ કલાની સાચી લગની જેમના અંતરમાં સદોદિત જાગૃત હોય છે તેઓ પોતે જે કોઈ પ્રાપ્ત પરિસ્થિતિમાં હોય તેમાં તેની સાધના અને પ્રવૃત્તિ ચાલુ રાખ્યા કરીને સંતોષના ઘૂંટડા ભર્યે જ જતા હોય છે. પોતાના નમ્ર સંજોગોમાં એવી અનિરુદ્ધ પ્રવૃત્તિ ચાલુ રાખનાર ભાઈ દેવજીભાઈ વાળા, છે તો પોરબંદરની એક માધ્યમિક શાળામાં ચિત્રશિક્ષક, પરંતુ એમના અંતરમાં ઝગતી રહેલી પેલી જ્યોતના પ્રકાશથી પોતાના મર્યાદિત જીવનક્ષેત્રને પણ તેઓ જે રીતે અજવાળી રહ્યા છે, તેની પ્રતીતિ અવારનવાર 'કુમાર'નાં પાનાંઓ ઉપર થતી રહી છે. જરાકે ફુરસદ મળે કે પોતાની આજુબાજુ ધબકતા પ્રજાજીવનનાં વિવિધ પાસાંઓના સ્કેચ પર તેમની કલમ ચાલતી જ રહે છે; અને તહેવારો કે વૅકેશન જેવી લાંબી રજાઓમાં ચોમેરના પ્રદેશોમાં ફરી વિવિધ જાતિનાં જીવન, વેશપરિધાન, આભૂષણો-અલંકારો આદિની ભરચક નોંધો તે ખેંચી લાવે છે. એવાં તેમણે કરેલાં સૌરાષ્ટ્રી ભરતનાં થોડાં ટાંચણો ૪૩૭મા અંકમાં એક અન્ય સંદર્ભમાં આપ્યાં હતાં. આ પછીનાં પાનાંઓમાં વિવિધ ભાતવાળા તેના થોડા નમૂના ચૂંટીને આપ્યા છે. ટાંચણપોથીની એવી નોંધો ઉપરથી તેઓ ચિત્રરચનાઓ પણ કરે છે, તેનો એક નમૂનો અંક ૪૨૭માના પૂઠા પર આપ્યો હતો; બીજો આ નીચે આપીએ છીએ.







સૌરાષ્ટ્રમાં કાઠી લોકોનાં ઘરમાં ઓરડાની પાછલી ભીંત ઢાંકતાં સુશોભિત 'પછીતિયાં' હોય છે. જેના મથાળાના ભાગે સળંગ ૧૫ થી ૨૦ ફૂટ લાંબી પટ્ટીમાં વિવિધ બુટ્ટાઓની વેલ તથા આવાં શોભનપાત્રોની હાર ભરતકામથી આલેખેલી હોય છે. અત્યારે એવાં 'પછીતિયાં' બહુ વિરલ છે. જે ઘરમાં એ સચવાયાં છે ત્યાં પણ ઘણી બિસ્માર હાલતમાં છે.

નીચે: 'કટાવકામ'નો ચાકળો. કટાવકામ એટલે વિવિધ ભભકદાર રંગોનાં કપડાંના ટુકડા મનોરમ આકૃતિઓમાં કાતરીને તેને સુમધુર રંગ-સંયોજનમાં રચેલી ભાતમાં સીવી લેવામાં આવે તે.







મથાળે: તોરણ; ડાબી બાજુ: એ તોરણની બંને બાજુ ટાંગવાના ટોડલા. સૌરાષ્ટ્રમાં આહીર, મહેર, કણબી આદિ જ્ઞાતિઓમાં લગ્નપ્રસંગે ઘરનાં બારણાં આવાં તોરણ-ટોડલાથી શણગારાય છે.



'પછીતિયાં'માં કાઠી દરબારોની જાહોજલાલી દર્શાવતા હાથી, ઘોડા, ઊંટ વગેરેની સવારીઓ (જુઓ નીચે તથા પાછળ) તેમજ જમણી બાજુ છે તેવાં 'લગ્નોત્સવ પછીનાં વર-વધૂ'નાં ભરતકામ કરેલાં હોય છે, જે પરથી તે સમયનાં વસ્ત્રાભૂષણો આદિનો ખ્યાલ આવે છે.

નીચે: ચાકળાના ભરતકામમાં ગૃહજીવનનું એક સુંદર પાસું







ઉપરઃ કાળા કાગળ પર હૂબહૂ રંગોમાં ઉતારી લીધેલા આ નમૂનાની મૂળ-ની રંગાવટની મીઠાશ આમાં ક્યાંથી ઊતરી શકે? નીચે : 'પછીતિયાં'-માંની એક આકૃતિ; છેડે : ભરતકામમાં ઉતારેલું લોકજીવનનું એક દૃશ્ય.





સાહિત્યસંપર્ક

આ વર્ષના નૉબેલ ઇનામથી પુરસ્કૃત

સેન્ટ જ્હૉન પર્સ

કોઇકે કહ્યું છે કે મોટા અને નાના કવિ વચ્ચેનો તફાવત 'કદ'નો છે: કવિ જેટલો મહાન એટલી તેની દુનિયા મોટી. એ મુજબ ફ્રેંચ કવિ સેન્ટ જ્હૉન પર્સ પ્રથમથી જ મહાન કવિ હતા. મહાસાગરો, મરુભૂમિઓ, વિશ્વ ને સમયાતીત માનવ એ તેમના જન્મગત વિષયો રહ્યા છે. વૉલ્ટ વ્હિટમન ને આપણા કવિ ન્હાનાલાલની ડોલનશૈલીની યાદ તાજી કરતી સાન્દોલ લેખનશૈલીના તેઓ સર્જક છે.

ભવ્ય ને ઊર્જિતના ગાયક આ કવિનું સેન્ટ (સેન્ત) જ્હૉન પર્સ નામ, એ (તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ઇલૌગિસ' ૧૯૧૦માં પ્રકટ થયા પછી) તેમણે ધારણ કરેલું તખલ્લુસ છે. તેમનું મૂળ નામ તો છે ઍલેક્સી સેન્ત લેજર, જે ફ્રાન્સના જ નહિ બલકે યુરોપ ને એશિયાના યે પીઢ રાજદ્વારી પુરુષ તરીકે જાણીતુ છે.

ફ્રેન્ચ પરદેશ ખાતાની પારીસમાંની પોતાની કચેરીએથી આવી ખાનગીમાં તે કાવ્યલેખન કરતા. ફ્રાન્સના વિદેશપ્રધાન સ્વ. આરિસ્તાઈદ બ્રાયાંએ પોતાના આ વફાદાર મદદનીશને એક વાર પૂછી પણ નાખ્યું: 'લેજર, લોકો વાતો કરે છે કે તમે ફુરસદના વખતમાં કવિતા લખો છો, એ શું ખરું છે?' ત્યારે તેમણે કહેલું: 'અરે, એ તો બધી બનાવટ.'

૧૯૩૨માં બ્રાયાંનું અવસાન થતાં લેજર ફ્રાન્સના વિદેશખાતાના કાયમી મંત્રી બન્યા.

બીજું મહાયુદ્ધ આવ્યું ત્યારે લેજરે 'વિચી' રાજવહીવટમાં જોડાવાની ના પાડતાં તેમને અમેરિકામાં દેશવટો દેવાયો. ત્યાં અમેરિકન કૉંગ્રેસના ત્યારના ગ્રન્થપાલ કવિ આર્કિબાલ્ડ મૅકલીશે તેમને અઠવાડિયાના ૪૫ ડૉલરના પગારે ગ્રંથ-સૂચિનું કામ આપ્યું. ત્યારથી તેઓ વૉશિંગ્ટનમાં જ રહે છે, અને હાલ અમેરિકન કૉંગ્રેસના પુસ્તકાલયના માનાર્હ સલાહકાર છે. સતત પંદર વર્ષ સુધી ફ્રેન્ચ રાજકારણમાં વિશ્વાસપૂર્ણ કામગીરી બજાવી હોવાથી તેની આંટીઘૂંટીઓ ને રહસ્યો તેઓ બરાબર જાણે છે, પરંતુ જાહેરમાં કોઇને મોઢે રાજકારણ વિષે હરફ સુધ્ધાં કાઢતા નથી.



સ્વભાવે તે ઘણા સાલસ ને નિરભિમાન છે. કોઈ એક પ્રકાશકે કાવ્યોના પોતે પ્રકાશિત કરવા ધારેલા સમુચ્ચય માટે એમને કાવ્યો આપવાની વિનતિ કરી, ત્યારે તેમણે કહેલું, 'મારી ગણના સાહિત્યકારોમાં ન થાય.' પણ તેમના આ વિધાન સાથે અસંમત થઈને સ્વીડિશ અકૅડેમીએ આ ઑક્ટોબરના અંતભાગમાં તેમને ઈ. ૧૯૬૦નું સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક એનાયત કરી દીધું છે!

તેમનો જન્મ ઈ. ૧૮૮૭ની ૩૧મી મેના રોજ વેસ્ટ ઈન્ડીઝ ટાપુ સમૂહમાંના ગ્વાડાલૂપ ટાપુ પાસેના સેન્ત લેજર લા ફ્યુઇલે નામના પરવાળાના એક બેટ પર થયો હતો. તેમના ઉછેરમાં શૈવ ધર્મ પાળતી એક હિંદુ બાઇનો યે હિસ્સો છે. પ્રાથમિક શિક્ષણ રોમન કૅથલિક પાદરીની દોરવણી નીચે લઈ વધુ અભ્યાસ માટે ૧૧ વર્ષની વયે તે ફ્રાન્સ ગયા, જ્યાં વૈદક ને કાયદાનો અભ્યાસ કરી ૧૯૧૪માં ફ્રેન્ચ સરકારના વિદેશખાતામાં નોકરી લીધી, અને ૧૯૧૭માં તેમને ચીન મોકલવામાં આવ્યા, જ્યાં ચીની ફિલસૂફોને તત્ત્વચર્ચા માટે રોજ પોતાને ત્યાં બોલાવીને તેમણે ફ્રેન્ચ રાજદ્વારીઓને ચોંકાવી મૂક્યા. દૂર ટેકરીઓમાં એક મંદિર તેમણે ભાડે રાખેલું ત્યાં દર શનિ-રવિ તે એકાંતવાસ માટે ચાલ્યા જતા. એશિયાઇ પ્રશ્નોના તેઓ હવે નિષ્ણાત મુત્સદ્દી ગણાતા હતા, એટલે ૧૯૨૨માં વૉશિંગ્ટન ખાતે ભરાએલી 'નિઃશસ્ત્રીકરણ પરિષદ'માં દૂરપૂર્વના તજ્જ્ઞ તરીકે તેમણે હાજરી આપેલી. ૧૯૪૦માં જર્મન નાત્સીઓને હાથે પારીસનું પતન થયું, એટલે એક બ્રિટિશ નૌકામાં ફ્રાન્સ છોડી તે કૅનેડા ગયા. પાછળથી નાત્સીઓએ તેમના મકાનને ઉપરતળે કરી નાખ્યું અને તેમના અપ્રસિદ્ધ લેખનની પાંચ હસ્તપતો બાળી નાખી.

તેઓ પંડિતકવિ હોઈ લોકપ્રિયતા તેમને પ્રમાણમાં ઓછી વરી છે. ૧૯૩૦માં વિખ્યાત અંગ્રેજ કવિ ટી. એસ. એલિયટે તેમનાં કાવ્યોનો અંગ્રેજી અનુવાદ કર્યો. તે પછી જર્મન, ઇટાલિયન, રશિયન અને રૂમાનિયન ભાષા-

શબ્દકથા: 'પૂતળી'

'બત્રીશ પૂતળીની વાર્તા' કે 'સિંહાસન બત્રીશી' નામે જે વિક્રમકથાઓ જાણીતી છે, તેમાં એક જૈન પરંપરા પ્રમાણે બત્રીશમી કથા દળદરના પૂતળાની છે. અવંતીમાં વેચાવા આવેલી જે ચીજ ન વેચાય તે રાજા ખરીદી લે—એ નિયમ પ્રમાણે એક વાર વિક્રમને દળદરનું પૂતળું ખરીદી લઇને રાજભંડારમાં મૂકવું પડયું. પરિણામે લક્ષ્મી—ને તેની પાછળ વિવેક—વિક્રમની વિનવણી છતાં, તેને છોડીને ચાલ્યાં ગયાં; સાહસ પણ જવા લાગ્યું. એટલે વિક્રમે પોતાનું મસ્તક વધેરી આપવા કર્યું. આથી પ્રસન્ન થઇ સાહસ, વિવેક ને લક્ષ્મી ત્રણે ય પાછાં ફર્યા.

આ વાતમાં દળદરના પૂતળા માટે સંસ્કૃતમાં 'દરિદ્રપુત્રક' એવો શબ્દ છે. 'પુત્રક' એટલે 'પૂતળું'. 'પુત્ર' એટલે 'દીકરો'. તેને લઘુતા, લાડ વગેરે ભાવ સૂચવતો 'ક' પ્રત્યય લાગ્યો. નાની છોકરી ઢીંગલા સાથે તેને બાબો—'પુત્રક'—ગણીને રમે છે ને? 'પુત્ર' ઉપરથી પ્રાકૃતમાં 'પુત્ત' થાય તેને 'લ' ને 'ય' એ લઘુતા ને લાડના વાચક પ્રત્યયો લાગતાં 'પુત્તલય', ને સ્ત્રી હોય તો 'પુત્તલિયા' થાય. પછી ગુજરાતીમાં 'પૂતળું', 'પૂતળી'. અર્થ 'ઢીંગલી', ઉપરાંત કોઇ પણ નર રૂપ કે નારી રૂપ માટી વગેરેની આકૃતિ. 'પુત્તલિયા'ને અરધોપરધો સંસ્કૃતનો રંગ આપીને 'પુત્તલિકા', 'પુત્તલી' શબ્દ પણ બનેલા છે. ત્રિશંકુની જેમ એ સંસ્કૃત ને પ્રાકૃતની વચ્ચે લટકતા ગણાય.

લૌકિક વહેમોમાં તેમજ લોકકથામાં કામણટૂમણ માટે કરવામાં આવતું અડદના લોટનું પૂતળું જાણીતું છે. ઉપર જણાવેલું દળદરનું પૂતળું એ પ્રકારનું છે.

'પૂતળી'નો બીજો અર્થ છે 'આંખની કીકી'. સંસ્કૃતમાં કીકી માટે એક શબ્દ છે 'કનીનિકા'. એ શબ્દનો મૂળ અર્થ પણ નાની છોકરી, ઢીંગલી—'પુત્રિકા' છે. આમ 'કનીનિકા' ને 'પુત્રિકા' સમાંતર છે.

ઘઉંના અનાજ સાથે જે અમુક જાતનો કચરો ભળેલો હોય છે તેને 'ચણિયાં પૂતળિયાં' કહે છે. આકાર ઘાસની ઢીંગલીને મળતો હોવાથી આ નામ સ્વાભાવિક છે.

'પૂતળી' માટે સંસ્કૃતમાં 'શાલભંજિકા' શબ્દ છે. તેનું મૂળ ઘણું રસપ્રદ છે. 'રમવાની પૂતળી' માટે ગુજરાતીમાં 'ઢીંગલા' શબ્દ છે. આ બંનેની વાત આવતે વખતે. —હરિવલ્લભ ભાયાણી

એમાં પણ તેમની કાવ્યકૃતિઓ અનુવાદરૂપે ઉતારાઈ છે. ભાવપ્રતીકો સર્જવામાં તેઓ અજોડ છે. તેમનાં પ્રકૃતિચિત્રો ભાવકના સંવેદન સાથે સીધો સંસ્પર્શ સાધે છે. તેમના આજ સુધી પ્રકટ થયેલા કુલ છ કાવ્યસંગ્રહો પૈકી 'એફ્રાઈલ ઍન્ડ અધર પોએમ્સ' તથા 'વેન્ટસ' ખાસ ધ્યાન ખેંચે છે. તેમનાં ભાવપ્રતીકોની ભાષા કાંઈક ગૂઢ હોવા છતાં સચોટ છે. આ અંતર્મુખ કવિનું દર્શન સવિશેષપણે આત્મશોધનું—આધ્યાત્મિક છે.

તેમની કવિતામાં શાશ્વત સત્યનું અંતઃપ્રતીતિ રૂપે પ્રતિનિધાન થયું છે. સુંદર, અનંત, ભવ્ય, વિસ્તીર્ણ તત્ત્વને મૂર્ત વાસ્તવિક આકાર આપવાનો તેમણે ઉદાત્ત પ્રયત્ન કર્યો છે. આ તત્ત્વની અભીપ્સા ને તેનું કાવ્યમાં અવતરણ એ તેમની કવિત નું મુખ્ય પરિબળ છે.

નવા કાવ્યગ્રન્થો તથા બીજાં પ્રકાશનો

અશબ્દ રાત્રિ

(૧૯૫૩-૧૯૫૯) 'કુમાર'ને સુપરિચિત કવિ શ્રી પ્રિયકાન્ત મણિયારનો 'પ્રતીક' પછીનો આ બીજો કાવ્યસંગ્રહ છે.

વિશ્વને કા'ક કુતૂહલથી જોતી કવિની આંખ અંતે તો તેને જીવન-પરિમાણે મૂલવે છે. તેમની ઉક્તિમાં કલ્પનાની લાક્ષણિકતા ને સહજતાની સાથે ભાવને ગ્રંથિબદ્ધ કરવું લાઘવે છે. અલબત્ત, આ સંગ્રહનાં કાવ્યોની શૈલી કવિના પૂર્વવર્તી સંગ્રહ 'પ્રતીક'ની માફક પરંપરાગત નહિ બલકે નવીન છે. ('આધુનિક કવિતા' પ્રકાશન-શ્રેણીનું ૪થું પુસ્તક. કિ.: રૂા. ૧.૦૦.)

સૉનેટ

શ્રી ચુનીલાલ મડિયાને આપણે ખાસ કરીને વાર્તાકાર-નાટકકાર તરીકે જ વધુ ઓળખીએ છીએ; પરંતુ પ્રવાહી-સબલ બાનીમાં ભાવવૈશિષ્ટ્ય રજૂ કરતાં કાવ્યોના યે તે એક અચ્છા રચયિતા છે, તેની પ્રતીતિ સુરેખ શિષ્ટ સૉનેટ-સ્વરૂપને અનુસરતી તેમની ૨૦ કૃતિઓનો આ ગુચ્છ કરાવી રહે છે. સાહિત્યનાં અન્ય ક્ષેત્રોમાં સફળતાથી ઘૂમનાર એ લેખકનું આ પ્રસ્થાન નવીન રચના-પ્રયોગ ન રહેતાં તેમની સિસૃક્ષુ પ્રતિભાના એક મૌલિક પાસાની ઝાંખી કરાવે છે. ('આધુનિક કવિતા' પ્રકાશન-શ્રેણીનું ૫મું પુસ્તક. બંને પુસ્તકોના પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ-૧; કિંમત: રૂા. ૧.૦૦.)

આરત

સ્વસ્થ જીવનભાવના અને તેનું સરળ રસવાહી નિરૂપણ એ, શ્રી દેવજી રા. મોઢાંના કાવ્યસંગ્રહો 'પ્રયાણ' (૧૯૫૧) અને 'શ્રદ્ધા' (૧૯૫૭)ની પછીના, છંદોબદ્ધ કાવ્યો, ગીતો અને ભજન-ઢબની કૃતિઓના આ ત્રીજા સંગ્રહનું પ્રમુખ લક્ષણ છે. પુરુષાર્થી, નીતિમય, પરમાર્થી ને અધ્યાત્મલક્ષી જીવન કવિને પ્રિય છે. અસંતોષ-અશાંતિના આ યુગમાં જીવન પ્રત્યેનાં શ્રદ્ધા ને બળ મેળવવા માટે આવી કવિતા પ્રેરણા-સ્થાન બની શકે. કલાની યે શ્રેષ્ઠ સિદ્ધિ દાખવે તે જ સામાન્યોત્તર કાવ્યરચના ગણાય. એ ન્યાયે આ સંગ્રહમાંનાં કાવ્યોનાં વિષય અને કલા, એ બંને અંગોનું તોલન કરતાં વિષયનું પલ્લું ક્યારેક વધુ નમી જાય છે.

ડૉ. ઇન્દ્રવદન કા. દવેના 'પ્રવેશક', શ્રી નાથાલાલ દવેના 'ટિપ્પણ' તથા જૅકેટ પર સર્વશ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી, પ્ર. ત્રિવેદી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને અનંતરાય રાવળના અભિપ્રાયો સાથે.

પ્રાપ્તિસ્થાન: ગંગાશંકર બેચરભાઈ ત્રિવેદી, કાન્તિ પ્રિન્ટિંગ પ્રેસ, પોરબંદર; કિ: રૂ ૩ ૦૦.

અભ્યર્થના : નવકવિ પ્રા. શશિન્ ઓઝાનાં કાવ્યો, મુક્તકો ને ગીતોના આ સંગ્રહના કાવ્ય-વિષયનો પરિચય કરાવતાં પ્રા. અનંતરાય રાવળે કહ્યું છે :'કવિ જીવનના વિનોદાંશને પકડી થોડી રમૂજ કરી જાણે છે તેમ જીવન-કારુણ્યને ઓળખી-જોઈ-ગાઇ શકે છે. એ કવિ તેથી નિર્વેદમાં ડૂબી જતો નથી; આનંદ, સ્ફુર્તિ ને પુરુષાર્થ એને અંતરથી વિશેષ ભાવે છે. પ્રકૃતિસૌંદર્યને તેમ ભારતના સ્વરાજને અને એને આણી આપનારને ય ઊલટથી ગાયાં છે.'

પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; રૂા. ૩-૦૦.

ઘડિયાળ અને અને...

આરંભમાં લેખિકા લીનાબેન મંગલદાસ જણાવે છે: '૧૯૪૨ના મે માસમાં અમદાવાદમાં ડાયરી લખવી શરૂ કરી. જૂનમાં થોડા દિવસ સિમલામાં ગાળ્યા. તે સમયે લખેલાં પાનાં ગયે વર્ષે શ્રીનગરમાં તપાસ્યાં. ને અહીં દાર્જીલિંગમાં તે કાર્ય પૂરું થયું. બરોબર સોળ વર્ષે!'

એ ડાયરી તે રૂઢ અર્થની રોજનીશી નથી. નવનવાં ભાવ-સ્પંદનોની આ કાવ્યાત્મક ગદ્ય-રચનાઓ-'ગદ્ય કાવ્યો' છે. રચનાઓનાં લય અને શૈલી કાવ્યનાં છે. ફેર એટલો છે કે તે છંદ કે ગીતનાં ચોકઠાંમાં મુકાયાં નથી. તેમાં સૌંદર્ય-અનુભૂતિ છે, અને ચિંતન પણ.

પ્રકાશક: લીનાબેન મંગલદાસ, શ્રેયસ, શાહીબાગ, અમદાવાદ-૪; કિંમત: રૂા. ૧.૫૦.

ઉપરામ

અરવિંદ આશ્રમ (પૉંડિચેરી)માં સાધના કરતા શ્રી ગિરધરલાલે પોતાની અધ્યાત્મપ્રતીતિને આ પુસ્તકમાંનાં ૧૦૮ ગદ્યમુક્તકોમાં નિરૂપી છે. 'પ્રસ્તાવના'માં તેઓ કહે છે :

'शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया।
आत्मसंस्थं मन कृत्वा न किञ्चिदपि चिन्तयेत्॥

ગીતાના એ શ્લોકમાંની न किञ्चिदपि चिन्तयेत्, आत्मसंस्थं मनः અને उपरमेत्ની સ્થિતિ આ લખાણના મૂળમાં છે.' ભાવની પારદર્શક સચ્ચાઈભર્યાં આ મુક્તકો અધ્યાત્મની દૃષ્ટિએ મૂલ્યવાન છે.

તેઓ કહે છે : 'આ પુસ્તકને હું બજારમાં મૂકવાનો નથી. એ અભક્તના હાથથી વેગળું રહે એમ ઇચ્છું છું. જેને પુસ્તક કામનું છે તેને અહંકારના ખયાલ વગર મારે આપવું છે. અથવા ઋણમુક્ત થવા તે જે કિંમત ચૂકવીને પુસ્તક મેળવવા ઇચ્છતા હોય તેટલી કિંમત સ્વીકારીને પણ તેમને આપવું છે.'

પ્રકાશક: Shri Girdharlal Sheth, Sri Aurobindo Ashram, Pondicherry.

પાલવકિનારી

ઈ. ૧૯૫૫માં ૪૫ વર્ષની આશાસ્પદ વયે અવસાન પામેલા ગઝલકાર શ્રી અનંતરાય પ. ઠક્કર 'શાહબાઝ' પાસેથી ગુજરાતને ગુણવાન ગઝલોની મોટી આશા હતી. તેમની રચનાઓના આ એકમાત્ર સંગ્રહમાંની તેમની કવિતા પરથી પ્રતીતિ થશે કે કવિતાનો રાહ તેમણે પ્રયોગ કે મનોરંજન તરીકે નહિ પરંતુ સાચી આરત્ર સાથે લીધો હતો. આ સંગ્રહનાં કાવ્યો અલ્પસંખ્ય-૩૨ જ-છે; પરંતુ તે ગુણવાન રચનાઓ છે ને સ્વ. શ્રી 'શાહબાઝ'ની સર્જક પ્રતિભાનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ મુખ્યત્વે મુખમ્મસો અને ગઝલો લખતા સૂફીવાદની ફિલસૂફીને આધુનિક ભાષામા ગૌરવભરી રીતે મૂકવાનું કાર્ય 'શાહબાઝે' સફળતા પૂર્વક કર્યું હતું.

ફારસી ને ઉર્દૂ છંદો, રૂપકો વગેરેના ભૂમિકારૂપ પરિચય કરાવતા, આ સંગ્રહમાંના પોતાના લેખમાં શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું છે :'થોડા જ કવિઓએ ગુજરાતીમાં વપરાતા ફારસી ઉર્દૂ શબ્દો ને ગઝલ વગેરે કાવ્યસ્વરૂપોની ભાષામાં અર્થની અસલ મહત્તા સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સંગ્રહના કવિનું અર્પણ આ ક્ષેત્રે ઘણું વધુ છે. ખોટા અર્થમાં ચલણી બની જવાને લીધે સ્વત્વ ખોઈ બેઠેલા કેટલાક શબ્દોને તેમણે નવજીવન આપ્યું છે. આ શબ્દોને નવા—વધુ ઔચિત્યથી કહીએ તો સાચા અર્થસંદર્ભમાં યોજીને આ કવિએ ભાષાની શક્તિમાં ઉમેરો કર્યો છે.' ફારસી કાવ્યપ્રકારોમાં સંસ્કૃત શબ્દોનો સમન્વય તેમણે

પ્રકાશ ('કુમાર' અંક ૪૪૪)

કુશળતાપૂર્વક છતાં સાવ સરળ દેખાય તેમ કર્યો છે. સંગ્રહને અંતે ટિપ્પણ આપ્યું છે.

સંપાદકો: સર્વશ્રી યશવંત દોશી, 'મુકબિલ' કુરેશી, મહેન્દ્ર 'સમીર', હરીન્દ્ર દવે; પ્રકાશક: શ્રી યશવંત દોશી, ૯૧ જવાહરનગર, ગોરેગાંવ, મુંબાઈ ૬૨; કિંમત રૂ.૧-૦૦.

માનસર

શ્રી બરકત વીરાણી 'બેફામ'ને ગુજરાતી ગઝલ આલમ સારી રીતે ઓળખે છે. તેમની ગઝલો, નઝમો અને મુક્તકોના આ સંગ્રહના 'આમુખ'માં તેમની ગઝલકાર તરીકેની શક્તિનો પરિચય કરાવતાં શ્રી જ્યોતીન્દ્ર હ. દવેએ યથાર્થ લખ્યું છે: 'ગઝલકાર તરીકે ભાઇ બરકત અત્યંત લોકપ્રિય છે, તેથી વિશેષ 'કવિ' છે. એમનાં કાવ્યો જેટલાં લોકભોગ્ય નીવડે છે તેટલાં જ વિદ્વદ્‌ભોગ્ય પણ બને છે. એ પોતાનાં કાવ્યોમાં વાચ્યાર્થ ને વ્યંગ્યાર્થ બંને સાધી શકે છે. વાચ્યની સપાટી પર તરનારા સામાન્ય શ્રોતાઓને એમના કાવ્યનાં જળ આહ્‌લાદક શીતળતા ને પ્રસન્નતાનો અનુભવ કરાવે છે, તો વ્યંગ્યાર્થના ઊંડાણમાં ડૂબકી મારનારાઓને એમાંથી સાચાં પાણીદાર મૌક્તિકો પણ સાંપડે છે.'

આકૃતિઓ અને રૂપરંગની આકર્ષક સજાવટ તથા પુસ્તક રાખવા માટેના પૂઠાના બૉક્સ સાથે; પ્રકાશક: સ્વાતિ પ્રકાશન, ૨૨૯ સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩; કિંમત: રૂ. ૯-૦૦.

મંજરી: નવીન ગઝલકાર શ્રી જયેન્દ્ર મહેતાનાં કાવ્યો—મુખ્યત્વે ગઝલો અને કત્આઓ: શ્રી જમિયત પંડ્યાના 'બે બોલ' સાથે, પ્રકાશક: શ્રી જયેન્દ્ર મહેતા, પખાલીની પોળ, રાયપુર, અમદાવાદ ૧, કિંમત: ૧-૫૦; **ચંદ્ર** (૧-૯-'૫૯, ૧-૧૨-'૫૯): નવકવિ શ્રી તનસુખ ઓઝાનાં કાવ્યોના આ બે અંકોમાં તેમની ભાવ-ઉક્તિ નિરૂપણની, નવીન પ્રયોગોની લાક્ષણિકતા વરતાય છે; પરંતુ કાવ્ય-કડીઓનો પૂર્વ અપર કે મધ્યવર્તી સંબંધ સધાતો નથી. પ્રકાશક: તનસુખ ઓઝા, પીપળાવાળી શેરી, દીવાનપરા, ભાવનગર; કિંમત: અનુક્રમે રૂ. ૧-૫૦ ને ૧-૦૦; **ઊર્મિકા:** નવકવિ શ્રી મહેન્દ્ર ન. જોષીનો કાવ્યસંગ્રહ, પ્રકાશક: શ્રી મહેન્દ્ર ન. જોષી, ૧૨૨૧ દેવની શેરી, માંડવીની પોળ, અમદાવાદ, કિંમત: ૦-૫૦ ન.પૈ.; **गुंजन और शोर:** પૂનાની બાલસંસ્થા 'બાલકુસુમોદ્યાન'માં બાળકોને કંઠસ્થ કરાવાતાં સંસ્કૃત, હિંદી, મરાઠી, અંગ્રેજી અને ગુજરાતી શ્લોકો-ગીતોનો સંચય, પ્રકાશક: શ્રી વ્રજમ ઓઝા, 'બાલકુસુમોદ્યાન', ૬૧૦ ગુરુવાર પેઠ, પૂના.

પદ્યાનુવાદ-ઇનામ-યોજનાનું પરિણામ

પ્રખ્યાત વિજ્ઞાની સ્વ. આલ્બર્ટ આઈન્સ્ટાઈનના નીચેના ફકરાનું, સરસ તેમજ સુંદર ભાવમાં, તેમજ નાનાં બાળકો પણ સમજી શકે અને ગાઈ શકે તેવા સરળ પદ્યમાં ભાષાન્તર કરનારને અથવા મૂલ ભાવ-દ્યોતક કાવ્ય લખનારને રૂ. ૫૧)નું ઇનામ આપવાનો એક 'કુમાર'-પ્રેમી ગૃહસ્થનો પ્રસ્તાવ ઑગસ્ટ ૧૯૫૯ના (૪૨૮મા) અંકમાં જાહેર થયો હતો. તેને માટે ઠરાવેલી મુદત (૧૫ ઑક્ટોબર ૧૯૫૯) સુધીમાં ૫૮ કૃતિઓ આવી હતી, પણ બીમારી વગેરે અનિવાર્ય કારણોસર તેનો નિર્ણય આજ સુધી જાહેર કરી શકાયો ન હતો.

સ્પષ્ટપણે કહેવું જોઈએ કે આવેલી કૃતિઓમાંથી કોઈ પણ એ ઇનામ જીતી શકે એવી શ્રેષ્ઠ કક્ષાની લાગી ન હતી. બીજા ત્રણેક લબ્ધપ્રતિષ્ઠ કવિ તથા વિવેચકમિત્રોના સહકારથી ફરી ચકાસણી કરતાં પણ સર્વાનુમતે આ જ નિર્ણય થયો, અને દાતા ગૃહસ્થ પણ એમાં સંમત થયા; છતાં એમણે ઉદારભાવે ઇનામનું વિતરણ કરવાનું તો અમને સોંપી જ દીધું. આ નીચે ફરીથી એ અંગ્રેજી ફકરો તથા તેની નીચે કક્ષા ક્રમમાં પહેલી પાંચ કૃતિઓ પ્રકટ કરીએ છીએ. એમાંથી ઔચિત્યાનુસાર ઇનામ મોકલી અપાશે.

અંગ્રેજી ફકરો: "A hundred times every day I remind myself that my inner and outer life are based on the labours of other men, living and dead, and that I must exert myself in order to give in the same measure as I have received and am still receiving."

(૧) ઘૂંટ્યા કરું છું મનમાં

· મિશ્ર ·

—સાંજ અને સવાર

આ વાત હું રોજ હજાર વાર
ઘૂંટ્યા કરું છું મનમાં વળીવળી:
કે મારી આ જીવનની લઘુ કળી
બાહ્યાન્તરે જે ફૂલરૂપ ઊઘડી
તે તો નહીં મારું જ કર્મ કેવલ.
જે આ જગે હોય ન હોય આ ઘડી
એવા ઘણાના શ્રમનું જ એ ફલ.
મારે ય તો એમ જ, એ પ્રમાણે
જે મેળવ્યું ને હજી યે છું મેળવું
તે વ્યાજ સાથે અહીં ચૂકવી જવું;
દેવા બધું દેવું દૂધે જ ધોઈ એ
અવશ્ય મારે મથવું જ જોઇએ.

'ઉશનસ્'

(૨) ઋણ

· મિશ્ર ·

હૈ લોકકેરા શ્રમથી સીંચાય
ત્યારે ખીલે જીવનબાગ મારો.
પ્રત્યેક એની ફૂલપાંખડીમાં
સુગંધ મ્હેકે સહુની સહાયની.
એ સત્ય ભૂલી જઉં ના કદાપિ
ને પ્રાર્થું કે વિશ્વ થકી હું મારી
આંતર્ અને બાહિર જિંદગાની
કાજે લઉં તેટલું ચૂકવું સદા.

ગીતા પરીખ

(૩) કૃતજ્ઞતા

· દોહરા ·

રોજ રહું સંભારતો મનમાં સો સો વાર,
આખી મારી જિંદગી અંદર સાથ બહાર,
ટકતી જન બીજા તણી મ્હેનતને આધાર,
જે આજે જીવી રહ્યાં, વળી ગયાં જગપાર.
મેળવિયું જે જીવનમાં, રહું મેળવતો આજ,
સામું તેટલું આપવા કરવો યત્ન જ સાચ.

ન. શા. ત્રિવેદી

(૪)

· શિખરિણી ·


સદા આધારે છે મમ જીવન આંતર્બહિર સૌ
થએલા ને થાતા અવિરત બધા લોકશ્રમને,
સ્મરી એવું નિત્યે શતશઃ અને નિશ્ચય ધરું
'કરું કામો એવાં વળતી રીતિએ હું ફળરૂપે.'

ગુણવંતરાય વિષ્ણુપ્રસાદ ભટ્ટ

(૫) લેવું એ તો દેવું

લેવું એ તો દેવું,
રે ભાઇ, લેવું એ તો દેવું.
આ કાયાના ચણતર કાજે,
ભીતર કેરા ઘડતર કાજે,
અન્ન વસ્ત્ર ને આશ્રય રૂપે,
શિક્ષણ ને સંસ્કાર સ્વરૂપે
લઈલઈ પાછું દેવું. —લેવું૦
વર્તમાન ને વિગત પેઢીના
કૈંક અનામી અન્ય જનોના
શ્રમ-અનુભવનો મળ્યો વારસો,
નિત્ય નિરંતર જાત ઘસી એ
રહ્યું ફેડવું દેવું. —લેવું૦

લક્ષ્મીનારાયણ મો. પંડ્યા



1 'કૃષ્ણ-જન્મ' આ વિષય ખોડીદાસને એટલો તો પ્રિય છે કે દરેક જન્માષ્ટમીએ તે 'કૃષ્ણ-જન્મ'નું એક નવું ચિત્ર બનાવે છે

કલાવાર્તા

કલાકાર ખોડીદાસ પરમાર

લેખક: જ્યોતિ ભટ્ટ

એમના પિતા ભાયાભાઇને દીકરીયું તો ઉપરવાળાએ દીધેલી, પણ દીકરા વિનાના તેમના જીવને નિરાંત નો'તી; એટલે ખોડિયાર માની માનતા રાખી કે 'મારે ઘરે જો દીકરો અવતરશે તો એક શીંગલા ઘેટાનો ભોગ ચડાવીશ!' ને ઈ માનતા ફળી પણ ખરી. તા. ૩૧ જુલાઈ ૧૯૩૦ના દા'ડે આડોશીપાડોશીને સગાંવા'લાંને પતાસાં વહેંચ્યાં—ખોડીદાસભાઈનો જનમ થયો.

જ્ઞાતે કારડિયા રજપૂત. ને કાઠિયાવાડમાં કારડિયા રજપૂત એટલે? છોકરાં રોતાં હોય તે નામ પડ્યે છાનાં રહી જાય! પણ ભાયાભાઇ એવા નો'તા. ખોડિયાર ઘેટો ચડાવવા તો ગયા, પણ માહ્યલી કોરથી કોકના ભણકારા સાંભળ્યા. ઘેટો—જીવતોરમતો ઘેટો—હમણાં વધેરાઇ જશે, ઘડીક તરફડીને ઢીમ થઈ જશે એ વિચારે અકળાઈ ગયા; અને માત્ર તેનો કાન હલાલ કરીને છોડી દીધો. આમ ખોડિયારે દીધો ઈ ખોડો—ખોડીદાસ.


એમના જ્ઞાતિજનો મોટે ભાગે તો ખેતીવાડીનું કામ કરે, પણ ભાયાભાઇ ભાવનગરમાં આવીને વસેલા અને ઘોડાગાડી ભાડે ફેરવીને જીવનનિર્વાહ ચલાવતા. પાછલી જિંદગીમાં એક મકાનમાં ચોકીદાર—પગી તરીકે રહેલા. ભાયાભાઇ મૂછોનાં મોટાં થોભિયાં રાખતા; ને એવાં થોભિયાં આજે પણ ખોડીદાસભાઈનાં ચિત્રોમાં ખૂબ જોવા મળે છે.

નાતજાતમાં કોઈ ખાસ ભણે નહિ: બધાએ કાળા અક્ષરને કુહાડે મારેલા. પણ આ ભાઇ તો ભણ્યો, ખૂબ ભણ્યો. પણ ખોડાને એનું જરા યે અભિમાન જ નઈન! બધા સગાંવા'લાં કામકાજ માટે, હટાણાં માટે કે દવાખાનાના કામે (ગોહિલવાડ પંથકની મોટી ઇસ્પતાલ તો તેના પાટનગર ભાવનગરમાં છે એટલે) આવે, ત્યારે બધાં હારે બરાબર બેસે, ઊઠે ને મે'માનગતી કરે; એમાં જરાયે પાછો ન પડે. આમ તો ગામમા પાંચ માણાં'માં પુછાય; પણ હર ઉનાળે જ્યારે શેઠ મંબી (મુંબઈ)થી આયાં કણે દેશમાં આવે તેદ્યેં શેઠનું યે જરીયો જરી ય કામ કરે: ઈનાં કપડાં ઇસ્રી કરવા આલી આવે, ને ટપાલ પણ નાખીઆવે.'

પિતાજીના અવસાન પછી પણ તેઓ પોતાના કુટુંબકબીલા ઉપરાંત બેનબનેવી ને ભાભી-







સૌરાષ્ટ્રી લોકકલાનાં આલેખનો, સૂતરરેશમનાં ભરત તથા મોતીભરતની માંડણીમાંથી પ્રેરણા લઇને ખોડીદાસે પોતાની ચિત્રશૈલી નિર્માણ કરી છે. તેથી તેમનાં સંયોજનોમાં પૅટર્ન અને ડિઝાઈન (ભાત અને રૂપરચના)નું તત્ત્વ તથા ભરચક્કપણું પ્રાધાન્ય ભોગવે છે. મથાળે 'વિવાહ'; વચ્ચે 'ઉપવનમાં'; નીચે 'શ્રીકૃષ્ણનું મથુરાગમન' જેમાં ગોપીઓ તેમનો માર્ગ રોકીને પડેલી જણાય છે.

ભરવાડણ

સામાન્ય રીતે જોતાં તો ભરવાડણ અને રબારણ બંને સ્ત્રીઓ એક જ જાતના પોશાકવાળી ભાસે છે. પણ ઝીણવટથી જોતાં એ બંનેમાં ફેર હોય છે. એ ફેર ભાઈ ખોડીદાસ પોતાના અવલોકનના ફળ રૂપે પોતાની ટાંચણપોથીમાંના ચિત્ર સાથે અહીં નિરૂપી બતાવે છે.

ભરવાડણો કાળા અને લાલ ઊનની ધાબળી ઓઢે છે. તેમાં બાંધણુની પણ ભાત હોય છે. પરંતુ ભરવાડણો ધાબળીની બાજુઓ ઉપર ઘણી વાર લીલી અને ગુલાબી અતલસની પહોળી કોર મુકાવે છે, તો વળી કોઇકોઇ શોખીન ભરવાડણો ધાબળીના છેડા ઉપર ભરત ભરાવે કે ભરે છે. તેઓનાં કાપડાં (કબજા)ને 'લાંબા પેટનાં કાપડાં' કહે છે: તે હમેશાં રેશમી કાપડાં નીચે ખડ નાખીને પહેરે છે. કાપડાં મોળિયાંવાળાં ને હમેશાં કોણીથી પણ નીચે ઊતરતાં હોય છે.

તેમનાં ઘરેણાંમાં 'પારો' મુખ્ય છે: એ જ માત્ર સોનાનો દાગીનો છે. તેમાં વચ્ચે મોટો ગોળ પારો, પછી એકએક નાનો ગોળ 'ગોખરુ' અને પછી ત્રિકોણ આકારના બે 'ચીપુ'. આ 'ચીપુ' પછી કાળાં મોતીની સેરો હોય છે. બીજો દાગીનો 'હાસ્ડો', તે રૂપાનો હોય છે. તેમાં રૂપાનાં ગોળગોળ ચકરડાં, અને નીચે નાગરવેલના પાનના આકારનું ચકતું જેને 'પોટલિયો' કહે છે. નાકમાં સોનાની નથ, કાનમાં ફૂપલા ખણમાં ત્રણ કે ચાર સોના કે રૂપાના 'વેઢલા'; અને બુટીમાં 'ઠોળિયું', 'પોખાની' કે 'ટાટી' પહેરે. હાથમાં પહેલી આંગળીમાં રૂપાનું 'જોતર'; બીજી અને ત્રીજી આંગળીમાં 'આંટીવીંટી' અને ટચલી આંગળીમાં રૂપાની ત્રણ ગોળ 'ટાચાળી વીંટી'. હાથના કાંડામાં હાથીદાંતનાં માટલિયા ઘાટનાં બલોયાં. પગમાં કડલાં. કોઈવાર કાંબી પણ પહેરે છે. વળી પગે અંગૂઠામાં વેલણ ઘાટ કે તોડા ઘાટનાં અંગૂઠિયા ને આંગળીમાં ઘૂઘરીવાળી ફૂલમાછલી કે વીંછિયા. કોઇ વાર પગના ફણા ઉપર 'પગપાનાં' પણ પહેરે છે.

અંગ પર નીચે ચણિયાને બદલે કાળી અને રાતી જીમી પહેરે છે. તે સિલાઈ વગરની છૂટી હોય છે. ભરવાડણો શરીરમાં સશક્ત અને મોટે ભાગે રબારણોની સરખામણીમાં જરાક સ્થૂળ લાગે છે. રબારણો કરતાં ચપળતા ઓછી, છતાં કામ ખૂબ જ કરે છે. વાને શીનો—કોઈક જ વધારે ઊજળી હોય છે. હાથે, પગે, મોઢે અને ગળે ત્રાજવાં ત્રોફાવે છે.



ના કુટુંબને પોતાની સાથે જ રાખીને 'શેઠ'ના ફળિયામાં (કંપાઉન્ડમાં) પોતે પણ પગી તરીકે જ હજુ રહે છે. કબીરનાં વચનો તો જાણે એના હૈયામાં ઊંડાં મૂળ નાખી ગયાં છે કે

'ગરવ કિયો સોઇ નર હાર્યો રે
સિયા રામજીસે
ગરવ કિયો સોઈ નર હાર્યો રે.'



સૌરાષ્ટ્ર અને તેનાં ગામડાં જોવાની ઇચ્છા ધરાવતા એમના ઘણા કળાકાર મિત્રો જ્યારે-જ્યારે ભાવનગર આવે ત્યારે ખોડીદાસભાઇને ઘરે જ તેમને એ દર્શનનો લાભ મળી જાય.

ભરતકળાના જેટલા જોઈએ એટલા, જુદી-જુદી જાતના બધા જ નમૂના એમને ત્યાં જ જોવા મળી જાય. માત્ર પેટીપટારામાં સંઘરેલા જ નહિ પણ પે'રેલા-ઓઢેલા પણ. એમનાં બા, વહુ, બે'ન ને ભાભી બધાં જ, એ જ અસલની વારીથી હાલ્યા આવતા, કારડિયા રજપૂત કોમની સ્ત્રીઓ જુદીજુદી વયે જે આભૂષણો ને પોષાકો પહેરે છે તે જ આ બધાં પણ પે'રે છે. પોતાને મોટા ને સુધરેલા કે'વરાવતા શહેરીઓની વચ્ચે રહીને પણ,— અને તદ્દન સ્વાભાવિક રીતે.

ભારત સરકારના 'હૅન્ડીક્રાફ્ટ બોર્ડ' માટે ખોડાભાઈએ ભરત, તેની ભાત, ટાંકા વગેરેની ઘણી માહિતી એકઠી કરી આપી છે. આવી વસ્તુઓમાં રસ ધરાવનાર કોઈ પણ વ્યક્તિ ભાવનગર જાય એટલે તે તેને મળે ને મળે જ.

શ્રી સોમાભાઇના પણ તેઓ ખાસ વિદ્યાર્થી: દરરોજ એકબીજાને મળવું જ જોઇએ. કાં તો ખોડીદાસ સાહેબને (સોમાભાઈને) ઘરે જાય, નહિ તો પછી સાહેબ પોતે જ ખોડીદાસને ત્યાં આંટો મારી જાય.

દિવાળી આવતાં પે'લાં સાહેબને ત્યાં રંગોળીયે કરી દે અને ભીંત શણગારવા તાવ[?]ઓ પણ ચીતરી દે. અને આવી માયાને કારણે જ તો કોઈ પણ કળાશાળાની રીતસરની તાલીમ મેળવ્યા સિવાય ખોડીદાસે પોતાની કળાને આટલી ઊંચી કક્ષાએ પહોંચાડવાની લાયકાત સાહેબ પાસેથી હાંસલ કરી છે.

પાછલી જિંદગીમાં માત્ર ૩૫ રૂપિયાના પગારે ચોકીદાર તરીકે કામ કરતાં છતાં ભાયાભાઈને કોડ હતા કે પોતાના એકના એક દીકરા 'ખોડુ'ને ખૂબખૂબ ભણાવવો. અને દીકરો મૅટ્રિકમાં પ્રથમ વર્ગમાં આવ્યો ત્યારે પિતાના હરખનો તો કોઇ પાર નહોતો.

કારડિયા રજપૂતમાં ભરેલાં કપડાં પહેરવાનો રિવાજ. ઘરમાં બહેન ભાભી વગેરે ભરેલાં કપડાં પહેરે, હાથે આળેખે ને સુંદર રીતે ભરે. વળી મોતીનાં ગૂંથણ કરે. આ બધાની સચોટ છાપ ખોડીદાસના બાળમાનસ પર પડી. તેમનાં બા વખતબેન, ભાભી શાબાબેન



રબારણ

રબારણ દેખાવે સુંદર, શરીરે જરા ઊંચી; ઘાટીલી અને સપ્રમાણ. તેનો બાંધો મજબૂત વધારે; અને સહુકાંઇભરી ચંચળતા એનામાં હોય છે. મોટે ભાગે વાન ઘઉંવર્ણો જ હોય છે. પ્રથમ દૃષ્ટિએ તો ભરવાડણને મળતી જ લાગે,—એકદમ પારખી ન શકાય. પણ પોતાની ધાબળી તેમજ ઘરેણાંથી તે ભરવાડણથી જુદી પડી આવે છે. ધાબળી પણ ઊનની જ હોય છે. તેમાં પણ બાંધણની જ ભાત હોય છે. પણ ભરવાડણથી તેને જુદી પાડનાર તે એની ધાબળીના છેડાની સાંગરીઓ. છેડાની એ લટકતી સાંગરીથી જ રબારણ ઓળખાય. દરેક રબારણને ધાબળીના છેડા ઉપર એવી લાંબી લટકતી સાંગરી હોવાની જ; જ્યારે ભરવાડણને તે નથી હોતી. આ બંનેને ઓળખવાની મુખ્ય નિશાની. વળી રબારણનું કાપડું પણ લાંબા પેટનું જ હોય છે, પણ તે કોણીના ઉપરના ભાગ સુધી ચપોચપ બાંહ્યનું પહેરે છે; ભરવાડણ પેઠે કોણીની નીચે નહિ. બાકી તેની ઉમી પણ ભરવાડણ પેઠે લાલ અને કાળા રંગની જ.

રબારણનાં ઘરેણાં—'કટેસરી' અને 'દૂવાસેર'—પણ ભરવાડણથી જુદાં પડે છે. 'કટેસરી' તે ડોકમાં ચપોચપ પહેરે છે. ચોળિયાનો દોઢ આંગળ પહોળો પટ્ટો બનાવી, તેના ઉપર વચ્ચે લીલી અતલસનું નાનું પડ ચડાવી, તે પર સોનાના લંબચોરસ પાતળા ચોસલાને સૂતરથી ટાંકવામાં આવે છે તે 'કટેસરી'. જ્યારે 'દૂવાસેર' થોડે અંશે નાના માદળિયા જેવું, પણ જરા જુદું પડતું ઘરેણું છે. દોરાની એક સેરમાં કાળાં મોટાં મોતી ને એકએક સોનાળિયો કે સોનાનો ગોળ પારો, એકએકને આંતરે બંને બાજુ સરખા હારબંધ પરોવવામાં આવે છે, અને વચ્ચેના ભાગમાં માદળિયા જેવું, બંને બાજુ તથા વચ્ચે અણીવાળું નાનું સોનાનું ચકતું હોય છે. નાકમાં સોનાની 'નથ', કાનમાં ઉપલા ખણમાં ત્રણ કે ચાર 'વેઢલાં' અને બુટીમાં 'ગોખાની' કે 'ઠોળિયાં'. જમણા હાથની આંગળીમાં 'જોતર', બીજી અને ત્રીજી આંગળીમાં 'આંટીવીંટી' ને ટચલી આંગળીમાં 'ટોચાળી વીંટી'. પગમાં રૂપાની કાંબીઓ (ખાંપિયા), અંગૂઠામાં અંગૂઠિયા, આંગળીમાં કરચ અને કરડા. રબારણો પણ હાથે અને પગે ત્રાજવાં ત્રોફાવે છે, પરંતુ તે હાથમાં બંગડી કે બલોયાં કશું જ પહેરતી નથી. વિધવા કે સધવા હમેશાં અડવા જ હાથ રાખે છે. એમનામાં હાથે કશું પહેરવાનો રિવાજ જ નથી. એ એને ભરવાડણથી ઓળખવાની મોટી નિશાની છે.

ને બેનો જીવીબેન તથા બાલુબેનના આલેખો અને ભરતકામ ઉપરથી ખોડીદાસે પ્રેરણા મેળવી, અને અત્યારે સૌરાષ્ટ્રીય શોભનની પદ્ધતિએ તેઓ આગવાં આલેખનોદ્વારા પોતાની ચિત્રશૈલીથી ચિત્રકામ કરી રહ્યા છે.

આમ નાનપણથી જ શરૂ થએલી ચિત્રની શરૂઆત પછી રીતસરની તાલીમ તે હાઈસ્કૂલમાં ભણવા ગયા ત્યારે શરૂ થઈ. જાણીતા કલાકાર શ્રી સોમાલાલ શાહ ત્યાં કલાશિક્ષક હતા તેમના હાથ નીચે ખોડીદાસે એટલો વિકાસ કર્યો કે તે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં પહોંચ્યા ત્યાં તો એ વર્ષે તેમના ત્રણ ચિત્રો રાજકોટમાં ભરાએલા 'સૌરાષ્ટ્ર કલા મંડળ'ના પ્રદર્શનમાં તેમને માટે ત્રીજું ઈનામ જીતી લાવ્યા અને એક ચિત્ર તો વેચાઇ પણ ગયું.

ભાવનગરમાં મૅટ્રિક થઇને મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયમાં અરધો સમય નોકરી સ્વીકારી અને સાથે-સાથ કૉલેજનો અભ્યાસ અને ચિત્રકામનો શોખ ચાલુ રાખ્યાં. તેઓ કૉલેજમાં પ્રથમ વર્ષમાં હતા ત્યારે તેમને એક ચિત્ર માટે 'બૉમ્બે આર્ટ સોસાએટી'નું પારિતોષિક અને એક ચિત્રને 'અતિ પ્રશસનીય'નું પ્રમાણપત્ર મળ્યું. ત્યાર પછીના ઈન્ટરના વર્ષમાં તો તેમને ઘણાં ઇનામો મળ્યાં: જામનગરના 'વિકાસ પ્રદર્શન'માં પ્રથમ ઇનામ, 'સૌરાષ્ટ્ર કલા મંડળ'નું પારિતોષિક, દિલ્હીના 'ઑલ ઈન્ડીયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીનું ભીંતચિત્ર માટેનું બીજું પારિતોષિક, 'અખિલ ભારત વિદ્યાપીઠ યુવકમહોત્સવ'માં બીજું પારિતોષિક, ને પછી 'બૉમ્બે આર્ટ સોસાએટી'નું બીજું ઇનામ પણ મળ્યું. આ જ વર્ષે તેમના પિતાજીનું અવસાન થયું.

૧૯૫૭માં તેમના 'સૌરાષ્ટ્રમાં વિવાહ' ચિત્રને 'લલિતકળા અકાદમી'ના રાષ્ટ્રીય પ્રદર્શનમાં રૂા ૧૦૦૦નું પારિતોષિક મળ્યું અને ભાવનગર સાહિત્ય સભાએ તેમને એક ચંદ્રક જાહેર કર્યો. ૧૯૫૮માં પણ 'સૌરાષ્ટ્ર કલા મંડળ'નું પ્રથમ ઈનામ મળ્યું, અને ૧૯૫૯માં એ જ મંડળનો પ્રથમ સુવર્ણ ચંદ્રક તેમને એનાયત થયો. ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક તથા ઉજ્જનનાં 'શાકુન્તલમ'ના પ્રદર્શનનું ઇનામ મળ્યું. તેમનાં બે ચિત્રો દિલ્હીના નૅશનલ મ્યૂઝિયમમાં છે, એક શ્રી જવાહરલાલ નેહરુના અંગત-સંગ્રહમાં છે અને બે હોલાંડમાં છે.

અત્યારે તેઓ ભાવનગર ઘરશાળામાં ચિત્રશિક્ષકની કામગીરી ઉપરાંત ભાવનગર કૉલેજમાં ગુજરાતી અને સંસ્કૃત વિષય લઇને એમ.એ.નો અભ્યાસ કરે છે.

તેમના ચિત્રવિષયમાં લોકજીવન ને કૃષ્ણલીલાનું ચિત્રણ વધારે પ્રમાણમાં હોય છે. સૌરાષ્ટ્રના ભરતપ્રિય કારડિયા રજપૂતકોમના હોઇ લોકશૈલીનાં સરળ ચિત્રોની અસરતેમના પર વધારે છે. સૌરાષ્ટ્રની જ લોકકળામાંથી તેઓએ પોતાની ચિત્ર-પદ્ધતિનો માર્ગ શોધી કાઢ્યો છે. લોકકળાનાં આલેખનો, મોતીભરત, તેમજ સૂતરના ભરત–આલેખ પરથી તેઓએ પોતાની ચિત્રશૈલી નિર્માણ કરી છે. તેમની રંગાવટ પણ એ ભરત જેવી ગૂઢી અને ઘેરી હોય છે અને ચિત્રોની માંડણી પણ તે ભરતકામની શૈલીએ પૅટર્ન (ભાત)ની રીતે કરે છે. કૃષ્ણ-જન્મ તો એમનો એટલો પ્રિય વિષય છે કે હરેક જન્માષ્ટમીએ તે 'કૃષ્ણજન્મ'નું નવું ચિત્ર બનાવે છે.

તેમના નિકટના મિત્રોમાં શ્રી જ્યોતિ ભટ્ટ તેમજ શ્રી વિનય ત્રિવેદી. શ્રી સોમાભાઈના



ચિત્રવર્ગમાં તે શરૂઆતમાં વિનય ત્રિવેદી પાસે જ કામ કરતા, અને તેમની પાસેથી ઘણુંઘણું શીખ્યા. જ્યોતિ ભટ્ટ પાસેથી કપડાં લાકડાં પર તેમજ જુદીજુદી શૈલીમાં તેમજ જુદાંજુદાં સાધનો ઉપર પ્રયોગો કરતાં શીખ્યા.

તેઓ સૌરાષ્ટ્રનાં પ્રાચીન ભરતકામ, જૂના અલંકારો, પહેરવેશો, લોક-આલેખનો તેમજ લોકગીતો ને લોકવાર્તાઓ પર કૈંક લખવાનો વિચાર રાખે છે અને તે માટેની તૈયારી પણ કરવા માંડી છે.

ગુજરાતી કલાકારોને પારિતોષિકો

મહાકવિ કાલિદાસના સ્થાન મનાતા મધ્ય ભારતમાં દર વર્ષે કાલિદાસ-જયંતી નિમિત્તે એ કવિની કૃતિઓમાંના પ્રસંગો નિરૂપતાં ચિત્ર-સર્જનોનું પ્રદર્શન ભરાય છે, જેમાં સમસ્ત ભારતના કલાકારો ભાગ લે છે. આ વર્ષે ગ્વાલિયરમાં ભરાએલા એ પ્રદર્શનમાં પ્રથમસહિત પાંચ પારિતોષિકો વડોદરા કલામહાવિદ્યાલયના અનુક્રમે શ્રી સુમન્ત શાહ, વિનોદ શાહ, જ્યોતિ ભટ્ટ, શાન્તિ દવે અને જયંત પરીખ તથા રાજકોટના શ્રી ભૂપત લાડવા—એમ છ ગુજરાતીઓને મળ્યા તે અભિનંદનીય છે. તેમના ચિત્રવિષયો હતા અનુક્રમે 'ચન્દ્રોદયારંભ', 'બાણાવસર', 'ઉમા કી તપશ્ચર્યા', 'ન ઠહર સકી ન જા સકી', 'ઋતુગમન' ને 'પ્રેમયાત્રા'. એ પૈકી ભાઈ ભૂપત લાડવાની કૃતિનો ફોટોગ્રાફ મળી શક્યો તે આ સાથે આપ્યો છે.

એ ઉપરાન્ત શ્રીનગરમાં ભરાએલા 'જમ્મુ ઍન્ડ કાશ્મીર ફાઇન આર્ટ્સ એકેડેમી'ના પ્રદર્શનમાં પણ પ્રથમ સહિત ત્રણ ઇનામો વડોદરાના કલાકારોને ફાળે ગયાં છે.

હમણાં ઊજવાએલા 'રાષ્ટ્રકુટુંબ-સપ્તાહ' નિમિત્તે લંડનમાં 'રૉયલ કૉમનવેલ્થ સોસાએટી'ના આશ્રયે રાષ્ટ્રકુટુંબની કળા (કૉમનવેલ્થ-આર્ટ)નું એક પ્રદર્શન ૨૨મી નવેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધીમાં ભરાયું તેમાં છ ભારતીય કલાકારોએ ભાગ લીધેલો: ૧) એફ. એન. સૂઝા જેઓ ૧૯૪૯થી લંડનમાં જ છે; ૨) અવિનાશચન્દ્ર જેમણે લંડનમાંના ચાર જ વરસના વસવાટમાં પ્રતિષ્ઠા મેળવી છે; ૩) કિશન ખન્ના જે ૧૯૫૪થી વિવિધ યુરોપીય દેશોમાં કાર્ય કરી રહ્યા છે; ૪) પ્રેમલતા જે પાંચ વરસ પર ભારત સરકારની શિષ્યવૃત્તિથી લંડનની સેન્ટ્રલ સ્કૂલ ઑવ આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સમાં તાલીમ લઇ હાલ ત્યાં ભિત્તિચિત્રોનું કામ કરે છે; ૫) નીરા સેન સેન્ટ્રલ સ્કૂલનાં એક વિદ્યાર્થિની; અને ૬) છેલ્લાં નવ વરસથી લંડનવાસી થએલા શિલ્પી સદા બકે.

નીચે: 'પ્રેમયાત્રા' ભૂપત લાડવા





આટલું કરો

કોઈ-કંઈ મળ્યું અને સુખી થાય છે તું,
કોઈ કંઈ ન મળ્યું ને દુખી થાય છે તું!
કોઇ-કંઈ અહીં હશે, પણ ન્હોય તો તું?
કોઈ-કંઈ નહીં હશે, પણ તું હશે ને?
તો જે મળ્યાં સુખ દુખો, કરી બાદ એને
જીવંતતાસભર એક ક્ષણે જીવી લે.

—રતિલાલ યોગી

ભારતના સર્વપ્રથમ વાયુસેનાપતિ : સ્વ. સુબ્રત મુખરજી


આપણાં શાસ્ત્રોએ દેહને ક્ષણભંગુર કહ્યો છે, એ કથનની વાસ્તવિકતાનું ઍર-માર્શલ સુબ્રત મુખરજીના અકાળ અવસાનથી આપણને આઘાતપૂર્વક ભાન થાય છે ભારત-જાપાન વચ્ચે શરૂ થતા આપણા જેટ વિમાન-વ્યવહારના ઉદ્‌ઘાટન-ઉડ્ડયનમાં ઇન્ડિયા ઇન્ટરનૅશનલના મહેમાન તરીકે જાપાન ગએલા શ્રી મુખરજી ટોકિયોમાં જમતા હતા ત્યારે માંસની કણી ગળામાં અન્નનળીમાંથી શ્વાસનળીમાં ચાલી જતાં ગૂંગળાઇ જવાથી તેમનું ગઈ આઠમી નવેમ્બરની મોડી રાતે અવસાન થયું. સૌએ એમ માન્યું કે અવસાન હૃદય બંધ પડવાથી થયું છે; પરંતુ મરણોત્તર તપાસમાં રહસ્યસ્ફોટ થયો. ભારતીય હવાઈદળના એ સર્વપ્રથમસેનાપતિના અવસાનથી આપણને એક રાષ્ટ્રીય ખોટ પડી છે, એટલી સંનિષ્ઠ અને ઉજ્જ્વળ એમની કારકિર્દી હતી.

સામાન્યપણે શિક્ષક કે કારકુન બનવા મથતા આપણા યુવાનો માટે વિમાની અફસરની કારકિર્દી પસંદ કરવામાં સ્વ. શ્રી મુખરજીનું જીવન ઘણું પ્રોત્સાહક થઈ પડે એવું છે. તેમનો જન્મ કલકત્તામાં ઇ. ૧૯૧૧ની ૫મી માર્ચના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ સ્થાનિક શાળામાં લીધું હતું. બાદ ઉચ્ચ શિક્ષણ માટે કેમ્બ્રિજ ગએલા. શ્રી સુબ્રત મુખરજીની કારકિર્દી વિદ્યાર્થી તેમજ સૈનિક તરીકે ઝળહળતી હતી. ૧૯૨૯માં દાક્તર થવા ઇંગ્લંડ ગયા ત્યાં બ્રિટિશ સરકારે જાહેરાત કરી કે હિંદીઓને હવે વિમાની દળમાં સ્વીકારવામાં આવશે; એટલે ૧૯૩૦ના જુલાઈથી તેમણે ક્રૅનવેલની 'રોયલ ઍર ફોર્સ કૉલેજ'માં હવાઇ દળની તાલીમ લેવી શરૂ કરી અને વિમાની બનીને આવ્યા!

તા.૧ એપ્રિલ ૧૯૩૩નો દિન શ્રીમુખરજીની કારકિર્દીમાં અને ભારતની લશ્કરી તવારીખમાં યાદગાર બની ગયો. તે દિવસે હિંદી વિમાની દળની સ્થાપના થઈ અને શ્રી મુખરજી તેમાં જોડાઈ ગયા. વિમાની વિદ્યાનો તથા વિમાની યુદ્ધવિદ્યાનો ઝડપી વિકાસ થઇ રહ્યો હતો અને શ્રી મુખરજી ઝડપથી એ વિદ્યા પચાવી રહ્યા હતા. ૧૯૩૯ના માર્ચમાં તેઓ હિંદી હવાઈદળના પ્રથમ અફસર બન્યા. ક્વેટાની સ્ટાફ કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઇને તેઓ નં.૨૨૩ ગ્રુપમાં જોડાયા. હિંદીવિમાનીદળમાં અંગ્રેજોની પછી મુખરજીનું સ્થાન મોખરેનું હતું. પઠાણોના પ્રદેશમાં તેઓ ૧૯૪૩માં કોહાટના હવાઇ મથકના પહેલા હિંદી સરદાર બન્યા. પછી તરત 'ગ્રુપ કૅપ્ટન' અને 'ઍર કૉમૉડૉર' તરીકે તેમની બઢતી થઇ. દરમ્યાન અમેરિકા, કૅનેડા અને ગ્રેટબ્રિટનની મુલાકાતે જઈ આવેલી 'નૅશનલ વૉર ઍકૅડેમી'ના પણ તે સભ્ય હતા.



આપણાં જીવજંતુ : ૩૦
ફૂદાં



'મેલાં પતંગિયાં' જેવાં ફૂદાં તો આપણે બધાએ જોયાં છે. જીવનવિકાસ એ બંનેનો એકસરખો, ચાર અવસ્થાઓનો : ઇંડું, ઇયળ, કોશેટો અને પાંખાળું પુખ્ત. અઢી લાખ જેટલી પતંગિયાં-ફૂદાંની જાતોમાંથી પતંગિયાં માત્ર બાર હજાર જાતનાં; બાકી બધાં ફૂદાં.

વિવિધરંગી, બારીક રજકણથી છવાએલી ચાર પાંખો; મોંમાંથી લટકતી, મોટી, વાળી શકાય એવી લાંબી જીભ; આંખ આગળ બે મૂછો; છ પગ, તેર સાંધાવાળું, ખારેકના ઠળિયાના આકારનું શરીર—પતંગિયાં અને ફૂદાંની આ દેહ-રચના. ફૂદાંના કદમાં વૈવિધ્ય ઘણું મળે છે. સૂક્ષ્મ કદના એક ફૂદાની જાત પ્રસારેલી પાંખ સાથે માત્ર ત્રણ જ મિલિમીટરના કદની; બીજી એક જાત, પાંખ ફેલાવતાં ૨૮૦ મિલિમીટર (૧૧ ઇંચની) થવા જાય!

પતંગિયાં અને ફૂદાંમાં ચોખ્ખો તફાવત આટલો : પતંગિયાં દિવસે જ ફરનારાં; ફૂદાં રાતનાં રાજા. પતંગિયાં બેસે ત્યારે પાંખો પીઠ પર ઊભી કરી સંકેલી લે; ફૂદાં પાંખો પસારીને બેસે, ત્યારે પાંખોની ઉપલી સપાટી જ દેખાય. પતંગિયાંની મૂછો માથાની આગળ સીધી ટટાર રહેતી, છેડેથી સહેજ જાડી; ફૂદાંની વિવિધ જાતની, અત્યંત મુલાયમ. પતંગિયાં બેસે ત્યારે મૂછો સીધી ટટાર રાખે; ફૂદા મૂછો વાળીને પાંખોની નીચે સંતાડી દે. પતંગિયાંની આંખો મોટી, માથામાંથી બહાર પડતી; ફૂદાંની ઝીણી. પતંગિયામાં માથું-ધડ જુદાંજુદાં -વચ્ચેથી સંધાએલાં હોય તેવાં લાગે; ફૂદાંમાં સળંગ, વચ્ચેથી અખંડ, રાયણના ઠળિયા જેવાં. તેનો ખોરાક ફૂલોના ને વનસ્પતિ-છોડના રસ અને એવા બીજા પ્રવાહી પદાર્થ.

જ્યારે હિંદમાં મુક્તિસંગ્રામ લડાતો હતો ત્યારે શ્રી મુખરજી સ્વતંત્ર થનારા ભારતમાં પોતા પર આવનારી જવાબદારી ઉઠાવવાની પાત્રતા કેળવી રહ્યા હતા. વાયવ્ય સરહદના તાયફાવાળાઓ સાથે અંગ્રેજોની લડાઈ તો ચાલ્યા જ કરતી. એક વખત વિમાનમાંથી શ્રી મુખરજીએ જોયું કે એક ટુકડીનો પુરવઠા-માર્ગ તાયફાવાળાઓએ કાપી નાખ્યો છે, અને ટુકડી પાસે દારૂગોળો ખૂટી ગયો છે. શ્રી મુખરજીએ પોતાની પાસેનો દારૂગોળો થેલામાં ભર્યો અને વિમાનને ખૂબ નીચી સપાટીએ લાવીને એ પુરવઠો પેલી ટુકડીની વચ્ચે મૂકી દીધો.

ભારતને સ્વતંત્રતા મળી તેની સાથેજ તેને કાશ્મીરમાં પાકિસ્તાની આક્રમણનો સામનો કરવો પડ્યો. ભારત સરકારની નીતિ એ હતી કે એ યુદ્ધમાં અંગ્રેજોની સેવા ન લેવી. એ દિવસોમાં દિલ્હી અને પંજાબ કોમી દાવાનળમાં સળગતાં હતાં. મહારાજા હરિસિંહ કાશ્મીરનું ભારત સાથે જોડાણ કરવા માગતા ન હતા, અને કાશ્મીરમાં ભારતની સેના ન હતી. કાશ્મીર સાથેનો મુખ્ય વ્યવહાર-માર્ગ પાકિસ્તાનમાં ગયો હતો, બીજો વ્યવહાર-માર્ગ (જમ્મુ તાવીનો માર્ગ) પાકિસ્તાન વડે કપાઈ ગયો હતો. આવા વિકટ સમયે વિમાનીઓએ ભારતના સૈનિકોને હિમાલય ઓળંગીને કાશ્મીરની ખીણમાં ઉતારવાનું બીડું ઝડપ્યું અને વિમાની દળે એ કપરા સંયોગોમાં દુશ્મનને ખાળવાનું માથે લીધું. પરંતુ તે વખતે ભારત પાસે વિમાનો પણ કંગાળ સંખ્યામાં હતાં, અને તે યે જૂનવાણી. તેમ છતાં કુશળતા અને બહાદુરીએ તેમને વિજય અપાવ્યો. જગતના લશ્કરી ઇતિહાસમાં કાશ્મીરનું યુદ્ધ વિશિષ્ટ સ્થાન ભોગવે છે. જો ભારતના વિમાનીઓનો સબળ ટેકો ન મળ્યો હોત તો ભારતના ખુશ્કી સૈનિકો કાશ્મીરની ખીણમાં ઊતરી ન શક્યા હોત. સર્વશ્રી મુખરજી, એન્જિનિયર, નંદા અને અર્જુનસિંહ એ યશના અધિકારી છે. તા. ૧લી એપ્રિલ ૧૯૫૪ને દિને શ્રી મુખરજી ભારતના વિમાની દળના પહેલા ભારતીય સેનાપતિ બન્યા.

તેઓ 'ચીફ્સ ઑવ સ્ટાફ કમિટી'ના ૧૯૫૫ની ૨૨મી જુલાઈથી ચૅરમૅન હતા. હવાઈ દળના સેનાપતિ તરીકે તેમની મુદત ૧૯૫૮માં ચાર વર્ષ વધારી આપવામાં આવી હતી, એ પરથી તેમની કામગીરીની કેટલી મોટી કિંમત આંકવામાં આવતી હતી તેનો ખયાલ આવે છે. સ્વ શ્રી. સુબ્રત મુખરજી જેવા હસમુખા, વિનોદી અને મળતાવડા બીજા લશ્કરી અધિકારીઓ બહુ જૂજ મળવાના. એમને મળવું એટલે જિતાઈ જવું. ભારતનાં ત્રણ લશ્કરી દળોમાં વિમાની દળ સૌથી છેલ્લું રચાયું. તેમ છતાં શ્રી મુખરજીના નેતૃત્વ નીચે તેણે જે પ્રગતિ કરી છે, પંખાવાળાં વિમાનોમાંથી જેટ વિમાનયુગની ઉત્ક્રાંતિ કરી છે તે ઉત્ક્રાંતિ પણ ક્રાંતિકારી છે; અને તેનો યશ ઍર-માર્શલ મુખરજીને ઘટે છે. એમના અકાળ અને આઘાતજનક અવસાનથી પં. નેહરુને એક આત્મજન ગુમાવ્યા જેટલું દુઃખ થયું છે. શ્રીમતી મુખરજી શ્રી વિજયાલક્ષ્મી પંડિતના કુટુંબનાં પુત્રી છે. અને શ્રી મુખરજીનાં ૮૦ વર્ષનાં વૃદ્ધ માતાની યાતના કેવી હશે! એમની પાછળ આપ્તજનોને જે ફટકો પડયો છે. તેનાથી ભારતને પડેલી ખોટ કંઈ ઓછી નથી.

('જન્મભૂમિ-પ્રવાસી'માં સોડહમ્)

મકરસંક્રાંતિ

આજે સૂર્યની શક્તિનો વૈજ્ઞાનિક રીતે વિચાર થઈ રહ્યો છે. પણ આપણા પ્રાચીનોએ સૂર્યની આ અખૂટ શક્તિનો ઉપયોગ દેશકાળ અને ઋતુ પ્રમાણે કર્યો જ હતો. સૂર્યને દેવ તરીકે સ્વીકારી એની પૂજા, અર્ચના ને પ્રાર્થના યોજી હતી. આપણા દેશમાં સૂર્યની ગતિ સાથે જ અનેક નાનાંમોટાં પરિવર્તનો આવે છે. આપણી ઋતુઓ–શિયાળો, ઉનાળો, ચોમાસું પણ સૂર્ય ને પૃથ્વીની ગતિને જ આભારી છે. આથી આપણાં પર્વો પણ આ ગતિમાનના પ્રભાવની સાથે સુમેળ રાખવાના પ્રયત્ન તરીકે સ્વીકારાયાં છે. શિયાળાનાં શક્તિપર્વો, ઉનાળાનાં તપપર્વો અને ચોમાસાનાં વ્રતપર્વો આ જ હેતુથી ગોઠવાયાં છે.

અત્યારે શિયાળાના દિવસો ચાલે છે. ઠંડું હવામાન માનવીના શરીરની ગરમીને ખેંચી લે છે. આથી જ શિયાળામાં ઘીતેલની આસપાસ મરી, મસાલા, તેજાના અને મધુરરસ પ્રધાન ગળપણ મેળવીને એનાં પાક વસાણાં લોકો વાપરે છે. ખોરાકનાં તમામ ઘટકોમાં ચરબી (તેલીપદાર્થ) સૌથી વધારે ગરમી આપે છે, એટલે આપણે એ ગરમી આપનાર ખોરાકોનો સ્વીકાર કર્યો છે. શિયાળામાં મકરસંક્રાંતિનું પર્વ આવે છે. મકરસંક્રાંતિની સાથે જ તલના લાડુ. અડદ, કાળી મોગરી, રીંગણાં, કાળી શેરડી અને એવા જ બીજા કાળા રંગવાળા ખોરાક કે વસ્તુઓ વપરાય છે. તલનો ને કાળા રંગનો આટલો મહિમા શા માટે? કારણ કે કાળો રંગ સૂર્યની ગરમીને શોષી તેનો સંગ્રહ કરે છે. આથી જ શિયાળામાં જ્યારે સૌથી વધારે ગરમીની જરૂર છે ત્યારે કાળા રંગનાં ખોરાક-વસ્તુઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પતંગ ચગાવવાના કાર્યક્રમ દ્વારા પણ આપણે સૂર્યસ્નાન કરીને સૂર્યમાંથી શક્તિ મેળવીએ છીએ.

મકરસંક્રાંતિના દિવસથી સૂર્ય ઉત્તર તરફ પાછો વળે છે અને તેથી એ દિવસને ઉત્તરાયણ કહેવામાં આવે છે. આપણે ઉત્તર ગોળાર્ધમાં રહીએ છીએ એટલે સૂર્ય હવે ધીમેધીમે આપણી નજીક આવશે અને આપણી રસધાતુઓને ગરમી આપી પાતળી અને હીનવીર્ય બનાવશે. આ ઋતુપરિવર્તનની આવનાર અસરમાંથી બચવા માટે સંક્રાંતિના દિવસે માણસ પોતાની ધાતુગત શક્તિ વધારવા માટે એક સામૂહિક પુરુષાર્થ કરે છે અને આથી એને વ્રતનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. તલનું તેલ પોષણ અને શક્તિ આપે છે, વાયુને દૂર કરે છે અને કફને હણે છે. ચામડીના અનેક નાના મોટા વિકારોને શાંત કરી ચામડીનો વર્ણ સુધારે છે. સ્ત્રીઓ અને પુરુષોનાં જનન-અવયવોના કોઈ પણ દોષોને દૂર કરે છે. પ્રમેહ જેવાં ભયંકર દરદો ઉપર પણ એનો બીજા કોઈ પણ ઓષધ કરતાં લાભદાયી ઉપયોગ માલૂમ પડ્યો છે. મહારાષ્ટ્રમાં આ દિવસે 'તિલગુળ'નો ઉત્સવ ઊજવાય છે. નાનામોટા સૌ એકબીજાને તલગોળની લા'ણી કરે છે. તલ અને ગોળમાં સ્નેહ (તેલ) છે. મકરસંક્રાંતિના પર્વનું આ જીવનદર્શન છે–સંસ્કારમૂલ્ય છે. (પ્રવાસી)



ગયા સપ્ટેમ્બરની ૨૭મી તારીખે ટોકિયોમાં જાપાનના પાર્લમેન્ટ ડાએટના મકાનમાં આંતર-પાર્લમેન્ટરી યુનિયનની બેઠક મળેલી, જેમાં તેના ૫૮ સભ્યદેશોએ ભાગ લીધેલો. એ પ્રસંગની બે ટિકિટો ને કૅન્સલેશનની છાપ. પાંચ યેનની ટિકિટમાં એ બેઠકની રચના તથા દશ યેનની ટિકિટ પર ડાએટનું મકાન તથા ફુજીયામા પર્વતનું આલેખન છે.

જીવી જાણનારા



એક ગુજરાતીના અપૂર્વ બલિદાનની કથા

ઈ. ૧૯૫૯ની ૨૬મી માર્ચે કાનપુર નજીક ચકેરી વિમાનઘર પાસે એક ચુનંદા ગુજરાતી ટેસ્ટ પાયલટ જેટ વિમાનનો 'ટેસ્ટ' લેતા (ચકાસણી કરતા) હતા. એવામાં વિમાનનું મશીન બગડતાં તેમાં આગે દેખાવ દીધો! પાયલટને હવે ફરજિયાત ઉતરાણ કર્યા વિના છૂટકો ન હતો. પરંતુ જ્યાં એ ઉતરાણ કરી શકે તેમ હતું ત્યાં નીચે તો હવાઈ દળનું વિશાળ શસ્ત્રાગાર હતું અને તેમાં સંખ્યાબંધ માણસો કામ કરતા હતા. પાયલટે તે જોઈ લીધું, એટલે વિમાનમાં આગ ફેલાતી જતી હતી છતાં અદ્‌ભુત ધૈર્ય અને બહાદુરી દાખવી તેણે વિમાનને ત્યાંથી દૂર એક ખેતર તરફ વાળી લીધું, જ્યાં વિમાન છેવટે તૂટી પડ્યું અને પાયલટ માર્યા ગયા. તેમણે જો ધાર્યું હોત તો વિમાનમાં આગ દેખાતાંવેંત પૅરેશૂટનો ઉપયોગ કરી જાતે તો સહીસલામત બચી ગયા હોત, પરંતુ તેથી સળગતું વિમાન શસ્ત્રાગાર ઉપર જ તૂટી પડ્યું હોત અને અનેકના જાનમાલની ખુવારી કરતી ભયંકર હોનારત સર્જાઈ હોત. એ નિવારવા જાતનું આવું વીરતાભર્યું બલિદાન આપનાર એ ગુજરાતી પાયલટ હતા શ્રી અનિલ મુનમ.

ઈ. ૧૯૩૦ની ૯મી માર્ચે સૂરતમાં એમનો જન્મ. સત્તર વર્ષની વયે જુનિયર બી.એસસી.ની પહેલી ટર્મ પછી તે વિમાની દળમાં જોડાયા અને ૨૦મે વર્ષે તો 'વિંગ્ઝ' મેળવી. ૨૩મે વર્ષે સરકારે તેમને વધુ તાલીમ લેવા મોકલ્યા અને ૧૯૫૭માં જેટ વિમાનની અદ્યતન તાલીમ માટે ફ્રાન્સ મોકલ્યા, જ્યાં 'ટેસ્ટ પાયલટ'ની મુશ્કેલ મનાતી પદવી સહેલાઇથી પ્રાપ્ત કરીને તેમણે ફ્રેન્ચ વિમાનીઓને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

બીજાઓને બચાવવા પોતાની જાતનું આવું બહાદુરીભર્યું બલિદાન આપવાનું અપૂર્વ સાહસ ખેડનાર એ ગુજરાતીનો આત્મભોગ અન્ય ગુજરાતી નવજવાનોને વિમાની દળમાં જોડાવા પ્રેરશે તો એમના એ બલિદાનનું સાર્થક્ય થશે.

જહાજનું તળિયું

જહાજોને કંઇ નહિ તો વર્ષમાં એક વાર સૂકી ગોદીમાં લઇ જઇ તેનાં પડખાં, તળિયું અને પઠાણ સાફ કરવામાં આવે છે, અને રંગ-રોગાન કરવામાં આવે છે, કારણ કે છીપ, નળી બનાવતા જીવ, કીટક, જીવડાં વગેરે ત્યાં સતત બાઝે છે, અને જો તળિયું ઘસીને તેમને કાઢી ન નાખે તો તે એટલા જામે છે કે તેથી જહાજની ઝડપ પણ ઘટી જાય અને તેઓ તળિયાંને ખાઇ જાય,–વીંધી નાંખે.

આ દરિયાઇ જીવો જહાજને તળિયે બાઝે નહિ એવા રંગ શોધવામાં આવ્યા છે. કેટલાંક જહાજને ખાસ કરીને લાકડાનાં જહાજને તળિયે તાંબાનાં પતરાં તાંબાના ખીલા વડે જડી લેવામાં આવેલાં હોય છે, કેમકે સમુદ્રના પાણીની તાંબા ઉપર જે ધીમી રાસાયણિક ક્રિયા થાય છે (કટાય છે), તેની ઝેરી અસરથી દરિયાઇ જીવો બાઝતા નથી, કે બહુ ઓછા બાઝતા હોય છે.

પરંતુ જે પ્રકારના દરિયાઇ જીવો જહાજને તળિયે બાઝે છે તેમની ઉત્પત્તિ મુંબાઇના દરિયામાં ૧૯૫૭માં એટલી બધી થઇ હતી કે ભારતીય નૌકાદળની કેટલીક લાકડાની નૌકાઓનાં તામ્રજડિત તળિયાં પર આ સમુદ્ર જીવોના વિસ્તૃત થર બાઝી ગયા હતા! એમાં છીપ, નળી બનાવનાર જીવડાં અને અમુક જાતિના કીટકો હતાં. (પ્રવાસી)

મનુષ્યનો વડવો માછલી!


હમણાં એવા એક વિશિષ્ટ પ્રાણીનો આવિષ્કાર થયો છે કે જે છેલ્લાં આજથી સાત કરોડ વર્ષો ઉપર કહિંક જીવિત દશામાં હતાં. એ પૂર્વે, પચીસ કરોડ વર્ષોના સળંગ ગાળામા, એમની વસતિ પૃથ્વીના સર્વ પ્રદેશોમાં સર્વત્ર વ્યાપકપણે હતી એવું, ભિન્નભિન્ન દેશોમાંથી મળી આવેલા એ પ્રાણીઓના અશ્મીભૂત અવશેષોના આધારે સિદ્ધ થયું છે.

એ નવદૃષ્ટ પ્રાણીનું નામ 'સીલૅકૅન્થ': ભૂંગળી જેવા પોલા પૃષ્ઠવંશવાળું મત્સ્ય. આજના માનવ પ્રાણીનો આદિ પુરુષ એના જેવા જ સ્વરૂપનો એટલે દેહરચનાવાળો હશે. માણસની ઉત્પત્તિ માછલીમાંથી થઇ હોવાનું મનાય છે, પરંતુ આજે દેખતાં માછલી અને મનુષ્યના દેહો વચ્ચે કાંઈ જ સામ્ય નથી. એટલે માછલીનો દેહ બદલાઇને મનુષ્યના દેહમાં પરિણમ્યો એ વિકૃતિ કયા માર્ગે કે પ્રકારે થઇ એનો ખયાલ આપતો વિકાસક્રમનો અંકોડો આજ પર્યંત ખૂટતો હતો. સીલૅકૅન્થ એ જ એ 'ખૂટતો અંકોડો' એ હવે નિર્વિવાદ સ્થાપિત સત્ય છે.

સાત કરોડ વર્ષોથી જે લુપ્ત થએલી મનાતી હતી એ 'સીલૅકૅન્થ' આજે પણ જીવિત દશામાં છે, અર્થાત્ છેલ્લાં સાત કરોડ વર્ષોના ગાળામાં એનો વંશવેલો એના એ જ સ્વરૂપમાં, દેહરચનામાં કોઈ જાતના ફેરફાર વિના, સતત ફાલતોફૂલતો જીવિત રહ્યો છે, એની જાણ થઈ કેવળ બાવીસ વર્ષ ઉપર, સને ૧૯૩૮માં. એ વર્ષમાં પહેલું સીલૅકૅન્થ હાથ લાગ્યું. એ પછી, સને ૧૯૫૫ના વર્ષ સુધીના ગાળામાં એનાં બીજાં હાડ, માંસ, ચામનાં જીવિત ૭-૮ પ્રતીકો જ મળી આવ્યાં છે. એમનું નિવાસસ્થાન હિન્દી મહાસાગરમાં આફ્રિકાના પૂર્વ કિનારા પાસે આવેલા કોમોરૂસ (Comores) દ્વીપસમૂહનો પાર્શ્વવર્તિ સમુદ્ર.

સીલૅકૅન્થના અસ્તિત્વને પ્રસિદ્ધિમાં લાવવાનો સમગ્ર યશ દક્ષિણ આફ્રિકાના ગ્રૅહામ્સ ટાઉનની રૂહોડ્ઝ યુનિવર્સિટીના પ્રાણિશાસ્ત્રના અધ્યાપક જે. એલ. બી. સ્મિથને છે. પૃથ્વીતલના એ વૃદ્ધતમ પ્રાણી સીલૅકૅન્થ મત્સ્યના આવિષ્કારની અદ્‌ભુત કથા અત્યંત મનોરમ શૈલીમાં એ શ્રી સ્મિથે એમના 'Old Fourlegs' નામે ગ્રંથમાં કહી છે.

તા. ૩જી જાન્યુઆરી સને ૧૯૩૯ના દિવસે આફ્રિકાના સાગરપ્રદેશમાં રહેતી મત્સ્યયોનિઓના નિપુણ જ્ઞાતા અને એ વિષયના



વિદ્વાનો જેને માનવીનો આદિમ વડવો માને છે તે ચાર પગવાળી વિરલ 'સિલેકૅન્થ' માછલી

વિશ્વમાન્ય નિષ્ણાત એ પ્રોફેસર સ્મિથને એક પત્ર મળ્યું. ઇસ્ટ લંડન (દ. આ.)ના મ્યૂઝિયમની અધિષ્ઠાત્રી કુમારી કુર્ટેને લૅટિમરે પોતાને મળેલા એક અજ્ઞાતપૂર્વ મત્સ્યના વર્ગીકરણ અર્થે શ્રી સ્મિથની એમાં સહાય યાચી હતી. લૅટિમરે પત્ર ભેગાં, એ મત્સ્યનું રેખાંકન અને એની શરીર-રચનાને લગતી વર્ણનાત્મક નોંધ બીડ્યાં હતાં. સ્મિથ લખે છે:

પાનું ફેરવ્યું ત્યાં એ રેખાંકન મેં જોયું અને આંખો ફાડીને હું એને જોઇ રહ્યો. પ્રથમ તો મૂઝવણમાં પડ્યો કે અમારા આફ્રિકાના અથવા વિશ્વના કોઈ પણ સમુદ્રમાં આવું મત્સ્ય થતું હોવાનું હું જાણતો ન હતો. દેખાવમાં તો એ બરોબર ઘો જેવું જ લાગતું હતું. અને પછી મારા મગજમાં બૉમ્બ ફૂટતો હોય એવું લાગવા માંડ્યું. કાગળ અને રેખાંકનની પેલે પાર, જવનિકા પર, મારી દૃષ્ટિ સમક્ષ મત્સ્યસદૃશ પ્રાણીઓની પરંપરા પસાર થવા લાગી: જે કરોડો વર્ષો પૂર્વે અધકારમય યુગોમાં જીવિત હતી. મારા મનને મેં ગાંડાળ ન થવા કહ્યું. પરંતુ એ રેખાંકનમાં એવું કંઇક હતું કે જેણે મારી સમગ્ર કલ્પના ઉપર કાબૂ મેળવી લીધો અને મને કહ્યું કે સમુદ્રમાંથી આજે પ્રાપ્ત થતી મત્સ્યયોનિઓમાં જે નથી એવું કાંઈક અપૂર્વ તત્ત્વ આમાં છે. પત્ર વાંચીને મેં તરત કુ. લૅટીમરને તાર કર્યો: 'હું ત્યાં આવું છું. મારા આવતાં સુધી માછલીના તમામ અવયવો અને અસ્થિપંજર સાચવી રાખશો.'

આ પછી રેખાંકનમાં દોરેલા ચિત્રની વિશિષ્ટ અંગરચના મારા મનમાં રમ્યા કરી. એવી અંગરચના તો પ્રાક્કાલીન વર્ગનાં મત્સ્યોની પણ હતી. આ વર્ગની અશ્મીભૂત (ફૉસિલ) માછલીઓનું વર્ણન બ્રિટિશ મ્યૂઝિયમે પ્રસિદ્ધ કરેલા એક ગ્રન્થમાં હતું. એ ગ્રન્થ મારી પાસે ન હોવાથી મેં એક મિત્રને એ મોકલવા તાર કર્યો. તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૩૯ના દિવસે એ પુસ્તક મને મળ્યું અને મારી પાકી ખાતરી થઇ કે રેખાંકનવાળું મત્સ્ય સીલૅકૅન્થ જ હતું! મેં કુ. લૅટીમરને પત્ર દ્વારા વધાઈ આપી, જગતની અનુપમ શોધ કરવા બદલ હાર્દિક અભિનંદન આપ્યાં.

તા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૩૯ના દિવસે અમે ઈસ્ટ લંડન પહોંચ્યાં. લૅટીમર બહાર ગએલી હોવાથી દ્વારપાલ અમને અંદર લઈ ગયો અને જોયું તો—સીલૅકૅન્થ! ભગવાન! હું આવું જ કૈંક જોવાને તૈયાર થઇને આવ્યો હતો, પરંતુ એના પ્રથમ સાક્ષાત્ દર્શને તો તોપના ગોળા જેવી જ અસર કરી. વિવશ બની મૂઢ ભાવે હું જોતો રહ્યો. સંદેહને રજ પણ અવકાશ ન હતો. એકેએક ભીંગડું, એકેએક અસ્થિ, એકેએક પર એ સાચે જ સીલૅકૅન્થ હોવાની સાક્ષી પૂરી રહ્યાં હતાં. સાત કરોડ વર્ષ પર જેની હસ્તિ હતી એમાંનું એક આજે પુનઃપ્રાદુર્ભાવ પામતું હતું.'

સીલૅકૅન્થના પ્રાદુર્ભાવની કથાનો પ્રથમ અધ્યાય અહીં પૂરો થાય છે.

હવે સમુદ્રના કયા વિશિષ્ટ પ્રદેશમાં એ રહે છે એ સમસ્યા ઉકેલવાની રહી. એના શરીરની વિશિષ્ટ રચના ઉપરથી એ સમુદ્રમાં પરવાળાંના પ્રાણીઓએ બનાવેલી ખડક-પરંપરામાં રહેતું હોવાનો વધુ સંભવ હતો; એટલે એના નિવાસસ્થાનની શોધ માટે સીલૅકૅન્થનું ચિત્ર ને વર્ણનવાળું હસ્તપત્ર છપાવીને એના જેવી માછલી મેળવી આપનારને ૧૦૦ પાઉંડનું ઇનામ આપવાની ઘોષણા કરી. પત્રિકાની હજારો નકલો વહેંચવામાં આવી. દ. આફ્રિકાના સમુદ્રમાં ફરતું એક પણ વહાણ, હોડી હોડકું એવું નહિ હોય જ્યાં એની નકલ પહોંચી ન હોય. પરિણામે આ પ્રાણીથી સર્વ કોઈ પરિચિત થયું.

એને ૧૨-૧૩ વર્ષો વીતી ગયાં! છતાં ન તો અન્ય સીલૅકૅન્થ મળ્યું કે ન એના નિવાસસ્થાનની ભાળ મળી. આખો બનાવ જાણે કોઈ કલ્પના હોય એમ એક જ ઝમકારો મારી છેક ઊંડા અંધકારમાં છુપાઇ ગયો.

આ દરમ્યાન શ્રી સ્મિથનો પુરુષાર્થ તો ચાલુ હતો. સમુદ્રના પ્રવાહોની દિશાના અભ્યાસ ઉપરથી સ્મિથને લાગ્યું કે ઈસ્ટ લંડનનું સીલૅકૅન્થ માડાગાસ્કર અને એના પાર્શ્વવર્તિ કોમોર્સ ટાપુઓના સમુદ્રમાંથી પ્રવાહની ગતિએ ખેંચાતું રખડતું-રઝળતું આવી ચડ્યું હોય.

સને ૧૯૫૨માં સ્મિથને ઝાંઝીબારમાં એરિક હન્ટ નામના સજ્જનનો પરિચય થયો. સીલૅકૅન્થની પત્રિકા જોઇ હંટને એ વિષયમાં રસ પડ્યો અને કોમોર્સ લઇ જવા એની નકલો માગી. કોમોર્સ! નામ સાંભળતાં જ સ્મિથનાં પત્ની ચમક્યાં. એમણે હંટને પૂછ્યું: કોમોર્સ અને તમારે શો સબધ છે? હંટે કહ્યું: મારી પાસે વહાણ છે અને એના સાધનથી આફ્રિકા અને કોમોર્સ વચ્ચે વેપાર કરીને હું મારું ગુજરાન ચલાવું છું. આને લીધે કોમોર્સથી હું સારી પેઠે પરિચિત છું. કોમોર્સમાં સીલૅકૅન્થ મળી આવવાનો કોઇ સંભવ ખરો? શ્રીમતી સ્મિથે જણાવ્યું: વર્ષોથી સ્મિથના મનમાં એક દૃઢ-માન્યતા ઘર કરી બેઠી છે કે સીલૅકૅન્થ કોમોર્સના ટાપુઓ આગળના સમુદ્રમાંથી મળી આવે ખરાં! હંટે વચન આપ્યું કે એ પોતાનાથી બનતું કરશે. છૂટા પડતી વખતે, સીલૅકૅન્થ મળે તો એને શી રીતે સાચવવું, વગેરે સૂચનાઓ સ્મિથે એને આપી અને સફળતા ઇચ્છી. આ વાત સપ્ટેમ્બરમાં થઈ.

તા. ૨૪મી ડિસેમ્બરના દિવસે સ્મિથ અને એમનાં પત્ની ડરબનમાં એક મિત્રને ત્યાં બેઠાં હતાં ત્યાં તાર મળ્યો. એ વાંચતાં જ સ્મિથ ઊભા થઈ ગયા. તારમાં લખ્યું હતું: 'પાંચ ફૂટનું સીલૅકૅન્થ મળ્યું છે. શું કરવું એ જણાવો. હંટ. ઝાઉઝડી.' ઝાઉઝડી? એ ક્યાં આવ્યું? તપાસ કરતાં ખબર પડી કે એ કોમોર્સના ટાપુઓમાં જ આવ્યું છે. કોમોર્સ અને હંટ ને સીલૅકૅન્થ!—હવે શું કરવું? સીલૅકૅન્થને લેવા તરત જવું શી રીતે? કોઈ ખાનગી વિમાન મળે એનો સંભવ ન હતો. સરકારી વિમાન મળે તો જઈ શકાય. દેખીતીરીતે જ એ માટે દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાનને લક્ષ્ય બનાવવું પડે. પણ મરેલી માછલી, ને એને લાવવા સરકારી વિમાન! અને એ માટે વડા પ્રધાનને વિનંતી કરવી! એ સમયે વડા પ્રધાન ડૉ. માલાન રાજકાર્યથી દૂર રહી બગડેલું સ્વાસ્થ્ય સુધારવા આરામ લઈ રહ્યા હતા.

સ્મિથે ડૉ. માલાનને મળવાનો નિશ્ચય કર્યો. ત્યાર પછીની કથા—મહામુશ્કેલીએ માલાનની મુલાકાત, લશ્કરી વિમાનનું આગમન, એ દ્વારા કોમોર્સ જવા પ્રયાણ—આ બધું અરેબિયન નાઈટ્સની કથા જેવું છે. એ સમયની સ્મિથના મનની પરિસ્થિતિનો ખયાલ તો માત્ર એમના જેવા સંશોધન-કાર્યમાં પડેલા અનુભવી જ કરી શકે. કોમોર્સમાં વિમાન ઊતરતાં જ પ્રથમ વ્યક્તિ મળી એ હંટ. સ્મિથે પૂછ્યું: માછલી ક્યાં? હંટે હસીને જવાબ આપ્યો: ગભરાશો નહિ, એ સાચે જ સીલૅકૅન્થ

છે. સ્મિથના મનમાં એકદમ ટાઢક વળી ને એમણે અપાર શાંતિ અનુભવી. બધા હોડી ઉપર પહોંચ્યા. માછલી કૉફિન જેવી પેટીમાં રૂના ઢગલામાં ઢંકાએલી પડી હતી. સ્મિથનું સમગ્ર હૃદય ભારે બીક અને દુઃખના આવેગથી ભરાઇ ગયું અને બોલવાના કે હાલવા-ચાલવાના હોશ જ ન રહ્યા. સૌ એમના સામું જોઈ રહ્યા, પણ માછલીને હાથ લગાડવા જેટલી હિંમત જ ન હતી. થોડી વાર સ્તબ્ધ રહી પેટી ભણી નજર કરી એમણે એને ઉઘાડવાનું કહ્યું. હંટ અને માછીમારોએ પેટીમાંનું શ્વેત આચ્છાદન ખસેડી લીધું.

સ્મિથ લખે છે: 'અરે ભગવાન! તદ્દન સાચી વાત છે! એના ન ભુલાય એવાં મોટાં ભીંગડાં, માથાનાં વિશિષ્ટ હાડકાં અને અણીદાર સળીઓવાળી પર. સાચું! સાચું! ઢીંચણે પડીને મેં એને પંપાળી. મારી આંખે માંથી ચોધાર આંસુ વહી રહ્યા હતાં—મારા જીવનમાં સૌથી અમૂલ્ય વર્ષોમાંનાં ચૌદ એની શોધમાં ગયાં હતાં અને આખિરે હું સત્યને પામ્યો. એ સીલૅકૅન્થ જ હતી! સીલૅકૅન્થ: એ નિશ્ચિત થયું. એના સમાચાર ડૉ. માલાન, શ્રીમતી સ્મિથ તથા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સશોધન સમિતિને તારથી આપી દીધા. સીલૅકૅન્થની પેટી વિમાનમાં ચડાવી દીધી ૨૯-૧૨-૧૯૫૨ રાતના સાડા આઠે ડર્બન પહોંચ્યા. વિમાનમાંથી બહાર નીકળતાં જ ધાણી પેઠે ફડાફડ ફ્લૅશ બલ્બ ફૂટવા લાગ્યા. સીલૅકૅન્થને વધાવવા એકઠી થએલી ભારે મેદનીએ પ્રચંડહર્ષનાદ કર્યો. એક જણે હાથમાં માઇક્રોફોન પકડાવી દીધું અને પ્રશ્ન પૂછવા માંડયા. સ્મિથે પણ હોઠે આવ્યા તે શબ્દોમાં જવાબ આપ્યા. આખો દક્ષિણ આફ્રિકા એમને સાંભળવા એકચિત્ત બની બેઠો હતો!

તા. ૨૯-૧૨-'૫૨ની રાતે વાયુપ્રવચન દ્વારા સ્મિથે બીજા સીલૅકૅન્થના આવિષ્કારની જાણ જગતને કરી. એ પછીનો ઇતિહાસ એક સ્વપ્ન જેવો છે. તા. ૩૧મી ડિસેમ્બરે લંડન ટાઇમ્સ તરફથી ટેલિફોનથી લેખ માટે વિનંતી આવી. સ્મિથે એ લખીને તરત રવાના કર્યો અને તા. ૩જી જાન્યુઆરીના અંકમાં એ છપાયો. પ્રો. જુલિયન હક્સલીએ તે પર બી.બી.સી. પરથી વાયુપ્રવચન કર્યું અને એમાં સ્મિથના મતનું સમર્થન કર્યું કે માનવનો પૂર્વવંશવાળો આદિમ પૂર્વજ સીલૅકૅન્થ-ઘણું કરીને એના જેવું કોઈ પ્રાણી હોવું જોઇએ. નેચર પત્રે પણ સીલૅકૅન્થ વિષે લાંબો લેખ છાપ્યો.

–હરિનારાયણ આચાર્ય

(તાજેતરમાં ફરી પ્રકટ થએલા 'પ્રકૃતિ'માંથી)

હિતચર્યા

૧ બ્રાહ્મમુહૂર્ત

શરીરનું સ્વાસ્થ્ય સાચવવા માટે આયુર્વેદના આચાર્યોએ 'સ્વસ્થવૃત્ત'નું પાલન કરવાની આજ્ઞા કરી છે. પંચભૂતના બનેલા આ શરીરનું પોષણ આપણે પંચભૂતાત્મક અન્નપાનથી કરીએ છીએ. તે નિરંતર ક્ષીણ થયા જ કરે છે; એટલે જેમ તેલ ને વર્તી દ્વારા દીવાનું પોષણ થાય છે છતાં પવન વગેરેથી એનું રક્ષણ કરવું પડે છે, તેવી જ રીતે શરીરના સંરક્ષણ માટે શરીરવિઘાતક કારણોનો પરિહાર જરૂરી છે. શરીરવિઘાતક એવાં કારણોથી મુક્ત રહેવા માટે આચાર્યોએ હિતકર દિનચર્યાનું ઉદ્બોધન કર્યું છે.

આયુર્વેદનું પ્રયોજન બેવડું છે: એક તો રોગીઓને રોગમુક્ત કરવા તે; અને બીજું, જે માણસો સ્વસ્થ હોય તેમના સ્વાસ્થ્યનું સંરક્ષણ.

ब्राह्मे मुहूर्ते उत्तिष्ठेत्स्वस्थो रक्षार्थमायुषः।

વાગ્ભટે કહ્યું છે કે સ્વસ્થ મનુષ્યે આયુષ્યનું રક્ષણ કરવાના હેતુથી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું. બ્રાહ્મમુહૂર્ત એટલે રાત્રિની છેલ્લી ચાર ઘડી. બ્રહ્મનો અર્થ જ્ઞાન થાય છે. જ્ઞાનની ઉપાસના માટેનો શ્રેષ્ઠ સમય તે બ્રાહ્મમુહૂર્ત. એટલે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાની એ આજ્ઞામા જ્ઞાનોપાસનાનું ઉદ્બોધન પણ વ્યંજિત છે. જ્ઞાનની ઉપાસના માટે ચિત્તની એકાગ્રતા જરૂરી છે. બ્રાહ્મમુહૂર્તના સમયે વાતાવરણ શાંત હોઈ ચિત્ત સ્ખલિત થતું નથી. વળી સમ્યક્ નિદ્રા પછી ઇન્દ્રિયો, મન અને આત્મા શ્રમરહિત તથા પ્રસન્ન હોઈ ઉપાસનામાં વધું એકાગ્રતા આવે છે.

આજનો જમાનો દોડધામનો કહેવાય છે. જીવનની દોડધામમાં સતત વ્યગ્ર રહેતા માનવીને પોતાના જીવન વિષે પરલક્ષી (objective) વિચાર કરવાનો સમય કે નિરાંત મળતાં નથી; અને આવી વિચારણાના અભાવે જ જીવનમાં ઊભા થતા નાનાવિધ પ્રશ્નોનું સાચું નિરાકરણ એ કરી શકતો નથી. બોજો (stress) સતત વધતો જ જાય છે. સામાન્ય માનવી દિનપ્રતિદિન એ બોજા નીચે ક્ષીણનષ્ટ થતો જાય છે. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને પોતાની જીવનપ્રવૃત્તિ અને ધ્યેય વિષે વિચાર કરી શકાય તો ચિત્ત પર ચડી બેઠેલો ખોટો બોજો ખંખેરી માણસ સ્વસ્થ અને પ્રસન્ન રહી શકે.

એક બીજી દૃષ્ટિએ પણ વહેલા ઊઠવાનો ફાયદો છે. આઠ વાગ્યે ઊઠતો આજનો શહેરી ઝડપથી દાતણપાણી સ્નાન વગેરે ક્રિયાઓ પતાવી દેશે. જમવામા પણ ઉતાવળ. બસ, ટ્રામ કે ઇલેક્ટ્રિક ટ્રેઈન પકડવા માટે પણ ખાઇને તરત દોડવાનું. ચૂકી ગયા તો ઑફિસે પહોંચવાનું મોડું થશે એની ચિંતા. આવી ઝીણીમોટી ચિંતાઓમાંથી મોટા ભાગના માણસોને રોજ પસાર થવાનું હોય છે.

વહેલા ઊઠનાર બધી પ્રાતઃવિધિ શાંતિથી અને આદર્શ રીતે પતાવી શકશે. ભોજન પછી થોડા આરામનો પણ એને સમય મળશે; અને સમયસર ઑફિસે જઈ શકાશે. આવી જીવનવ્યવસ્થાવાળો માનવી નિઃશંક વધુ સુખી અને દીર્ઘાયુષી હોવાનો.

સવાર એ કફનો કોપાયમાનકાળ છે. નિદ્રા પણ સ્નિગ્ધ હોઇ કફવર્ધક છે. કફવૃદ્ધિ શરીરમાં જાડ્ય અને આળસ લાવનાર હોઇ પ્રભાતની નિંદ્રાનો ત્યાગ કરવો જોઇએ. ચાણક્યનું કથન છે કે 'સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ઊંઘનારનો લક્ષ્મી ત્યાગ કરે છે, પછી ભલેને એ સ્વયં ચક્રપાણિ હોય.' 'ઉદ્યોગી પુરુષસિંહને લક્ષ્મી વરે છે' એ સુભાષિતકથન યથાર્થ છે.

સદ્યઃપ્રાણહર છ બાબતોમાં પ્રભાતની નિદ્રાનો પણ ઉલ્લેખ છે.

ઊગતા સૂર્યને અર્ઘ્ય આપનારા આપણા બલિષ્ઠ પૂર્વજો બ્રાહ્મમુહૂર્તમાં ઊઠનારા હતા. કાકાસાહેબ એક જગ્યાએ કહે છે કે તેઓ ઉષર્બુધ હતા: 'શિયાળાની શરૂઆતમાં અને અંતમાં જ્યારે આળસને અધીન થવાની બીક વિશેષ, ત્યારે કાર્તિકસ્નાન તથા માઘસ્નાનનાં પર્વો ગોઠવી, પો' ફાટે તે પહેલાં નાહી તૈયાર થવાનો રિવાજ આપણા લોકોમાં હતો. આર્ય લોકો ઉષર્બુધ હતા.'

લાભશંકર ઠાકર

કંકાવટી

આહારશાસ્ત્ર

એ કાંઈ કૅલરીઝ અને વિટામિનો ગોખવાનું શાસ્ત્ર નથી. ખોરાક ખરીદવો, તેને સાફ કરવો, કોઠારમાં ભરવો, તેની સાચવણી—આ બધાંનો સમાવેશ પણ આહારશાસ્ત્રમાં થાય છે. રસોઈ સ્વાદિષ્ટ કરવી, તેને સુપેરે પીરસવી, ભોજન વખતે મીઠી ગોષ્ઠિ કરવી, મુખવાસપ્રદાન—આ બધું પણ આહારશાસ્ત્રમાં આવે. વળી દરેક ઋતુનાં ફળો અને તેના ગુણો પણ ગૃહિણીએ જાણવાં જોઇએ. ભાતભાતની સુંદર વાનગીઓ એ તો આહારશાસ્ત્રનો પ્રાણ છે. રસોઈ ન આવડતી હોય, જમતી વખતે સુંદર વાતો કરતાં ન આવડતી હોય, અને માત્ર શાસ્ત્રીય પટપટારો કરતી હોય તેને હું ગૃહિણી ન કહું. ગૃહિણીનો સ્વભાવ, હાવભાવ, વસ્ત્રપરિધાન—આ બધાં સાથે પણ આહારશાસ્ત્રને સંબંધ છે. આહારશાસ્ત્રમાં પણ હવે નવા જૂનાનો સમન્વય કરવાનો સમય આવી પહોંચ્યો છે.

—બાપાલાલ ગ. વૈદ્ય

વીરત્વની મૂર્તિ

ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનો પરિચય કોઈ પણ ભારતીય નારી(કે પુરુષ)ને નામોલ્લેખથી કરાવવાનો ન હોય:

જાતે અબળા, ઉંમરમાં વીસીનો ઉંબર તો હમણાં જ વટાવેલો, છતાં એણે ૧૮૫૭ની ક્રાંતિ વખતે શરૂમાં જે આર્ય શાલીનતાથી તથા પછી જે અડગ ધૈર્ય, અપૂર્વ યુદ્ધકૌશલ્ય અને અપ્રતિમ રણકૌશલથી અંગ્રેજોનો મુકાબલો કર્યો એ હિંદના ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ છે: શૌર્ય, પરાક્રમ અને બલિદાન—એમ ત્રિવિધ પ્રકારે દેશસેવાનું વિદ્યુત્ સમું અનુપમ તેજસ્વી દૃષ્ટાંત મૂકી જનાર રાણી લક્ષ્મીબાઇની જીવનગાથા; 'અબળા' ગણાતી નારી વાસ્તવમાં કેટલી ઉત્કટ ને અનન્ય કોટિએ રાષ્ટ્ર માટે કાર્ય કરી જઈ શકે એ તેનું ઝળહળતું પ્રતીક બની ગઈ છે.

કાશીમાં ચિમનાજી આપ્પાના દીવાન મોરોપંતને ત્યાં ઈ. ૧૮૩૫ની ૧૯મી નવેમ્બરે તેનો જન્મ થયો હતો. તેનું મૂળ નામ તો મનુબાઇ, પરંતુ તેના આકર્ષક બાંધાને પાણીદાર સ્વભાવને લઇને સૌ તેને 'છબીલી' કહેતાં. '૫૭ના બળવાના બીજા નેતા નાનાસાહેબ પેશવા સાથે તેનો ઉછેર થએલો, અને તેથી તલવારપટ્ટા, ઘોડેસવારી, બંદૂકબાજી જેવા રણયોગ્ય મરદાની ખેલોમાં તે પ્રથમથી નિપુણ બની હતી.



ઈ.૧૮૪૨માં ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે તેનું લગ્ન થયું. પણ તેના નસીબમાં સૌભાગ્યસુખ લાંબો વખત લખાયું નહોતું. ૧૮૫૩માં ગંગાધરરાવનું અવસાન થયું તેમના વસીહતનામામાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે તેમના પછી તેમનો દત્તક પુત્ર ગાદીએ આવે; પણ સામ્રાજ્યલોલુપ ડેલહાઉસીએ તેનો ઇન્કાર કર્યો અને લક્ષ્મીબાઇ પાસેથી ઝાંસી ખૂંચવી લઈ ખાલસા કર્યું. ત્યારે તો રાણી આટલું જ બોલી: 'મેરી ઝાંસી નહીં દૂંગી' છતાં અંગ્રેજ સત્તાના અન્યાય સામે તેના અંતરમાં જે રોષ ભર્યો પડ્યો રહ્યો તેણે '૫૭ના બળવામાં સક્રિય રૂપ ધારણ કર્યું ને ૧લી જૂનના મીરતના બળવા વખતે લક્ષ્મીબાઇએ હુમલો કરીને અંગ્રેજો પાસેથી ઝાંસી પાછું મેળવી લીધું.

દસ માસના પોતાના આ શાસન દરમ્યાન તેણે રાજ્યમાં નમૂનેદાર વ્યવસ્થા સ્થાપી હતી. લક્ષ્મીબાઈ 'સ્ત્રી' હોઇને તેનું આધિપત્ય જેમને ખૂંચતું હતું તે પૈકીના બે જણે—ગંગાધરરાવના એક સગા સદાશિવરાવે ને ઓરછાના દીવાન નથ્થેખાંએ તેની સામે બંડ કરેલું, પણ તેમને રાણીએ સખત હાથે દાબી દીધેલા.

ત્યાં ૧૮૫૮ની ૨૦મી માર્ચે હ્યુ રોઝે ઝાંસી ઘેર્યું. બિનકેળવાએલા ને ઓછા સૈનિકો તથા મર્યાદિત રણસામગ્રી દ્વારા પણ રાણીએ તેને સત્તર દિવસ સુધી એવી લડાઈ આપી કે દારૂગોળો ખૂટતાં આવવાથી હ્યુ રોઝ પાછો વળતો હતો; ત્યાં કોઇએ ગુપ્ત માર્ગ બતાવી દેતાં ઝાંસી પડ્યું. અંગ્રેજ સેના સોંસરી રાણી બહાર નીકળી જઈ કાલ્પીમાં પેશવા નાનાસાહેબ તથા તાત્યા ટોપેને જઈ મળી. હ્યુ રોઝે ત્યાં ઘેરો ઘાલ્યો, ત્યારે ગલૌલી મુકામે સામેથી ધસી જઈ તેણે અંગ્રેજી તોપોનાં મોં બંધ કરી દીધાં.

પણ બળવાના નેતાઓએ તેના વ્યૂહરચનાને 'સ્ત્રીબુદ્ધિ' અવગણી ને પરિણામે કાલ્પી પડ્યું. ફરી તેણે ગ્વાલિયરમાં કેન્દ્ર સ્થાપવા સૂચવ્યું અને વિરોધ કરતા સિંધિયાને જેર કરીને પણ પોતે અગ્ર રહી ત્યાંનો મોરારકિલ્લો જીતી આપ્યો. અહીં પણ હ્યુ રોઝ ચડી આવ્યો અને બીજી બાજુથી ૧૮મી જૂને જનરલ સ્મિથે પણ તેના સાથે મળી જંગી હુમલો કર્યો. ત્યારે રાણીએ, ત્રેવીસ વર્ષની કાચી વયે પીઠે પોતાનો દત્તક બાળક, બે હાથમાં ખુલ્લી તલવાર અને મોંમાં ઘોડાની લગામ લઈ, લશ્કરને મોખરે રહી જે પરાક્રમ દાખવ્યું તેનો જોટો જગતભરના ઇતિહાસમાં નથી. પણ આખર તેના મર્યાદિત સૈનિકો અને સાધનો ટકી ન શક્યાં. દુશ્મનો પાછળ પડ્યા અને આડા આવેલા એક વોકળાને તેનો ઘોડો ઠેકી ન શકતાં તે ઘેરાઇ ગઈ. અહીં પણ તેણે એકલી હોવા છતાં બહાદુરીથી સામનો કર્યો, પણ અંતે માથે અને છાતીએ ઘા પડતાં, એ મારનારને કાપી નાખીને જ પોતે ઢળી પડી.

પૂર્ણાન્ન ખીચડી

ફણગાવેલું અનાજ (ઘઉં, જુવાર, ચોખા, બાજરીમાંનું કોઈ પણ અનાજ) ૧૦ તોલા; ફણગાવેલા મગ ૩ તોલા; ફણગાવેલી મગફળી ૧ તોલો; કાચું નાળિયેર ૨ તોલા અથવા સૂકું કોપરું ૧ તોલો; પાણી ૩૦ તોલા; મીઠું ૧ તોલો. જરૂર જણાય તો માફકસર આદુ મરચાં.

આ મિશ્રણ તૈયાર કરી, ઢાંકણાવાળા વાસણમાં ભરીને કૂકરમાં રાંધવું. આ પૂર્ણાન્ન ખીચડીમાં ફણગાવેલું અનાજ, મગ અને મગફળી હોવાથી સાધારણ ખીચડી કરતાં એ વધુ ગુણકારી છે. આંતરડાને સાફ કરવામાં તે સહાયરૂપ થાય છે. ને ફણગાવેલા અનાજમાં રહેલાં સર્વ પોષક તત્ત્વોનો લાભ પણ મળે છે.

પ્રાર્થના-શ્લોક-સુભાષિત

'જૂના વખતમાં સ્ત્રીઓ દળતાં કે કામ કરતાં પ્રભાતિયાં વગેરે ગાતી, તેથી ઘરનું વાતાવરણ કેટલું સંસ્કારમધુર બની રહેતું? એની ઊણપ આજે સાલતી હતી ત્યાં રેડિયો ઉપર સવારે પ્રાર્થના-શ્લોકો સાંભળતાં ફરી ઘરમાં એવું વાતાવરણ સર્જાતું લાગે છે' એમ જણાવી એક બહેન પ્રાર્થના-શ્લોક-સુભાષિતો નિયમિત આપવાની માગણી કરે છે. નિયમિત તો કોણ જાણે; પણ આ અંકથી શરૂઆત કરીએ.

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना।
अन्यांश्च हस्त-चरण-श्रवण-त्वगादीन्
प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम्॥

કાજળ

માટીના કોડિયામાં કરેલા દિવેલના દીવાની મેશ બે તોલા તૈયાર કરવી. ફુલાવેલી ફટકડી ૦। તોલો, ફુલાવેલું મોરથૂથુ ૦। તોલો, વજ ૦॥ તોલો તથા આમળાં ૦॥ તોલો લેવાં. વજ તથા આમળાને બાળીને અન્ય વસ્તુઓ તેમાં મેળવવી, ગાયનું ઘી તોલા બે લઈ બધી વસ્તુ ખરલમાં ખૂબ ઘૂંટવી. ખરલ કાંકરીવાળો ન હોય તે ખાસ જોવું. પછી તેમાં નવટાંક પાણી નાખીને ફરી ઘૂંટવું. પાણી મેલું થાય તેમ કાઢતા જવું ને ફરી નવું પાણી નાખી ઘૂંટતા જવું. એમ જ્યાં સુધી પાણી સ્વચ્છ ન રહે ત્યાં સુધી નવું ઉમેરીને ઘૂંટતા જ જવું. એથી મોરથૂથુનો મેલ તેમજ તેની ઉગ્રતા દૂર થતાં જશે. આ રીતે ઘૂંટવા છતાં સ્વચ્છ જ પાણી આવે ત્યારે તેમાં ઘૂંટેલો બરાસકપુર ૦॥ તોલો મેળવી બે દિવસ ખરલમાં ફરી ઘૂંટ્યા પછી કાચની ડબ્બી કે પહોળા મોની શીશીમાં ભરી લેવું. ગરમીવાળી સ્ત્રી, બાળકો વગેરે દિવસમાં એક વખત આંજશે તો તેથી આંખોમાં ઠંડક રહેશે, તેજની વૃદ્ધિ થશે, દૃષ્ટિ જોરદાર અને તેજસ્વી બનશે. બજારુ કોઈ પણ અંજન કરતાં આ સસ્તુ અને સારું છે.

પાયોરિયા પર

એક તોલો સરસવુ તલ અને એક તોલો સિંધવનું એકરસ મિશ્રણ કરી એમાંથી એક ચમચો મોમા લઇ ૧૦ થી ૧૫ મિનિટ સતત ફેરવ્યા કરવું ને પછી થૂંકી નાખવું. એથી પેઢાની પકડ મજબૂત થશે, પરુ દૂર થશે ને દરદ મટશે.

નિર્ભયા

હીમેજ તો. ૪, મીંઢીઆવળ તો. ૨, સિંધવ તો. ૧, વરિયાળી તો. ૦॥, સંચળ તો. ૦॥, નસોતર તો. ૦।, જીરુ તો. ૦।, ચણકબાબ તો. ૦।.

ઉપરની સઘળી વસ્તુઓને ખાંડીને કરેલું ચૂર્ણ કબજિયાત અને મળાવરોધ માટે નિર્ભય વિરેચન છે. રાત્રે સૂતી વખતે અથવા સવારે વહેલા પાણી સાથે જરૂર પૂરતી ફાકી લેવી. ઉત્તમ રીતે મળશુદ્ધિ થશે.

સગર્ભા સ્ત્રીને બાદ કરતાં સૌ કોઈ આનો ઉપયોગ કરી શકે. ઔષધની યોજના એવી ઉત્તમ છે કે આંતરડા ઉપર કોઈ ખરાબ વિક્રિયા થતી નથી. (નીરોગી)

પાનની સુગંધી ગોળીઓ

૨॥ તોલા જેઠીમધનો સાર, એક તોલો જાવંત્રી, બે આની ભાર કપૂર અને પીપરમેન્ટનો અર્ક ત્રણ માસા લઇને સહેજ પાણીમાં ખરલ વડે ઘૂંટી, તેની નાની નાની ગોળીઓ બનાવી લેવી. એ પાનમા ખાવાથી મોંમાં ઠંડક લાગે છે, ને તરસ છીપે છે. મુસાફરીમાં આ ગોળીઓ બહુ ઉપયોગી છે.

● કપડાને આર ચડાવી કડક બનાવવા માટે ચોખાના ઓસામણ કે કાંજી વાપરવા ઉપરાંત તેને નિખારવાના પાણીમાં મેથિલેટેડ સ્પિરિટનો પ્રયોગ પણ કરી જોજો.


● છરીચપ્પુના પીળા પડી ગએલા હાથીદાંતના હાથા કે વાજિંત્રોની ચાવીઓ પર જડેલી ચીપોને સાફ કરવા થોડું મીઠું નાખેલો લીંબુનો રસ વાપરી જોજો.



વ્યવસાયે જૂની પેઢીના ચીવટવાળા શિક્ષક, વ્યાયામ વિજ્ઞાન અને આહારશાસ્ત્રના વ્યવહારુ જ્ઞાતા; અને સંજોગોને કારણે જેમને રસોઇ ગૃહવ્યવસ્થા તથા બાળકોની તાલીમની જવાબદારી જાતે લેવી પડેલી એવા ઘડાએલા, અનુભવી અને ૭૦ વર્ષે યુવાનનો ઉત્સાહ ધરાવનાર શ્રી હરરામ અમુલખરાય દેસાઈના આ પુસ્તક વિષે અમે કહીએ તે કરતાં જાતે જ તપાસીને નિર્ણય કરજો. બહુ ઉપયોગી છે. (અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ; રૂ. ૪–૫૦.)

સેંથી દ્વારા સૌંદર્ય

વાળ ઓળવાની શૈલી અને સેંથી પાડવાની રીત ઘણી વાર ચહેરાની સુંદરતામાં વધારો કરે છે. સામાન્યરીતે વરવા લાગતા વધુપડતા લાંબા કે તદ્દન ગોળમટોળ ચહેરા પર યોગ્ય રીતે સેંથી પાડી મઝાનો દૃષ્ટિભ્રમ ઊભો કરી ચહેરાની કુરૂપતા ઢાંકી શકાય છે. નીચેનાં આલેખનોમાં જાડી રેખા દ્વારા સેંથી પાડી બતાવી તૂટક રેખા દ્વારા ચહેરાને અનુરૂપ વાળનો ઢાળ બતાવ્યો છે. (૧) ગોળમટોળ ચહેરાને લાંબો બતાવવા માથા પર બરાબર વચ્ચે સેંથી પાડી વાળને માથે ઊંચા ને લમણાં પર દબાએલા રહે તેમ ઓળવા જોઇએ. (૨) ચોરસ ચહેરાને વળાંક આપવા બરાબર વચ્ચેથી સેંથી શરૂ કરી તેને ત્રાંસી લઈ જઈ વાળને લગભગ એક અને ત્રણના પ્રમાણમાં વહેંચી નાખવા જોઇએ. માથે ઉપર ગુચ્છો રાખી જડબાં સાથે સમતોલન જાળવવા વાળને સહેજ બહાર ઢળતા ઓળવા જોઇએ. (૩) લાંબા ચહેરાને એક તરફ ઢળતી ત્રાંસી સેંથી વધુ સારી લાગે. આમાં પણ વાળને માથા પર બેસાડી દઇ બંને બાજુએથી કાન ઉપર બહાર પડે તેમ ઓળવાથી ચહેરાનો ઉપલો ભાગ પહોળો લાગી લંબાઇનો અતિરેક ઢાંકી દેશે. (૪) ત્રિકોણાકાર ચહેરાને લંબગોળ બતાવવા ઢળતી પાંથી પાડી માથેથી બેસાડી દઈ, કાન પર ઢળતા વાળ ઓળવાથી ચહેરાના નીચલા પહોળા ભાગ સાથેનું સમતોલન જળવાઇ રહે છે. (૫) બદામ જેવા ઊંધા ત્રિકોણાકાર ચહેરાને વચ્ચેથી સેંથી પાડી, માથેથી બેસાડી દઇ કાનની નીચેથી બહાર પડતા વાળ ઓળાય તો સરસ લાગે છે. આથી ચહેરાનો નીચલો સાંકડો ભાગ ઉપરના પહોળા ભાગ સાથે સમતોલ રહી શકે છે.



ગાંધીયુગમાં પંડિતયુગને ચાલુ રાખી ગુજરાતની વર્તમાન વિદ્વત્તાનું મોં ઊજળું રાખનાર સૌજન્યમૂર્તિ સાહિત્યજ્ઞ છે.'

કાકાસાહેબ કાલેલકર જેવાએ પણ કહ્યું છે કે 'એમના સાહિત્યનું પારાયણ કરવાથી સાહિત્ય વિષેના આદર્શોનો ખયાલ આવી જાય. માણસનું ગદ્ય તેના સંસ્કારથી ફલિત થાય છે. ચિત્તના માધુર્યમાંથી તે આપમેળે નીકળે છે. વિષ્ણુભાઈના ગદ્યમાં અધ્યાપકની સાધના છે, તેથી એમાં સૌષ્ઠવ ને પાવિત્ર્ય છે. તેમના હાડમાં પ્રાધ્યાપક છે તેથી જ સમાજ પર તેમનો પ્રભાવ છે.'

વળી શ્રી ઉમાશંકર જોશીના ઉદ્‌ગારો જોઈએ: "વિષ્ણુભાઈ વિરલ વિભૂતિ છે. એમની સાધના માનવજીવનના મૂળ સાથે સંકળાએલી છે, છતાં એ સાધનાના કેન્દ્રમાં તો સાહિત્ય જ છે. એમણે બે જ નાટકોનાં વિવેચનો લખ્યાં છે: રમણભાઈનું 'રાઈનો પર્વત' અને બટુભાઈનું 'મત્સ્યગંધા'. પણ એ વિવેચનો ગુજરાતી વિવેચનનો વિજય છે.

એમણે ગોવર્ધનરામ ને મુનશી બે જ નવલકથાકારો પર લખ્યું છે. પણ મુનશીના 'ગુજરાતનો નાથ' વિષે ચાર પાનાંમાં જે લખ્યું છે તેટલા લાઘવથી લખનારા બહુ ઓછા છે. એ બંને વિભૂતિઓનો ભેદ એમણે મુલાયમતાથી બતાવ્યો છે. એમનું વિવેચન ઘૂંટાએલું છે.

વિષ્ણુભાઈ ગદ્યના કસબી છે. એમની શૈલી ગદ્યની શક્તિ સમજવામાં મદદ કરે છે. એમાં ગુજરાતી વાણીની સિદ્ધિ છે. ગદ્યની ગુંજાયશ સમજવામાં વિષ્ણુભાઈએ ઊંચા પ્રકારની દોરવણી આપેલી છે. આનંદશંકરના અપવાદ સિવાય એમનું વિવેચન બલવંતરાય ઠાકોર અને ઉત્તમલાલ ત્રિવેદીની હરોળમાં આવે છે. ગુજરાતમાં ગોવર્ધનરામ, આનંદશંકર ને રમણભાઈ સાહિત્યના ત્રણ મોટા આસામીઓ હતા. તેમની સાથે એમણે કામ પાડ્યું છે.

'રમણીય' એમનો પ્રિય શબ્દ છે. જીવન દેવતાના અલંકારમાં જે 'શ્રી' છે તે અર્થમાં એ 'રમણીય'નો ઉપયોગ કરે છે. એમની સાધના 'શ્રી'ની સાધના છે. તેમાંથી વિવેચનની સાધના પ્રકટ થઈ છે."

અને આચાર્ય ડોલરરાય માંકડના ઉદ્‌ગારો: 'સત્ય પ્રિય બને એવી રીતે કહેવું—છતાં જે કહેવું હોય તે કહી દેવું—એવી શૈલી બહુ દુર્લભ છે. વિષ્ણુભાઈને આવી શૈલી વરેલી છે. એમણે સૌમ્યતા કેળવી છે અને હિંમત પણ બતાવી છે. તેથી એ ગોવર્ધનરામ સાથે બાથ ભીડતાં શીખ્યા છે; એમની કૃતિઓને ન્યાય આપવાનું કાર્ય તેઓ કરી શક્યા છે.

નવલરામથી માંડી રામનારાયણ વિ. પાઠક સુધીના વિવેચકોની પરંપરા ચાલુ રહે એવું સમર્પણ વિષ્ણુભાઈએ કર્યું છે તેવું બીજા કોઈએ ભાગ્યે જ કર્યું હશે. આનંદશંકર, બલવંતરાય, નરસિંહરાવ ત્રણે ધરખમ (સ્ટૉલ્વર્ટ્સ) હતા; પણ તેમના ને વિષ્ણુભાઈના વિવેચનમાં ભેદ છે. નરસિંહરાવ-બલવંતરાયનું વિવેચન મલ્લ-કુસ્તી જેવું લાગે; વિષ્ણુભાઈના વિવેચનો આનંદશંકરની માફક સૌમ્ય છે. એમનામાં પૂર્વ-પશ્ચિમના સમન્વયની વૃત્તિ છે. વિષ્ણુભાઈ વિવેચક છે, કવિ છે, સાથે મોટા શિક્ષક પણ છે.'

ગઈ ૨૭મી નવેમ્બરે એમની ષષ્ટિપૂર્તિનો સમારંભ ઊજવાયો ત્યારે એમના સાહિત્યના તાત્ત્વિક લેખો, એમનાં જીવન સાહિત્યનાં વિવિધ પાસાંનું દર્શન કરાવતા લેખો તેમજ એમના જીવન તથા સાહિત્યને અંજલિરૂપ લેખો સમાવતો સંમાન ગ્રંથ 'ઉપાયન' એમને અર્પણ કરાયો હતો. પોતાના આ સત્કારના વળતા જવાબમાં શ્રી વિષ્ણુભાઈએ તો માત્ર કહ્યું: 'આપ સહુ સમજી શકો છો કે આ પ્રસંગ વ્રીડા ઉપજાવે એવો છે, સંકુલ છે. આમાથી કોઈ રીતે ભાગી જવાય તો સારું એમ થયું. પણ તટસ્થભાવી રહેવાનો પ્રયાસ કર્યો ને માન્યું કે 'કોઈ વિષ્ણુપ્રસાદ' નામના માણસ વિષે વાત થાય છે ને એમાં ભાવક તરીકે રહ્યો છું. આ પ્રસંગ નિમિત્તે પડેલું કામ આ છે કે બહુ જ પ્રેમથી, અંતઃકરણપૂર્વક તમારો, સભાના યોજકોનો આભાર માનું છું. હું તમારો ઋણી છું.'

પોતાની જીવન સિદ્ધિના ઉત્સવ સમા આવા પ્રસંગે " 'કોઈ વિષ્ણુપ્રસાદ' નામના માણસ વિષે વાત થાય છે ને એમાં ભાવક તરીકે રહ્યો છું" એવું સ્થિતપ્રજ્ઞ તાટસ્થ્ય ગોવર્ધનરામ ને આ૦ આનંદશંકરનાં સંસ્કૃતિ જળમાં તલાવગાહન કરનાર તેમના સમો કોઈ વિરલ શિષ્ય-મરજીવો જ દાખવી શકે.

જેનના થકી આજે આપણે સર્વ પ્રકારે ઊજળા છીએ અને એટલા જ મગરૂર પણ છીએ, એવા આપણા વિદ્યા-સંસ્કાર-મૂર્તિ વિષ્ણુભાઈ, આ૦ યશવંત શુક્લના શબ્દોમાં 'ઘણું આયુષ્ય ભોગવીને, મનોખીનું જીવન જીવતાં આપણને ન્યાલ કરતા રહે એ જ પ્રાર્થના.'

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(158) Abdul Rahim Mohmed Miya Sheikh—16, C/o Sheikh and Company, 1 64 Kazi Wado, Patan (N. Guj.), Cricket, Reading, Stamps; (159) Lakshmichand Hirji Kenia—18, 4/4/228, Thanmal Baug, Sultan Bazaar, Hyderabad (Andhra State), Stamps, Coins, First Day Covers; (160) Atul Amritlal Tolia—15, C/o A. N. Tolia, Manager, The Central Bank of India Ltd., Station Road, Veraval (Saur.), Stamps, Table-Tennis, Bad-mington; (161) Vijaykumar M. Chopra—16, Gurukul Supa, Via Navsari (Dist. Surat), Stamps, Coins, Photography; (162) Gangaram K. Patel—25, C/o. L. R. High School, Gambhu (Ta. Chanasma, Dist. Mehsana), Music, Painting, Swimming; (163) Madhusudan Ramanlal Champaneria—27, Office Khadki, Broach, Foreign Affairs, Painting, Music, Literature; (164) Hiralal P. Shah—21, Tripathi Bhavan, Room No. 29, Arey Road, Goregaon, Bombay-62, Stamps, Coins; (165) Jagdish J. Chauhan—19, C/o D. R. Makwana, Vadwa Padar Devki Road, Bhavnagar (Saur.), Stamps, Photography, Geography; (166) Vinodchanra Ramjibhai Bhagat—16, Navi Jithar li, Ta. Po. Miyagam Karjan (Dist. Baroda), Cricket, Film Music, Cycling, Novels; (167) Mayur—15, C/o H. M. Mehta, Mehta House, Tower Road, Surendranagar (Saur.), Stamps, View Cards, Mechanics, F. D. Covers; (168) Kirtibala K. Dave—15, C/o K. K. Dave, Near Bandhu Samaj Hospital, Sheth Niwas, Vankaner (Saur.), Stamps, Drawing, F. D. Covers; (169) Mukund Nagardas Shah—17, 1080 Salvi's Pole, Jamalpur, Ahmedabad-1, Stamps, Reading, Coins. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

માગશર ૧૯૯૨ અંક ૧૪૪ કુમાર



કુંગ-ફુત્-સે
(કન્ફ્યુશિયસ)

'સર્વશક્તિમાન, સર્વજ્ઞ, પુણ્યશ્રેષ્ઠ ગુરુ' એવા ભક્તિભર્યા શબ્દોમાં આજ અઢી હજાર વરસ થયાં એ નામ ચીની પ્રજાના હૃદયમાં ઘર કરી રહ્યું છે. ચીનના નગરેનગરે એનું મંદિર છે, આંગણેઆંગણે એની સ્થાપના છે; 'ચીનના પિતા'નું તેને બિરુદ આપવામાં આવ્યું છે. એનો અર્થ 'ગુરુ કુંગ' એવો થાય. એનું નાનપણનું નામ તો 'કિન' હતું.

ઈશુ ખ્રિસ્તની પહેલાં પાંચ સદીઓ પર ચીન નધણિયાતું બની ગએલું. મોટા ઉમરાવોએ ચીનના ભાગલા પાડી લીધા હતા. એવા વખતના એક અપશુકનિયાળ ને દુષ્કાળપીડિત વર્ષે એક ગરીબ ચીના સૈનિકને ત્યાં એ અવતર્યો. બાળપણથી જ સામાન્ય રમતગમત તરફ કુંગની વૃત્તિ ન વળતી. બુદ્ધિને કસોટીએ ચડાવતાં હરેક પ્રશ્ન પાછળ તે ખંતથી મંડ્યો રહેતો. ઓગણીસ વર્ષની વયે, લગ્ન થયા બાદ તેને ત્સાઉના બગીચાઓના રખેવાળની જગ્યા મળી. એ ફરજ બજાવતાં તે રાતોની રાતો વાંચવા ને વિચારવામાં પસાર કરી દેતો.

બાવીસની વયે તેણે શિક્ષકનો ધંધો હાથ લીધો. એ દરમ્યાન તેના વિચારોથી આકર્ષાએલું એક મંડળ તેની આજુબાજુ જામતું ગયું. તેની પ્રેરણા, આદેશ અને સહકારથી એ મંડળે એવા આદર્શ નાગરિકો તૈયાર કરવાનું કામ હાથ ધર્યું કે જેઓનાં હૃદય મનુષ્યની કિંમત મનુષ્ય તરીકે પૂરતી આંકતા થાય. તે પછી એ નાગરિકોને રાજનીતિ ને કારભારનું શિક્ષણ આપી રાજ્યની નોકરીઓમાં ઘુસાડવાના હતા. આમ કરવામાં કુંગનો હેતુ એટલો જ હતો કે સમસ્ત રાજ્યનું નિયંત્રણ યોગ્ય લોકોના હાથમાં લાવી શકાય. ત્રીસ વર્ષની વય થતાં તો તેના આ નિઃસ્પૃહ કાર્યથી આકર્ષાઇ ઘણાએ તેને સાથ આપ્યો; ને સારા માણસોના પ્રસ્તાવથી તેને ચુંગ-તુના મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો આપવામાં આવ્યો.

હવે તો કુંગને કીર્તિ ને લક્ષ્મી પણ વરવા લાગી, એટલે આજુબાજુનાં રાજ્યો તેના તરફ શંકાની નજરે જોવા લાગ્યાં. કુંગના અનુયાયીઓના કડક નૈતિક આદર્શ અને ધ્યેયલક્ષી જીવનને કોઈ પણ રીતે પતનને રસ્તે દોરવા તેઓ ઉત્સુક થયા ને એ કાર્ય ખૂબસૂરત વારાંગનાઓથી તેઓ પાર પાડવા માંડ્યા.

પોતાની ચણેલી મહત્ત્વાકાંક્ષી દીવાલનો પાયો આમ ખોદાતો જોઈ કુંગ તાબડતોબ પોતાના ચુનંદા ચુસ્ત અનુયાયીઓ વીણી લઈ યાત્રાએ નીકળી ગયો ને આખી યે ચીનાઈ સલ્તનતના ખૂણેખૂણા તે ભમવા લાગ્યો. રાજાઓ અને રાજકુટુંબીઓ તેને સાંભળતા, પણ તેમો ઉપદેશ આચારમાં મૂકવાના ખયાલને તો છેટેથી જ નવ ગજના નમસ્કાર કરતા.

તેર વર્ષ સુધી પોતાના આદેશોને પ્રબોધતો એ ચીનની ભાગોળે ભાગોળ ખૂંદી વળ્યો. તેને નિરાશા ચોખ્ખી જણાતી, છતાં તે કદી નાહિંમત ન બન્યો. આજ નહિ તો આવતી કાલે પણ ચીનનો ઉદ્ધાર મારા આદેશોના સ્વીકાર વિના નથી જ થવાનો એવી સજ્જડ આત્મશ્રદ્ધા તેણે કદી નહોતી ખોઈ. ઘૂમીઘૂમીને છેક છપ્પન વર્ષની વયે તેણે પાછો પોતાના પ્રાંત લુમાં પગ મૂક્યો. તેની સાથે જ વિદ્યાભિખ્ખુઓનું મોટું ટોળું પણ એ પ્રાંતમાં દાખલ થયું. એ શિષ્યસંઘ વિદ્યાર્જન કરતો અને સાથે ચીનનાં શહેરો ને સીમાડાઓમાં ગુરુના આદેશોનું પ્રચારકાર્ય કરતો રહેતો.

બધા લોકનેતાઓ જેમ કુંગનો યે માર્ગ ફૂલેપાથર્યો નહોતો. ઘણાં ગામોમાં તેને પ્રવેશબંધી હતી. થોડાઘણા મતભેદના પરિણામે ઘણે ઠેકાણે તેને માર પણ ખાવો પડેલો. આવા પ્રકારો તો ઘણા યે ગણાવી શકાય, પણ તે તો તેમની ઉપેક્ષા જ કરતો આવેલો.

૬૭ વર્ષની વય બાદ કુંગે વાનપ્રસ્થ જીવન સ્વીકાર્યું, અને તે પછી પોતાના શિષ્યોની મંડળી વચ્ચે જ તેની દુનિયા સમાઈ ગઈ. આનું કારણ કેટલાકો જણાવે છે તેમ તેના વહાલા પુત્ર તથા તેવા અતિ વહાલા બે મુખ્ય શિષ્યો ઝેલુ અને યેન હુઇનાં મૃત્યુ હતાં. આ એકાંત ગમગીનીમાં તેણે સારા યે ચીનનો ઇતિહાસગ્રંથ લખી નાખ્યો. એ પૂરો થયે થોડા જ દિવસો બાદ તેણે એક શિષ્યને કહેલું કે 'ચીનનો કોઈ પણ શાહ હજી મારા આદેશો સ્વીકારવા તૈયાર નથી. મારે હવે મારી જીવનલીલા સંકેલી લેવી જોઈએ.'

અને કેમ જાણે ભાવિ આગાહી તરીકે આ શબ્દો ન ઉચ્ચારાયા હોય તેમ, થોડા જ દિવસો બાદ એ મહાન સુધારકે ૭૩ વર્ષની વયે પોતાની જીવનલીલા સંકેલી લીધી. તેના અવસાનના ખબર આખા ચીનમાં ફરી વળ્યા ને જિંદગીના છેલ્લા દાયકા સુધી અવમાનિત થએલા એ સુધારકનું ઋણ વાળવા જાણે ચીનની પ્રજા જાગી હોય તેમ, એક તિથિ નિયત કરી સારી પ્રજાએ જાહેર શોક પાળ્યો. તેના શિષ્યોને બધાં રાજ્યો, જાણે તેના જીવતાં કરેલા અપમાનનો બદલો વાળતા હોય તેમ, સારા હોદ્દાઓ પર નિયુક્ત કરવા લાગ્યાં.

ખરું ઉત્તરાયન


ખરું ઉત્તરાયણ ક્યારે? '૨૨મી ડિસેમ્બરે કે ૧૪મી જાન્યુઆરીએ?' એમ પૂછીને ખગોળગણિતના આપણા જાણીતા જ્ઞાતા શ્રી હરિહર ભટ્ટે આપણાં ચાલુ પંચાંગોમાં ચાલી આવતી એક મોટી ભૂલનો નિર્દેશ કરેલો. એ ભૂલ જાણવા, સમજવા ને સુધારવા જેવી છે.

ગુજરાતમાં સૌથી વધારે પ્રમાણમાં વપરાતાં ગ્રહલાઘવીય પંચાંગોમાં ઉત્તરાયન દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ આપવામાં આવે છે; પણ પ્રત્યક્ષ પચાંગ, મહેન્દ્ર જૈન પંચાંગ, તિલક પંચાંગ, કેતકી પંચાંગ, બાપુદેવ પંચાંગ વગેરેમાં ઉત્તરાયન ૨૨મી ડિસેમ્બરે આપવામાં આવે છે. તો આમાંનો ખરો દિવસ કયો?

ડિસેમ્બરના આરંભથી જો આપણે સૂર્યોદય અને સૂર્યાસ્તને પ્રત્યક્ષ જોઇને તે વખતે ઘડિયાળમાં કેટલા વાગ્યા છે તે નોંધી રાખીએ, તો આપણને માલૂમ પડશે કે ૨૨મી ડિસેમ્બર સુધી દિવસ ઘટતો જાય છે ને રાત વધતી જાય છે; પણ ત્યાર પછી દિવસ વધતો



આમને તો ઓળખો છો ને? 'કુમાર'માં ૬ વર્ષ સુધી જેમના સ્વ-કથાનક 'બાંધ ગઠરિયાં' એ વાચકોનાં દિલ જકડી રાખ્યાં હતાં તે એક નવા જ કથાનકની ગઠરી આવતા અંકથી 'કુમાર'માં છોડવાના છે.



જાય છે અને રાત ઘટતી જાય છે.

વળી ઉપલા પ્રયોગમાં સૂર્ય ક્ષિતિજ ઉપર કયે સ્થળે ઊગે-આથમે છે, તે દૂરની ટેકરી ઝાડ વગેરે નિશાનીઓથી જોતા જઇએ તો આપણને માલૂમ પડશે કે ૨૨મી ડિસેમ્બર સુધી સૂર્ય દક્ષિણ તરફ જતો જાય છે, પણ ત્યાર પછી તે ઉત્તર જવા માંડે છે; એટલે કે તેનું અયન ઉત્તર તરફ (ઉત્તરાયન) થતું જાય છે.

વધારે નવાઇની વાત તો એ છે કે ગ્રહલાઘવીય પંચાંગો ઉત્તરાયન ૧૪મી જાન્યુઆરીએ લખતાં છતાં તે જ પંચાંગોમાં લખેલું દિનમાન ૨૨ ડિસેમ્બર સુધી ઘટતું જાય છે, ને પછી વધતું જાય છે. આમ દિનમાન ૨૨ ડિસેમ્બરથી વધે છે ને ઉત્તરાયન ૧૪ જાન્યુઆરીએ લખાય છે! આવાં પરસ્પરવિરોધી લખાણો આ પંચાગોમાં માલૂમ પડે છે.

આમ આપણાં ઉત્તરાયન અને દક્ષિણાયનમાં ૨૩ દિવસની ભૂલ પેસી ગઇ છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા વગેરે ઋતુઓ પણ આ અયનોની સાથે જોડાએલી હોવાથી તેમાં પણ તેટલી જ ભૂલ આવે છે. આમ શાથી બનવા પામ્યું? આપણાં ગ્રહલાઘવીય પંચાગો અયનથી અયન સુધીના વર્ષનું માપ ઈ.સ. ૫૦૦ની લગભગમાં બનેલા સૂર્યસિદ્ધાંતમાં આપેલાં વર્ષમાન પ્રમાણે લે છે. આ વર્ષમાન અયનથી અયન સુધીના સૂક્ષ્મ માપ કરતાં લગભગ ૧ ઘડી મોટું છે. તેથી ઈ.સ. ૫૦૦થી આજ સુધીનાં ૧૪૦૦ વર્ષમાં વાર્ષિક ૧ ઘડીની ભૂલ એકઠી થઈને આજે લગભગ ૨૩ દિવસ જેટલી થઇ ગઈ છે!

એની ઓળખાણ માટે શી રીતે કરાવવી? એને બે પગ છે, છતાં ચોપગાંમાં ગણાય છે. ચાલે ખરું, તો ય પગે પંજે નથી. ઊડે છે પંખી પેઠે, પણ પાંખો પર પીંછાં ન મળે. આંખોથી જુએ, પણ જોવા માટે એને પ્રકાશની આવશ્યકતા નથી હોતી; અજવાળુ હોય ત્યાં છતી આંખે આંધળુંભીંત! ઘોર અંધકારમાં એની 'નજર' દીવા જેવી: પણ ખરે બપોરે પ્રકાશ જોવા અજવાળાની જરૂર પડે!

આવું તે વળી કોઈ હોતું હશે? છતાં જે પ્રાણીનો આ અદ્ભુત જીવનપરિચય છે, એને ભાગ્યે જ કોઈ નહિ ઓળખતું હોય. એનું નામ ચામાચીડિયું. આ અજબ પ્રાણીએ પ્રાણિસૃષ્ટિમાં ભારે અરાજકતા ફેલાવી છે. પ્રાણીવિદ્યાવિશારદોના સમાજમાં એણે મોટો ઉલ્કાપાત મચાવ્યો છે. પ્રચ્છન્ન સ્વરૂપવાળા આ પ્રાણીના જીવનવ્યવહાર વિષે આ વિશારદો હજુ યે ગોથાં ખાય છે. એણે નિસર્ગનો ભાગ્યે જ કોઇ નિયમ તોડયો નહિ હોય.

પ્રાચીનો એને 'પંખી' કહેતા: ઊડે તેથી. પણ પંખીને આંચળ કયાં હોય છે? ચામાચીડિયું તો આંચળવાળું. એની કાયા ઉંદરને મળતી, એટલે નિષ્ણાતોએ એને જીવાત ખાનારાં છછુંદર તથા શેળાના વર્ગમાં મૂકયું. પણ આ વર્ગનાં પશુઓને તો ઝાઝાં આંચળ: ને ચામાચીડિયાને તો બે જ. વળી એના હાથ, પગ કરતાં લાંબા, એટલે અન્ય વૈજ્ઞાનિકોએ એને વાનરોના વર્ગના પશુ ગણ્યો.

એની રીતભાત પણ અવળચંડી. સૌ પશુપંખી આગળપાછળ સીધા ચાલે, ત્યારે ચામાચીડિયાં ડાબાજમણી—આડાં જ ચાલનારાં. મોટે ભાગે પશુઓ અંધકારમાં ન દેખે, ત્યારે ચામાચીડિયાં અંધારામાં જ અદ્ભુત દિવ્ય દૃષ્ટિ ધરાવનારાં. આખું જગત ઉચ્ચ મસ્તકે ઊભું રહે અને બેસે, ત્યારે આ વિચિત્ર પ્રાણી ઊંધે માથે જ રમે જમે અને ઊંઘ-આરામ લે!

ચામડી મઢેલી પાંખો ઉપર ચામાચીડિયાં રજ પણ અવાજ કર્યા સિવાય ઘણી જ સરળતાથી હવામાં તરે છે, ભારે ઝડપથી ગાઉનાગાઉ અણથાકયા જાય છે અને એના આધારે જ ઊડતાં ઊડતાં અધવચ આમતેમ, ઊલટસૂલટ ગુલાંટ ખાતાં સરળતાથી દિશા બદલી શકે છે. આવી 'ચામડાની પાંખે' ઊડનારું હોવાથી તે 'ચામાચીડિયું'(चर्मचटका 'ચામડાની ચકલી') કહેવાયું છે.

જીવનવ્યવહારના ભેદે એના બે વિભાગ પાડવામાં આવે છે: એક તો જેનું મોં લોંકડી કે કૂતરા જેવું લાંબું હોય તે વનવાગળ; બીજો વિભાગ જેમનાં મો ટૂંકાં ઉંદર જેવાં, ને શરીર નાનાં હોય છે એ કાનકંડિયા અગર ચીપકાં.

આવી રીતે શરૂઆત કરીને આપણા વિખ્યાત પ્રકૃતિવિદ્ શ્રી હરિનારાયણ આચાર્યે છએક પાનાં ભરીને એ અજબ પ્રાણીનો વિસ્તૃત પરિચય પચ્ચીસ વર્ષ પર આપેલો.

છેલ્લાં ૧૦ વર્ષથી જ્યારે જ્યારે ઉત્તરાયન આવે છે, ત્યારેત્યારે ઉપલી વાત અમે લોકોના અને પંચાંગકારોના કાન ઉપર નાખીએ છીએ. અમારી આ વાત ખોટી છે એમ હજુ સુધી કોઈએ અમને કહ્યું નથી. તો પછી ઉત્તરાયન તા. ૧૪મી જાન્યુઆરીએ લખવાને બદલે તા. ૨૨મી ડિસેમ્બરે લખવામાં ગ્રહલાઘવીય પંચાંગકારોને શી મુશ્કેલી છે તે સમજવામાં આવતું નથી.

—હરિહર ભટ્ટ

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: સર હમ્ફ્રી ડેવી

૧૯મી સદીમાં વિજ્ઞાનને લોકપ્રિય ને લોકોપયોગી બનાવવામાં જેનો સૌથી મોટો હિસ્સો છે તે 'ડેવીના અભય-દીવા'ના સુપ્રસિદ્ધ શોધક બ્રિટિશ રસાયનશાસ્ત્રી સર હમ્ફ્રી ડેવીનો જન્મ ઈ. ૧૭૭૮ની ૧૭મી ડિસેમ્બરે ઇંગ્લંડમાં પેન્ઝાન્સ ખાતે થયો હતો. નાનો હતો ત્યારે વિજ્ઞાનમાં તેને બહુ રસ નહોતો, પરંતુ એ જબરો વાંચનાર હતો. બન્યનનું 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' તેનું માનીતું પુસ્તક હતું. વળી કેટલાંક કાવ્યો તેણે જાતે પણ લખેલાં. પ્રાયોગિક વિજ્ઞાનમાં તો તેનો રસ જાગ્યો પડોશમાં રહેતા ક્વેકરપંથી ને મૌલિક વિચારો ધરાવતા એક જીનગરના સંસર્ગથી. પછી તો જાતે ઘેર બનાવેલા વીજળીક અને યાંત્રિક ઍપરેટસની મદદથી તેણે ડેવીને કુદરતી અને પ્રાયોગિક વિજ્ઞાનની તાલીમ પણ આપેલી.



એવામાં પિતાનું અવસાન થતાં તેણે એક ડૉક્ટરને ત્યાં શિખાઉ તરીકે તાલીમ લેવા માંડી. પછી લંડનની સેન્ટ બાર્થોલોમ્યૂ હૉસ્પિટલના ખ્યાતનામ રસાયનશાસ્ત્રીનો પરિચય થયો, જેમણે તેને પોતાની પ્રયોગશાળા વાપરવાની છૂટ આપી અને તેના મનને ઉત્તેજન આપ્યું. આ રીતે ને કાળજીભર્યા અભ્યાસથી ડેવીએ વિજ્ઞાનનું સ્વશિક્ષણ મેળવ્યું. ગૅસના ઔદ્યોગિક ગુણોની તપાસ માટે ઊભા કરાએલા ન્યૂમૅટિક ઇન્સ્ટિટ્યૂશનમાં કામ કરવા ૨૦ વર્ષની ઉંમરે તે બ્રિસ્ટલ ગયો.

તેના નવા કામમાં ખતરા ઘણા હતા: નાઇટ્રસ ઑક્સાઈડ ('લાફિંગ ગૅસ')ના ગુણધર્મોનું સંશોધન કરનાર તે પ્રથમ હતો. કાર્બ્યૂરેટેડ હાઇડ્રોજનનું સંશોધન કરતી વેળાએ ગૅસના પ્રયોગ તેણે જાત પર કર્યા હતા, જેને પરિણામે આવેલી બેશુદ્ધિમાંથી તેને મહામુસીબતે હોશમાં લાવી શકાએલો. એ વિષય પરનાં તેનાં લખાણોએ તુરત જ લોકોનું ધ્યાન ખેંચ્યું, પરિણામે ૧૮૦૧માં લંડનના રૉયલ ઇન્સ્ટિટ્યૂશનમાં તે રસાયનશાસ્ત્રનો મદદનીશ લેક્ચરર નિમાયો. એક વર્ષ પછી એ તેનો પ્રથમ પ્રોફેસર નિમાયો અને ૨૭ વર્ષની વયે પ્રયોગશાળાનો ડાયરેક્ટર નિમાયો.

વિજ્ઞાનનાં નાનાવિધ અંગો પરનાં તેનાં જાહેર વ્યાખ્યાનો અને લેખો લોકોમાં અત્યંત લોકપ્રિય નીવડતાં. ૧૮૦૭માં ડેવીએ 'કેટલાક વીજળીમય રાસાયનિક તત્ત્વો' પર રૉયલ સોસાઍટી સમક્ષ એક નોંધપાત્ર વ્યાખ્યાન આપ્યું, જેને પરિણામે આખા યુરોપખંડમાં પ્રતિભાશાળી વિજ્ઞાની તરીકે તેનું નામ જાણીતું થયું. હવે તેને ઘણાં મહત્ત્વના પારિતોષિકો એનાયત થવા માંડ્યાં, જેમાંનું 'ઇન્સ્ટિટ્યૂ દ ફ્રાન્સ'નું નેપોલિયૅાં પારિતોષિક પણ હતું. આ ગાળામાં તે લંડન શહેરનો સંમાન્ય શ્રીમંત બની ગયો હતો. પછીનાં થોડાં વર્ષોમાં તેણે સોડિયમ અને મૅગ્નેશિયમ જેવી ધાતુઓના અસ્તિત્વની સર્વપ્રથમ શોધ જેવી ધાતુવિજ્ઞાનની મહત્ત્વની શોધોની પરંપરા સર્જી. ૧૮૧૨માં તેને 'નાઈટ' (સર)નો ઇલકાબ અપાયો ને ૧૮૨૦માં તેને બૅરોનેટ બનાવવામાં આવ્યો.

મિશાએલ ફૅરેડેની શક્તિને ઓળખનાર સૌ પહેલો ડેવી હતો. પોતાની ૫૦મી ઉંમરમાં ડેવીએ ફૅરેડેની મદદથી વિદ્યુત્-ચુંબકત્વમાં, અને સમુદ્રજળની હાજરીમાં થતા 'ગૅલ્વેનિક ઍક્શન'ના કાયદામાં મુખ્ય સંશોધનો કર્યાં પણ તેને જગત્ખ્યાતિ તો મળી તેના 'અભય-દીવા' માટે. સ્ફોટક વાયુઓથી ભરેલી કોલસાની ખાણોમાં વપરાશ માટે તેણે ૧૮૧૫માં શોધેલા વ્યવહારુ અને સલામત એ 'ડેવીઝ લૅમ્પે' આજ સુધીમાં અનેક ખાણિયાઓની જિંદગી બચાવી છે. ૧૮૨૦થી ૧૮૨૭ સુધી તે રૉયલ સોસાઍટીનો પ્રમુખ નિમાયો હતો, જે બ્રિટિશ રાજ્યમાં વિજ્ઞાનની સૌથી ઊંચી પદવી ગણાય છે. ઈ. ૧૮૨૯ની ૨૯મી મેના રોજ જિનિવા ખાતે તેનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ જન્મે મહારાષ્ટ્રીય છતાં ગુજરાતના સાક્ષર-મોવડી કાકા કાલેલકરનો જન્મ, ૧૮૮૫.
તા. ૪ હિંદમાં સતી થવાનો ચાલ વાઈસરૉય લૉર્ડ બૅન્ટિકે કાયદા દ્વારા બંધ કરાવ્યો, ૧૮૨૯.
તા. ૫ અધ્યાત્મસાધના દ્વારા પૂર્ણજીવનનો સાક્ષાત્કાર કરનાર શ્રી અરવિંદ ઘોષનું નિધન, ૧૯૫૦.
તા. ૭ મહેસૂરના સિંહ હૈદરઅલીનું અવસાન ને તેના પુત્ર ટિપુ સુલતાનનું રાજ્યારોહણ, ૧૭૮૨.
તા. ૧૨ પહેલાં કલકત્તા હતું તેને બદલે દિલ્હી હિંદની રાજધાનીનું શહેર બનાવાયું, ૧૯૧૧.
તા. ૧૫ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ઓરિસ્સા-છત્તીસગઢના દેશી રાજ્યો હિંદ સાથે જોડાયાં, ૧૯૪૮.
તા. ૧૬ નૉર્વેજિયન દક્ષિણ ધ્રુવ પર રોઆલ્ડ આમુંડસેને પહેલી વાર પગ મૂક્યો, ૧૯૧૧.
તા. ૧૭ હિંદુ મૂર્તિપૂજાની વિરુદ્ધ નિબંધ લખી રાજા રામમોહનરાયે બંગાળી ગદ્ય આરંભ્યું, ૧૭૯૦.
તા. ૨૧ વિશ્વરાજકારણમાં પોલાદી પુરુષનો અગ્રભાગ ભજવી ગયેલા સ્તાલિનનો જન્મ, ૧૮૭૯.
તા. ૩૧ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને હિંદમાં વેપાર કરવા રાણી એલિઝાબેથે ચાર્ટર લખી આપ્યો, ૧૬૦૦.

પ્રસંગવિશેષ: આઠમા એડ્વર્ડનો ગાદીત્યાગ, ૧૦મી ડિસેમ્બર ૧૯૩૬

ઇ. ૧૯૩૫માં ઇંગ્લંડના વડા પ્રધાનની જગ્યાએ કૉન્ઝર્વેટિવ પક્ષના સ્ટૅન્લી બાલ્ડ્વિન આવ્યા, ત્યાર પછી ઇંગ્લંડના રાજા આઠમા એડ્વર્ડ અને અમેરિકન બાનુ શ્રીમતી વૉલિસ વૉરફીલ્ડ સિમ્પ્સન (જેમણે પોતાના પતિ સાથે છૂટાછેડા લીધેલા)ના પ્રણય-કિસ્સાએ ચારે તરફ ચકચાર ફેલાવી હતી; કેમકે ઇંગ્લંડની ચાલતી આવેલી રાજપ્રણાલી મુજબ ગાદી પર આવનાર વ્યક્તિએ રાજકુટુંબ કે ઉમરાવ કુટુંબમાં જ પરણવું જોઈએ. પણ શ્રીમતી સિમ્પ્સન સામાન્ય કુટુંબનાં હતાં.

પંચમ જ્યૉર્જના અવસાન બાદ તેમના આ જ્યેષ્ઠ પુત્ર (પ્રિન્સ ઑવ વેલ્સ) આઠમા એડ્વર્ડ ઈ. ૧૯૩૬ની ૨૦મી જાન્યુઆરીએ ગાદી પર આવેલા. એ અત્યંત લોકપ્રિય તો હતા જ, પરંતુ ઉદારમતવાદી હોઈને તથા ખાસ તો શ્રીમતી સિમ્પ્સન સાથેના તેમના પ્રણયકિસ્સાને કારણે તેમનું રાજ્યારોહણ કૉન્ઝર્વેટિવ પક્ષ ઉલટભેર આવકારી શક્યો નહોતો. એટલે શ્રીમતી સિમ્પ્સન સાથે લગ્ન કરવાની પોતાની યોજના અફર છે એમ જ્યારે તેમણે છડેચોક જાહેર કર્યું, ત્યારે વડા પ્રધાન બાલ્ડ્વિને સૂચવ્યા પ્રમાણે તેમને ઇંગ્લંડની રાજગાદીનો ત્યાગ કરવો પડ્યો, ૧૦મી ડિસેમ્બર ૧૯૩૬. તેમની ખાલી પડેલી રાજગાદી પર તેમના નાના ભાઈ છઠ્ઠા જ્યૉર્જ આવ્યા, ૧૨મી મે ૧૯૩૭, અને એડ્વર્ડને તે પછી ડ્યૂક ઑવ વિન્ડસર બનાવવામાં આવ્યા. ત્યાર બાદ ડ્યૂક ઑવ વિન્ડસર અને શ્રીમતી સિમ્પ્સન ફ્રાન્સમાં મૉન્તે ખાતે ૩જી જૂન ૧૯૩૭ના રોજ લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. અર્ધી દુનિયા પરના બ્રિટિશ સામ્રાજ્યના શાહાનશાહના પદ આગળ હૃદયના સાચા પ્રેમને જ મહત્ત્વનો ગણતો તેમનો ગાદી ત્યાગ ઇતિહાસનો વિરલ બનાવ છે.

> રહિમત પાની રાખીએ, બિનુ પાની સબ સૂન,
> પાની ગયે ન ઊબરે, મોતી, માનુષ, ચૂન.
>
> —રહીમ

અમેરિકામાં હેન્રી ક્લેએ જ્યારે ઇ. સ. ૧૮૩૯માં ગુલામી સામે જેહાદ શરૂ કરી ત્યારે તેના મિત્રોએ તેને ચેતવ્યો કે આથી તમે પ્રમુખ તરીકે ચૂંટાઇ આવવાની તક ગુમાવશો.

ક્લેએ જવાબ આપ્યો, 'હું પ્રમુખપદ કરતાં સત્યને વધુ પસંદ કરું છું.' અને હેન્રી ક્લેને સત્ય મળ્યું, પ્રમુખપદ નહિ.

અનેકાર્થી શબ્દ: ગડ= ગડી, ઘડી; આચ્છાદાન; ઓટ; ખાઈ, ખાડો; પર્વત પર બાંધેલો કિલ્લો; ટોણુ, ઘીંઘ; વેરો; પડદો; પ્રતિરોધ; ફરક; ફોડલો; બજાર; મોટો પથ્થર; વાડ; વિઘ્ન; હદની નિશાની; આંત્રડત, હથોટી; ગાંઠ; ગૂમડું; વિકારી લોહીનો એક પ્રકારનો સોજો; સુવર્ણમત્સ્ય; એક જાતનું લવણ.

કહેવતોની કથા: 'બાડી બામણીનું ખેતર': ગામની સીમમાં થઈને નીકળેલા બે સવારો રસ્તામાં પાકથી લચેલું ખેતર જોઈ લલચાયા ને ચાર-ચંદી બચાવવા માટે ઘોડા તેમાં ચરાવવા નાખ્યા, એવામાં ખેતરની માલિક વિધવા બ્રાહ્મણી દોડતી આવી અને ઘોડા કાઢી લેવા વીનવવા લાગી. એને અસહાય જોઈ સવારોએ તેને હસી કાઢીને ઘોડાને ધરવ કરાવીને ચરાવ્યા તે પછી તેની જોડેના ખેતરમાં પણ નાખ્યા. એ ખેતરનો માલિક જે આ બધો તાલ જોતો હતો તે તો તરત લાકડીઓ લઇને પોતાના નોકરો સાથે એ બંને પર તૂટી પડ્યો ને સારી પેઠે ખોખરા કરતાં કહ્યું, 'આ કાંઈ બાડી બામણીનું ખેતર નથી.' નબળાને રંજાડનાર પોતાનું નુકસાન કરવા આવે તેને પાઠ ભણાવતાં આ કહેવત ત્યારથી વપરાય છે.

કાચની ચીજોને અંદરથી સાફ કરતાં આંગળી કે કપડું ન પહોંચે તેવા ખૂણામાં ક્યારેક દૂથબ્રશ અજમાવી જોજો.

ગણિતગમ્મત: નીચેના આંકડા આડી હારમાં સળંગ એવી રીતે ગોઠવાએલા છે, કે તેથી બનતી દરેક ઊભી હારનો સરવાળો ૫૦ થાય છે.

૧	૨	૩	૪	૫	૬
૧૨	૧૧	૧૦	૯	૮	૭
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯
૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૦





ભારત ને પાકિસ્તાનની બે નવી ટિકિટો

મથાળે: ૧૧મી ડિસેમ્બરે ભારતના ટપાલખાતાએ રાષ્ટ્રસંઘના બાળકલ્યાણ સહાયક ફંડ (યુનિસેફ) દિન નિમિત્તે કાઢેલી. નીચે: લાહોરની કિંગ એડ્વર્ડ મેમોરીઅલ હૉસ્પિટલની શતાબ્દી નિમિત્તે પાકિસ્તાને ૧૬મી નવેમ્બરે કાઢેલી (મોકલનાર નૂરુદ્દીન લુફ).

જે નિસરણીથી તમે ચડો છો તેને લાત ન મારતા;—કદાચ પાછા ઊતરવું પડે તો કામ લાગે.

એક રીઢો દર્દી શહેરની બધી જ ઇસ્પિતાલોમાં એક યા બીજા દર્દ માટે રહી આવેલો હતો. એ બાબત અભિમાન લેતાં પોતાના મિત્રને તેણે કહ્યું કે 'આ શહેરની એકેએક ઇસ્પિતાલમાં હું જઈ આવેલો છું.'

મિત્રે કહ્યું, 'ખોટી વાત. તું પ્રસૂતિગૃહમાં નહિ રહી આવ્યો હો.'

દર્દીએ કહ્યું, 'ત્યાં પણ જઈ આવ્યો છું. મારો જન્મ પ્રસૂતિગૃહમાં જ થયો હતો.



વિકસતું વિજ્ઞાન: રોજબરોજ બજારમાં નવા મુકાતા જતા ટચૂકડા ટ્રાન્ઝિસ્ટર રેડિયો-સેટમાં બીજાં પણ કેટલાંક અવનવાં આકર્ષણો ઉમેરાતાં જાય છે. સિગારેટ બૉક્સમાં ગોઠવેલો આ રેડિયો સેટ ખોખાનું ઢાંકણ ખૂલતાં જ આપમેળે ચાલુ થઈ જાય છે. પડખેના ખાનામાં પચાસેક સિગારેટ સમાઈ શકે છે.



કલાકણિકા: પાણી કાઢવાની ડોઈ, હોમહવન કરવાનો સરવો કે પ્રવાહી પીરસવાની કડછી ઉપર પણ માનવીની રસવૃત્તિ ઊતરી છે. લંકાનું એવું ચાંદી-હાથીદાંતના મિશ્ર શોભનથી મંડિત એક પાત્ર

અનુસંધાન] વાચકો લખે છે [૪૭૯થી

'કુમાર'માં દરેક પાનની નીચે જ્યાં પાન નંબર ને કૌંસમાં અંક આપ્યો છે તે જ સીધી લીટીમાં, ઉપરના ફકરાઓને જુદી પાડતી લીટી છાપી, ઉપરના ફકરાઓમાં આવતા કેટલાક અઘરા શબ્દો, જેના અર્થ સામાન્ય વાચક માટે જરૂરી છે, તેવા ત્રણચારના અર્થ કે કોઇ અગત્યના સમાચાર આપી શકાય.

'કુમાર'ના વાચક કુમારોની આ કાયમની કબજિયાત દૂર કરશો: ક્રિકેટ, ફૂટબૉલ, હૉકી, હુતુતુ, કૅરમ, બૅડમિન્ટન વગેરે રમતોનું માર્ગદર્શન (પત્તાંની રમતોની માફક) અપાય તો સારું. વધ રે કૉન્ટ્રાક્ટરો, મરચન્ટો, જણુ પટેલો ને ધ્યાનચંદો થવા માટે વાચન દ્વારા માર્ગદર્શનની પણ જરૂર રહે છે જ.*

(ગબારારા) —કાન્તિ પટેલ

[*અમે તો ક્યારની તૈયારી જાહેર કરી છે. અધિકારી લેખકને અભાવે જ એ નથી બની શક્યું. ફરી અમારું જાહેર આમંત્રણ છે.]

સપ્ટેમ્બર અંકના પૃ. ૩૭૦ ઉપર ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખમાં જુવાર ફણગાવવાની રીત આપી છે. સામાન્ય રીતે આ જ પ્રકારે વાલ, ચણા, મગ, વટાણા વગેરે પણ ફણગાવવામાં આવે છે. ઓલપાડ (જિ. સૂરત)નાં શ્રી અનસૂયાબહેન દેસાઇએ ફણગાવવાની એક બીજી રીત બતાવી છે જે વધ રે કાર્યક્ષમ માલૂમ પડી છે. આ નીચે તે આપી છે:

'અનાજ કે કઠોળને એક રાત પાણીમાં પલાળી રાખી, બીજે દિવસે સવારે પાણી નિતારી કાઢી, માટીના ઘડા કે માટલામાં (જૂનું પણ ચાલે) અનાજ કે કઠોળને નાખવું અને પછી ઢાંકણું (કે તપેલી) ઘડા ઉપર ઊંધું ઢાંકી દેવું. શાખ પ્રમાણે ફણગાનું કદ તૈયાર થાય એટલે ઉપયોગ કરવો. આમ ૨૪ કલાકમાં ફણગાવેલું કઠોળ મળી શકે છે. ફણગા વધારે લાંબા જોઇએ તો વધુ વખત ઘડામાં રાખવું.'

આ રીતમાં અનાજ કે કઠોળમાં ખરાબ ગંધ આવતી નથી તેમજ ફણગા એકસરખા નીકળે છે ને ઘડાને ગમે ત્યારે ઉઘાડી ફણગાનું કદ જોઈ શકાય છે. અહીંની યુનિવર્સિટીના બૉટેની ડિપાર્ટમેન્ટમાં પૂછતાં ચાલુ રીત કરતાં ઉપર્યુક્ત રીત વૈજ્ઞાનિક દૃષ્ટિએ વધ રે સારી છે એમ જાણવા મળ્યું છે.

(વડોદરા) —યોગિની પાઠક

ચપકલાલ બાહશાહ એડીના દુખાવા માટે ઇન્જેક્શન corlin one c. c. એકાંતરે લે તો દસેક ઇન્જેકશનથી જરૂર મટી શકે. હું આમ ટ્રીટ કરું છું ને ૯૯ ટકા સફળ થયો છું.

—એક ડૉક્ટર

કુમાર

સળંગ અંક ૪૩૩ થી અંક ૪૪૪ સુધીનું

વર્ષ ૩૭ માનું વાર્ષિક સાંકળિયું

જાન્યુઆરી થી ડિસેમ્બર · ઈ. ઓગણીસસો સાઠ

આ અંક સાથે

'કુમાર' ૩૭ વર્ષ પૂરાં કરે છે. સંપૂર્ણ હોવાનો દાવો તો દુનિયામાં કોઈ કરી શકે નહિ;—અમે પણ કરતા નથી. પરંતુ નમ્રતાપૂર્વક એટલું કહી શકાય કે ગુજરાતનાં સામયિકોના ઇતિહાસમાં 'કુમારે' પોતાનું આગવું ને અનન્ય વ્યક્તિત્વ વિકસાવ્યું છે, ને આજ સાડત્રીસ વર્ષથી પ્રબોધક અને ચિત્રસમૃદ્ધ વાચનનું પોતાનું એક એવું ધોરણ સ્થાપિત કર્યું (તથા તેને જાળવી રાખ્યું) છે કે જેને હજી કોઈ આંબી શક્યું નથી. સ્થિરતાથી વધ્યે જતી તેની ગ્રાહકસંખ્યા એ તેની સાબિતી છે. જોકે તે હજી સંતોષકારક નથી; કેમકે તેની વિશિષ્ટતાઓને માટે કરવા પડતા ખર્ચને હજી પૂરું પહોંચી વળી શકાતું નથી.

અને તેથી વરસને અંતે વિનતિ

સાથે આપની પાસે આવીએ છીએ: આવતા વર્ષમાં આપ પોતે તો ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ એવી અમને શ્રદ્ધા છે; પરંતુ તે ઉપરાંત આપના કોઈ સ્નેહી, સંબંધી કે મિત્રને ભેટ યા ભલામણ દ્વારા ગ્રાહક તરીકે મેળવી આપશો તો 'કુમાર'ને હજી વિશેષ સમૃદ્ધ તથા કદમાં મોટું કરવાની અમારી હોંશને હૂંફ મળશે.

卐

પાંચ પદ્ધતિઓ

લવાજમ કઈ રીતે મોકલવું તેની પાંચ પદ્ધતિઓ આ સામેના કાર્ડ સાથે સમજાવી છે. અનુભવે સૌ જાણે છે કે

લવાજમ મની ઑર્ડરથી મોકલવું એ સૌથી સલામત, ને ઓછું ખર્ચાળ છે.

અને ચેક બીડો તો બૅંક-કમિશનની રકમ સાથે કુમાર કાર્યાલય લિમિટેડના નામનો બીડશો.

ગ્રાહક નથી રહેવું?

અમને જો ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરી તે મુદ્દો પણ ભરી મોકલશો, કે જેથી અમે વી.પી. કરવાના કોકટ ખર્ચમાં ન ઊતરીએ. એમાં આપને માત્ર થોડી તકલીફ જ છે; પરંતુ અમને નહિતર નવ આનાનો ખર્ચ માથે પડશે.

તો વી.પી. કરીશું

છતાં, કોઈ સંજોગોમાં ૧૫મી જાન્યુઆરી ૧૯૬૧ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો, આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને આવતો અંક વી.પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.

કાર્ડમાં આપનો ગ્રાહકનંબર તો અવશ્ય ભરી મોકલશો આ અંકની કોથળી પર તે આપ્યો છે

વ્યવસ્થાપક 'કુમાર' તા. ....

૧૯૬૧ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. મારું લવાજમ [દેશમાં રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ કે શિ. ૧૭] નીચેની રીતે મોકલું છું.

* મની ઑર્ડરથી * ચેકથી * પોસ્ટલ ઑર્ડરથી

* આપના એજન્ટ દ્વારા * વી. પી.થી મોકલશો


* મારું નામ કમી કરશો.

નામ .... ગ્રા.નં. ....

પૂરું સરનામું ....

ગામ ....

● હા કે ના? આપના નિર્ણય ઉપર આવો ✓ શેરો કરશો.



↑ અહીંથી કાપી અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

સામેના કાર્ડ વિષે સમજૂતી

લવાજમ: દેશમાં રૂા. ૯ (પરદેશમાં શિ. ૧૭) છે. તે મોકલવા માટે

(૧) મની ઑર્ડર કરશો તો ૨૫ પૈસા થશે

(૨) ચેક પણ ૧૫ પૈસામાં બીડી શકશો

(૩) એજન્ટને ૧૯ પૈસા ભરવા પડશે

(૪) પોસ્ટલ ઑર્ડરના ૨૧ પૈસા થશે

(૫) વી.પી.થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ થશે: ૭૫ નયા પૈસા!

જે રીતે મોકલવા હો તે રાખી બાકીની બધી કાર્ડમાં છેકી નાખશો

ચેક મોકલો તો 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામનો મોકલશો

ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરી કાર્ડમાં તે પણ જણાવશો

અને કાર્ડમાં આપનો ગ્રાહક-નંબર તો અવશ્ય ભરી મોકલશો

આ અંકની કોથળી ઉપર તે આપ્યો છે

આ અંકની કોથળી ઉપર આપના ગ્રાહકનંબરને છેડે જો '૬૨'નો આંક હશે તો જ આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હશે. તેમ ન હોય તો આ સાથેનું કાર્ડ <u>બીજા કોઈ પાસે ભરાવી ન</u> મોકલો."